કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૪૮મું · અંક ૩જો

માર્ચ · ૧૯૭૧

સળંગ અંક


૫૬૭

તંત્રી · બચુભાઈ રાવત



દૃઢ પૌરુષ
અને
નવયૌવનની લાવણ્યરેખા





વિસામો બંદરગાહમાં પડેલી અલસ અને અસ્તવ્યસ્ત હોડીઓથી રચાતી ઘાટ અને રૂપની એક પ્રભાવક રચનાનું ત્વરિતરમ્ય દર્શન
ચિત્રકાર: સનત ઠાકર · ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સંગ્રહમાંથી. ગુજરાત રાજ્યના માહિતીખાતાના સૌજન્યથી

સાંકળિયું

માર્ચ ૧૯૭૧ · અંક ૫૬૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા


લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫.





અંતઃસ્રાવી ગ્રંથિઓ (કાયા-કરામત-૩૪)

થાઇરોઇડ ગ્રંથિ શરીરની જ્વલન ક્રિયા ને જીવનં ક્રિયાનું નિયમન કરે છે. સ્વભાવના ઘડતર, હાડકાં ને દાંતના વિકાસ તથા ચામડીના પોત પર તેના સ્રાવનો પ્રભાવ પડે છે. એના વધુકા સ્રાવથી અતિભૂખ, વાચાળતા, માનસિક અશાંતિ, અનિદ્રા ને અતિ પ્રસ્વેદ ને ક્યારેક ગાંડપણ આવે છે.

પેરાથાઇરોઇડ ગ્રંથિઓ થાઇરોડની પાછળ દ્રાક્ષનાં બી જેવડી છે. એના સ્રાવથી લોહીમાં કૅલ્શિયમનું પ્રમાણ તથા જ્ઞાનતંતુઓ ને માંસપેશીઓની કાર્યશક્તિ જળવાય છે. એની ઊણપથી ઠસ્કેરાટ આંચકી-તાણ આવે. ને હાડકાં ગળવા માંડે છે.

થાયમસ ગ્રંથિ જન્મ વખતે છાતીની બખોલ ભરી દે તેવડી પણ યુવાવસ્થા સુધીમાં માત્ર નામશેષ બની જાય છે. એનું કાર્ય સ્પષ્ટપણે જણાયું નથી.



પૅન્ક્રિઆસ (સ્વાદુપિંડ)ગ્રંથિ. એના સ્રાવનું નામ ઇન્સ્યુલિન. જે આહારમાંથી બચેલી ખાંડનું ગ્લાઇકોજેનમાં રૂપાંતર કરીને તેને કલેજા તથા માંસપેશીઓમાં સંઘરે છે. ઇન્સ્યુલિન ઘટતાં લોહીમાં ખાંડનું પ્રમાણ વધી જઈ ડાયાબિટિસ (મધુમેહ) રોગ થાય છે. ઉપરની આકૃતિમાં તેના એ ક્રિયાવિસ્તાર કાળા રંગમાં દર્શાવ્યો છે. પૅન્ક્રિઆસનું બીજું એક કાર્ય પણ છે. જે ઉપર રંગમાં બતાવ્યું છે.) તેમાંથી આંતરડામાં જતા પાચક રસો આહારમાંનાં પ્રોટીનો, કાર્બોહાઇડ્રેટ અને ચરબીને પચાવે છે. આમ પૅન્ક્રિઆસ બેવડી કામગીરી કરે છે.

નકશાને દેશ / ભાનુપ્રસાદ પંડ્યા

· સવૈયા ·

યાદ નથી–તમ ટહુકે અમ ઊઘડતું ભોર હમેશ,
પંખી, અમે વસ્યાં કોઈ નવતર નકશાને દેશ!

જુઓ, બારીસળિયામાં આંકી તરુડાળી સોહંત,
પીછું પણ જો પડે મહીં તો વીણી લેતી ખંત!

તમે આંગણે આળખતાં'તાં ચણ-ખાધાંની લિપિ!
હવે ફરસ પર પાડી દો તો પગલાં ચીપીચીપી!

અહોભાવથી નીડ નીરખતાં! સમય ગયો, પંખાળા!
ક્યાંય ઊંચા તરુવરથી બાંધ્યા અમે ઈંટના માળા!

વેળ-કવેળાના રેખા ના સાચવતી તમ લવલવ,
તહેનાતોમાં અહીં અમારે પેટીપૂર્યા કલરવ!

આપણે જે આંકેલું, માપેલું નગરજીવન જીવી રહ્યા છીએ તે ભાવ પંખીને સંબોધન કરીને દર્શાવેલું કટાક્ષકાવ્ય.

પાડવા જઇએ ઓળો / ધીરુ પરીખ

· ગાન ·

ચાલને ખેતર પાડવા જઇએ ઓળો.

ગાડે ચઢી ગોટે વીંટી પાછળ મેલ્યું ગામ,
આગળ ઝૂલે પોપટા મહીં ચાસ ભર્યો મુકામ;
છૂટ્યા શેઢે ઘૂઘરા હવે મૌન લીલામાં લ્યો ઝબોળો:
ચાલને ખેતર પાડવા જઈએ ઓળો.

હાથેક ઊંચા છોડવા ખેંચી ખેતર બાથમાં લીધાં,
તડતડાટે આગમાં પાક્યાં હેતને આપણ પીધાં,
ગળચટા સંગાથની ઝીલો સ્વાદમાં છૂપી છોળો;
ચાલને ખેતર પાડવા જઈએ ઓળો.

મને બોલાવે છે / મનહર તળપદા

· શિખરિણી ·

મને બોલાવે છે અનહદ તણાં નીલ ગગનો,
ભૂરી ચલ્લીઓની નમણી નમણી પાંખ મહીંથી
અજાણ્યા દેશોનાં સળવળી જતાં રૂપ, નીરવ
બપોરો કેરું કો' સુગરી–નીડનું મૌન અલસી.

મને બોલાવે છે વનવન પડ્યાં ફૂલપગલાં,
ધરાની ભીનેરી નરવી નરવી ગંધ, ખરીથી
ગમાણે વેરાતી લીલીછમ બધી સીમ, નયણે
હજુ યે ઘૂંટાતી ગુચપુચભરી રાત...

મને બોલાવે છે
દિશાઓ ચોમેરે સતત રવના રહાડ થઈને,
સમુદ્રોની નીચે મૃત થઈ ગએલાં નગર સૌ,
અને 'ખીખી ખીખી' હસી પડત ખંડેર વસતાં
મહેલોનાં ભૂતો...

વિવિધ દૃગિતોથી પ્રકૃતિનાં જુદાંજુદાં સ્વરૂપો-સ્થાનો ચિત્ત ખેંચી રહ્યાં છે તેનું લાગણીસભર નિરૂપણ.

તમે ગયાં તે દિ'થી.... / નિરંજન યાજ્ઞિક

· કટાવ ·

તમે ગયાં તે દિ' થી
ઘરમાં ટળવળતું એકાંત
રાતના સોડ્યે મારી લપાઈ જઇને
દિ' આખાની વાતો કે' છે:
વાત–ફૂલની ચાદરમાં ગૂંથાય
તમારી યાદ નામનું ફૂલ!

તમે ગયાં તે દિ' થી
મેડી પરની ખાટ ખટકવું છોડી
કડા–નાટને સાંભરણાં જૂનાં કૈં કે'છે:
સાંભરણાંમાં આખો દિ' બસ
પાલવની વાતો લહેરાતી જાય!

તમે ગયાં તે દિ'થી
મૂંગીમંતર ઝાંઝરની ઘૂઘરીઓ
એકબીજીની આંખો લૂછે,
આંખ્યુંમાં મેંદીરંગી પેની અંકાતી જાય!

તમે ગયાં તે દિ'થી
તમારા અભાવ નામની નદી
નીકળી ફળિયામાંથી એ જ, જહીંથી
ચાર ચાર ખંભા પર બેસી
તમે ગયાં છો, ઉગમણે, પાદર થાવાને!

બે લઘુ કાવ્યો

આઝમ કરીમી

(૧)

ઠળિયાની જેમ
અમે ફેંકાયા,
તો ય
તારા આંગણામાં
ઊગવાના કોડ.

(૨)

મારા તે હાથ નહિ
હાથલિયા થોર,
તમે ચાહો તો
ફૂલ બની મ્હેકે.

હાઇકુ

'સલિલ'

ઝાકળ ચૂમે
પરોઢનું વદન
તડકો લાલ!

સાફલ્ય / મુકુન્દરાય વિ. પારાશર્ય

· શાર્દૂલ-સૉનેટ ·

'લીલા ગોકુળમાં કરી, ખલ હણ્યા ને ભાર ભૂનો હર્યો,
સાધ્યો પાંડવપક્ષ સારથિ થઈ ગાન્ડીવધન્વા તણો,
તાર્યા સાત્ત્વિક રંક ભક્તગણને ને ધર્મ રક્ષી લીધો,
અન્તે છું કૃતકૃત્ય શ્રેય સુવિધ પ્રત્યેકનું સાધતો.'

આ રીતે વ્યવહારની સફલતા અંશાંશમાં પ્રેખતા,
છોડી એકલ ગાંગતીર રથને યુદ્ધાન્તમાં પાર્થના
થાક્યા અશ્વ ધમારતાં જળ વિષે સન્ધ્યાતણા રંગમાં
છાયા પાંડુર જોઈ સંભ્રમ થયો: 'છે ધેનુ હ્યાં પાસમાં
પીતી યામુનનીર વેણુ સુણતી વૃન્દાવને નિર્મળાં;
તેની ઓથ લઈ તજી સકલને તન્દ્રા સમી શાન્તિમાં
મૂંગી પ્રાણ સમર્પણે ઉમળકે આશાભરી એકલી
રાધા આતુર રાહમાં નીરખતી શું નિર્નિમેષે હજી!'

આવા સંભ્રમમાં શક્યાં ન નયનો ભીનાં થતાં ઊંચકી
એકાન્તે પ્રણયાર્તિમાં સ્મરણના દ્વન્દ્વે સર્યા શ્રીહરિ.

નસીબમાં નથી?

ખુશવંતસિંહ



વેદ મહેતા

'મેં મહેનત તો બહુયે કરી, પણ નસીબમાં નહોતું તે ક્યાંથી પામું?'... 'મારા નસીબમાં નથી, બીજું શું?' આવાં વાકયો આપણે અવારનવાર સાંભળતા હોઈએ છીએ.

શું એ ખરું છે? 'નસીબમાં ન હોય એટલા માટે જ શું આપણું કાર્ય પાર ન પડે?'

ઇંગ્લંડના એક નાના સરખા રેલવે સ્ટેશન પર કામ કરતા એક મજૂરની વાત છે. બિલ કિનાન એનું નામ. માત્ર ૨૪ વર્ષનો. માનશો? લંડન યુનિવર્સિટીની વિજ્ઞાન-સ્નાતકની પરીક્ષામાં બેઠેલા ૬૦૦ વિદ્યાર્થીઓમાંથી પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થનાર એ એકલો જ હતો! અને જ્યારે તેને, પોતે પહેલા વર્ગમાં આવ્યો હોવાના ખબર મળ્યા ત્યારે એ સ્ટેશન પર ફળની પેટીઓ ગાડીમાં ચડાવતો હતો! પૂછતાં માલૂમ પડયું કે ત્રણ વરસ સુધી એણે દિવસે મકાન-બાંધકામોમાં મજૂરી કરીને અને સાંજે વર્ગો ભરતા રહી રાત્રે અભ્યાસ કરવામાં જે અવિશ્રાંત પરિશ્રમ ખેડયો તેનું જ આ પરિણામ હતું. રેલવે-મજૂરમાંથી લેસ્ટર યુનિવર્સિટીમાં અધ્યાપક બની ગએલા એ બિલ કિનાન પર કોણ વરસી ગયું હતું? નસીબ?—ના, પરસેવો.

ક્રિસ્ટી બ્રાઉન નામના એક આઇરિશની આત્મકથાત્મક નવલ હમણાં બહાર પડી છે. બાવીસ બાળકોવાળા એક મુફલિસ મજૂરનું એ સંતાન. બાપ દારૂડિયો ને જુલમી. મા ધીરજનો અવતાર. ક્રિસ્ટી કેવળ ડાબા પગનાં આંગળાં સિવાય હાથે પગે તદ્દન અપંગ. લાકડાના ખોખાને પૈડાં લગાડીને કરેલી ગાડીમાં આમતેમ ધકેલાતાં એણે જગત ને જીવન જે જોયાં તેનું નિરૂપણ એ ડાબા પગનાં આંગળાંથી ટાઇપ કરીને પ્રકાશકને મોકલ્યું. નર્યું ગદ્યકાવ્ય જોઈ લો! એ પુસ્તકના વેચાણનો આજે તડાકો પડે છે. લાકડાની ઠેલણગાડીમાં ધકેલાતા એ અપંગ છોકરા પર આજ વરસી રહેલી સેંકડો પાઉન્ડની આવક કોણે વરસાવી? એ પંગુતાને પરાજિત કરનારા તેના પુરુષાર્થે.



ક્રિસ્ટી બ્રાઉન

દૂર ક્યાં જઈએ? ઘર-આંગણાની જ વાત. ત્રણ વર્ષની વયે આંખો ખોઈ બેઠેલા અપણા વેદ મહેતા અંધશાળામાં ભણી અમેરિકા ગયા; ને ત્યાંથી ઑક્સફર્ડ. એ યુનિવર્સિટીના એના ઉત્તરપત્રો સર્વશ્રેષ્ઠ હતા. છતાં ચક્ષુહીન હોવા છતાં એમણે કેટલાંક પુસ્તકો લખ્યાં છે, અને આજે અમેરિકાના ઉચ્ચોચ્ચ સામયિક 'ન્યૂયૉર્કર'ના તંત્રીખાતામાં કામ કરે છે.– કદાચ, ભારતના એ સૌથી વધુ આવક ધરાવનાર પત્રકાર-લેખક છે. એ અપંગ વેદ મહેતા પર સરસ્વતી-લક્ષ્મીની આ પ્રસાદ-વર્ષા આપમેળે વરસી પડી હશે શું?

કીનન, ક્રિસ્ટી ને વેદ. એ ત્રણેના નસીબમાં લખ્યું હતું આ બધું? નહિ જ પણ. પ્રારબ્ધને રોતા બેસી ન રહેતાં એમણે પુરુષાર્થ ખેડયો ને પ્રારબ્ધે હારીને હાથ હેઠા મેલ્યા.

વારુ, શારીરિક ખોડવાળી કે સંજોગાધીન પરવશ કોઈ વ્યક્તિ આવું અભૂતપૂર્વ કરી બતાવે ને એની પ્રશંસા થાય તે સ્વાભાવિક છે, પણ સામાન્ય સંજોગોમાં, સામાન્ય માણસ, ભલે આવું અસાધારણ નહિ પણ જે પ્રશસ્ય જીવન જોગવી બતાવે છે તે જાહેરમાં આવે છે. છતાં તે અભિવાદનને પાત્ર હોય છે.

મધ્ય પ્રદેશમાં એક જઇફ શીખ મને મળેલો. તેણે પોતાની ટ્રક વેચી નાખીને ડાકુઓથી ભરચક પ્રદેશ વચ્ચે એક ખરાબાની જમીન ખરીદી ને એકલપંડે પુરુષાર્થ ખેડી ટ્યૂબવેલ નાખી એ ઊસર જમીનને શેરડીનાં લીલાં લહેરાતાં ખેતરોમાં ફેરવી દીધી છે. બે વર્ષની કાળજાતૂટ મહેનતને અંતે આજ તે પોતાનાં સંતાનોને કૉલેજનું શિક્ષણ લેતાં કરી શક્યો છે.

હરિયાણાની એક ૬૦ વર્ષની વૃદ્ધાએ પોતાની સમવયસ્ક કામવાળીના સાથમાં એક મામૂલી મરચાં-ડુંગળીનો વાડો શરૂ કર્યો અને જાતમહેનત ઝિંદાબાદ કરીને આજ ચાર આંકડાની રકમો કમાતી થઈ ગઈ છે. મદ્રાસમાં મને મળેલો એક અદનો ખેડૂત આંગળીને વેઢે ગણાય એટલાં વીઘાં જમીનમાં કેળાંની બે ડઝનથીયે વધુ જાતોનો મબલખ પાક લેતો થઈને એક જમીનદારના ઠાઠથી આજે રહે છે.

આવા તો હજારો દાખલા પડ્યા હશે, જે આમ, બોદલેરે બતાવેલો પેલો કીમિયો અજમાવીને, ગરીબી માંદગી કે દુઃખને ઘોળી પી જઈ ને જીવનનો જય માણતા થયા હશે. એ કીમિયો છે: પુરુષાર્થપ્રિયતા, જહેમત ખેડવાનું ઝનૂન.

પણ બીજી બાજુ આજ હું જોઉં છું તો સેંકડો શિક્ષિત યુવાનો, રેસ્ટોરાંઓમાં બેઠાબેઠા પોતાને 'તક ન મળતી હોવા'ના બબડાટ કરતા, ઉપરાઉપર નાનાંમોટાં પીણાંઓમાં પોતાની નિરાશાને ડુબાડવાના મિથ્યા પ્રયત્નો કરતા હોય છે; પણ એમને એ નથી સૂઝતું કે દુઃખ ભૂલવાના જે બે કીમિયા માણસ અજમાવે છે-પીણું ને પરિશ્રમ-એમાં પરિશ્રમ જ સરવાળે સસ્તો છે.

જોકે આમ, ઘડીએ ને પળે, કામ, કામ ને કામનો બોધ આપ્યા કરવો એ કંટાળાજનક છે, પણ આપણા જુવાનોને બીજી કઈ રીતે સમજાવવું કે જેમ રાત પછી દિવસ એમ શ્રમખેડ પછી સુખ આવ્યા વિના હરગીઝ રહેતું નથી.

આપણે પરાપૂર્વથી એમ જ માનતા આવ્યા છીએ કે લોટરીમાં લાગતી ટિકિટની જેમ કર્મ અને કિસ્મતના જોરે જ માણસના નસીબ આડેનું પાંદડું ફરતું હોય છે. પણ એ તરકટી જૂઠ છે. વિજ્ઞાનના જાદુગર એડિસને લખ્યું છે કે મારી કોઈ પણ શોધ અકસ્માત નથી થઈ. તે 'સતત કામ'થી જ પાર ઊતરી છે. એ જ રીતે મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને પોતાને મળેલી સફળતા વિષે કહ્યું હતું કે નિરપેક્ષ અને અવિરત ખંતથી જ મને એ મળી છે.' અને એણે જીવન સાફલ્ય માટે નીચેનું સૂત્ર પ્રબોધ્યું હતું:

જો સફળતા = अ હોય
તો अ = व + क + ड
એમાં व = કામ અને
क = રમતગમત,

અને ड બરાબર શું?

એ પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું: 'મૌન.'

('ઇલસ્ટ્રેટેડ વીકલી'માંથી)

રંક કુટુંબમાં જન્મી સ્વ-પ્રયત્ને રિદ્ધિ રળનાર...ધૂળી નિશાળમાંથી નીકળી સંસારની શાળામાં સ્વાશ્રય તથા સહનશીલતાના પાઠ ભણનાર અને ભણાવનાર....નવયુગના આદ્ય અંજલિધર અને સુધારાના શાણા શિક્ષક...લોકહિતચિંતક કવિ તથા પ્રજાસેવક સંસારપુરુષ : મનુષ્યરત્ન

કવિ દલપતરામ

વઢવાણથી ઝોળામાં સાથવો લઈને નીકળ્યા ત્યારથી તે અમદાવાદમાં સ્વપ્રયત્ને ઊભી કરેલી કવીશ્વરની હવેલીમાં સિદ્ધિ સન્મુખ શ્વાસ છોડ્યો ત્યાં સુધીની એમના જીવનની આખી યે પરિશ્રમકથા સર્વકાળે સર્વજનને પ્રેરણાદાયી છે.

વિટંબણાઓને વાગોળી વાગોળી એમણે સિદ્ધિનું સત્ત્વ પ્રાપ્ત કર્યું હતું. પ્રતિકૂળ વાતાવરણને વશ થયા વગર એમણે જીવનધ્યેય માટે અવિરત જુદ્ધ આપ્યું હતું. નૈસર્ગિક શક્તિઓને પ્રભુશ્રદ્ધા અને આત્મપુરુષાર્થથી એમણે જીવનસિદ્ધિનાં શિખરો સર કરવાનાં કામે વાળી હતી. અલ્પ ને અપરિષ્કૃત સાધનસામગ્રીનો એમણે વિકાસયાત્રામાં પાથેય તરીકે સફળતાથી ઉપયોગ કરી બતાવ્યો હતો. દલપતરામનું જીવન એટલે જ શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન.

ધીરુભાઈ પરીખ



કવિ દલપતરામ

'શું જોશો તનની છબી? એમાં નથી નવાઈ;
નિરખો મુજ મનની છબી, ભલા: પરીક્ષક ભાઈ!'

સુશોભિત ખુરશીમાં પ્રભાવશાળી દલપત-દેહ સ્વસ્થતાથી બિરાજ્યો છે. ધવલવર્ણી અમદાવાદી પાઘડી, વિશાળ ભાલમાં સ્વામીનારાયણીય ઊર્ધ્વપુંડ, ગાઢ ભમરો નીચે મધ્યમ કદની સંકલ્પબળ અને માર્દવ નીતરતી આંખો—જેમાં જમણું પોપચું ભારે, અણીદાર અને સહેજ પહોળી નાસિકા, લાંબી અને ઢળતી શ્વેત મૂછો, દૃઢતાની છાપ ઊભી કરતા હોઠ ને હડપચી, દરબારી ઢબનું લાંબું અંગરખું, ઉપર કોર ભરેલી શાલ, વક્ષઃસ્થલે ડાબી તરફ ઝૂલતો સી. આઈ. ઈ.નો માનચાંદ, ડાબા હાથમાં પિત્તળની મૂઠવાળી શ્યામ સીસમની પ્રખ્યાત લાકડી અને ગુલાબદાનીથી શોભતા મેજ પર ટેકવેલો જમણો હાથ : આ છે દલપતરામની, છેક ઉત્તર વયની, ઇલેલાલ દરબારે લેવડાવેલી ને ખૂબ જ પ્રસિદ્ધ થએલી, એમના આંતરવ્યક્તિત્વની દ્યુતિ પ્રગટાવનાર તન-છબી. પરંતુ એમનો તો મહિમા હતો મનની છબીનો. એમનું સમગ્ર જીવન ને કવન એમના મનની છબીને યથાર્થ રીતે ઊપસાવી આપે છે.

એમના જન્મનું આ ૧૫૧મું જયંતી વર્ષ છે
અને એમના અવસાનને આ મહિને ૭૩ વર્ષ થયાં.

આ મહાપુરુષનો જન્મ ઈ. ૧૮૨૦ના જાન્યુઆરીની ૨૪મી તારીખે વઢવાણમાં થએલો. પિતા ડાહ્યાભાઈ ત્ર્યંબક વેદિયા ચુસ્ત અગ્નિહોત્રી સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ. કર્મકાણ્ડથી આજીવિકા રળી લેનાર આ રંક પણ સંતુષ્ટ ડાહ્યા વેદિયા વેદવિદ્યાના અનન્ય ઉપાસક હતા. વૈદિક અગ્નિની ઘર-આંગણે એમણે સ્થાપના કરેલી. જેકોર અને રળિયાત એમ બે દીકરીઓ પર પુત્ર દલપતનો જન્મ થએલો એટલે પિતાનું એમના પર અઢળક વહાલ હતું. વંશપરંપરાનો વૈદિક વારસો પુત્ર દલપતને સોંપવા એઓ ઉત્સુક હતા. આથી જ એઓ સંસ્કાર સિંચન અને શિસ્તપાલનનો અત્યાગ્રહ રાખતા. પુત્રને એમણે વેદ સમજાવ્યા. સંહિતા ભણાવી, વૈદિક ક્રિયમાણ પણ શીખવ્યું. સંસ્કૃતના પાયા અહીં મંડાયા, આમ પિતા એમના પ્રથમ ગુરુ અને જીવનશિલ્પી.

માતા અમૃતબા વાત્સલ્યમૂર્તિ હતાં. ક્રોધાંધ પતિની મારઝૂડી આડે અમૃતબા હમેશાં બાલ દલપતની ઢાલ બનતાં. દલપત-જીવનમાં એમણે ખરેખર અમૃત સિંચ્યું હતું. આવા સંસ્કારી અને ધર્મનિષ્ઠ પરિવારમાં પ્રગટેલ દલપતને છ વર્ષની નાની વયે જ પિતાની જેમ વેદોચ્ચાર કરવાના કોડ જાગ્યા. એ માટે રઢ લીધી. પણ શુદ્ધ વેદાંતી ડાહ્યાભાઈ, ઉપવિત વગરના પુત્રને કઈ રીતે વેદ ભણાવે? એટલે વેદોચ્ચાર ઢબના બનાવટી શ્લોકો ડાહ્યાભાઈ રચે અને પુત્રની રઢને સંતોષવાનો પ્રયાસ કરે. પણ ચતુર બાળક પિતાની આ ચાલાકી સમજી જતો. (પિતાની આ પદ્યશક્તિ દલપતમાં પ્રગટી ને 'કવીશ્વર' બનતાં કવિત્વમાં એ કોળી હતી.)

અંતે પિતાએ પુત્રનો ઉપવિતસંસ્કાર કર્યો ને વેદાધ્યાપન આરંભ્યું. પરંતુ એ પહેલાં દલપતે બે-અઢી વર્ષમાં પ્રભુરામ પંડ્યાની દોઢળી ધૂડી નિશાળમાં દેવનાગરી કક્કો અને થોડા હિસાબકિતાબ શીખી લીધા હતા. ઉપરાંત પ્રભુરામ પંડ્યા પાસે ચંડીપાઠ અને દામોદર જાની પાસે જ્યો-



કવિ દલપતરામ મધ્ય વયે

તિષગ્રંથ પણ એ ભણતો. અનધ્યયનને દિવસે જૈન મિત્રોની સોબતમાં શામળની વાર્તાઓનું વાચન થતું. કવિ દલપતરામની સામાજિક સભાનતાનાં મૂળ અહીં શોધી શકાય. ગામઠી નિશાળમાં થોડું ભણ્યા નાભણ્યા ત્યાં તો નિશાળની ડેલીએ તાળાં દેવાયાં અને શાળાનું શિક્ષણ અટક્યું તે અટક્યું. ત્યાર પછી દલપતરામે કદાપિ કોઈ શાળામાં પગ મૂક્યો નથી.

ઉપવિત સંસ્કાર થઈ ગયો એટલે વેદાધ્યયનના કોડ પિતા પાસે પૂરા કરવાની મનમાની ઘડી આવી પહોંચી. ત્રણ વર્ષ પિતા પાસે વેદાધ્યયન કર્યું, પણ પિતાના કડપથી એ મુક્ત પ્રકૃતિનો કિશોર કંટાળી ગયો. વેદોચ્ચારની સ્હેજ ક્ષતિ બદલ શુદ્ધોચ્ચારના અત્યાગ્રહી ઉગ્ર પિતા પુત્રને વારંવાર ફટકારતા. એક વાર તો છૂટું તરભાણું એવું તો મારેલું કે દલપતરામના હાથનો અંગૂઠો આજન્મ ખોડવાળો રહી ગયો. મોટી ઉમ્મરે દલપતરામ કહેતા: 'પિતાના જમણા હાથના મારથી ડાબા ખભા હજી દુખે છે.'

પિતાના આવા મારથી ત્રાસી જઈ અંતે એક દી' કિશોર દલપત ગૃહત્યાગ કરી કાશીએ ભણવા જવા નીકળ્યો. માર્ગમાં કોઈ સાધુએ આ અનાથ બાળકને ચેલો મૂડવાના આશયથી ભોળવી લીધા. પરંતુ ધોળકામાં એક બ્રાહ્મણે એને બચાવ્યો. અંતે મામા પ્રેમાનંદ ભાણેજને સમજાવી પટાવીને તેડી લાવ્યા. દલપતરામને આ મોસાળવાસ ઘણો જ ઉપકારક થઈ પડ્યો. એમની જીવનદિશા અહીંથી બદલાઈ. માતા અમૃતબા પણ પતિગૃહ છોડી પિયરવાસી બન્યાં. મોસાળમાં ભાણેજે સંસ્કૃત અને જ્યોતિષનો અભ્યાસ ચાલુ રાખ્યો. મામાની સ્નેહહૂંફે ગરીબાઈના દોહ્યલા દિવસો પણ એમને સોહ્યલા લાગવા માંડ્યા. તેર વર્ષની ઉંમરે પ્રેમાનંદમામાએ દલપતરામનું મૂળીબાઈ સાથે લગ્ન કરાવ્યું; પરંતુ નારાજ થએલા દુરાગ્રહી પિતાએ આ વ્હાલસોયા પુત્રના લગ્નમાં હાજરી ન આપી તે ન જ આપી.

દલપતરામની ધર્મજિજ્ઞાસા હવે વધતી જતી હતી. આઠ વર્ષની ઉમરે એક વાર મામા સાથે ગઢપુર (ગઢડા)માં પરમ પુરુષ સહજાનંદ સ્વામીનું પવિત્ર દર્શન કર્યું હતું ત્યારથી એ સંપ્રદાય પ્રતિ આકર્ષણ તો જન્મ્યું જ હતું. એવામાં ૧૪ વર્ષની વયે મૂળીમાં ભૂમાનંદ સ્વામીને મળવાનો યોગ આવી ઊભો. એટલી નાની વયે પણ ધર્મજિજ્ઞાસુ દલપતરામે સ્વામી પાસે પોતે તૈયાર કરેલી પાંચ સંશયની પ્રશ્નાવલિ રજૂ કરી: ૧) ઇશ્વરને અવતાર ધરવાનું કારણ શું હોય? ૨) વગર અવતાર ધર્યે તે પોતાનું કાર્ય ન કરી શકે? ૩) કળિયુગમાં અવતાર થાય જ નહિ? ૪) અમારાં આગળનાં ધર્મશાસ્ત્રો શું ખોટાં છે? ૫) તે પ્રમાણે ચાલ્યે અમારું કલ્યાણ ન થાય? ભૂમાનંદ સ્વામીએ આ સંશયાવલિનો સંતોષકારક જવાબ આપ્યો અને એથી પ્રભાવિત થઈ દલપતરામે સ્વામીનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો. શુદ્ધ વેદાંતી પિતાને આ કેમ રુચે? આ ધર્મપલટાથી પુત્ર કોઈ મુસલમાન થઈ ગયો હોય એટલો આઘાત પિતાને લાગ્યો. પરિણામે એમણે ગૃહત્યાગ કરી સંન્યાસ લીધો અને માધવાનંદ નામ ધારણ કરી શેષ આયુ સાધુ તરીકે ગાળ્યું.

આ તરફ દલપતરામે ૧૪ થી ૨૧ વર્ષનો ગાળો મૂળીના સ્વામીનારાયણ મંદિરમાં કાવ્યજ્ઞ દેવાનંદ સ્વામી પાસે પિંગળાદિનું શિક્ષણ લેવામાં ગાળ્યો. વ્રજ ભાષામાં કાવ્યશાસ્ત્રનો વ્યવસ્થિત પરિચય કેળવ્યો. એ અભ્યાસે એમની નિસર્ગદત્ત કવિત્વશક્તિને ફોરાવી. એમની એ કવિત્વશક્તિથી આકર્ષાઈ સાધુ અયોધ્યાપ્રસાદે એમના કુટુંબના ભરણપોષણનું ખર્ચ ઉપાડી લઈ એમને અમદાવાદના સ્વામીનારાયણ મંદિરમાં સંસ્કૃત ભણવા મોકલ્યા. આમ પ્રથમ કાવ્યગુરુ દેવાનંદ પાસે કાવ્યદીક્ષિત થઈ દલપતરામ સંસ્કૃતશિક્ષિત થવા પહેલી વાર અમદાવાદ આવ્યા. ત્યાં મંદિરમાં રહી, મંદિરના કોઠારથી આવતું સીધું જાતે રાંધી ખાઈ વિદ્યા સાધી અને એમના એ પરિશ્રમે, ઉત્સાહે અને સાહસે રંકતાને ભાવિ રિદ્ધિ તરફ વાળી. (પાછળથી ઠરીને ઠામ થએલા દલપતરામ મંદિર-મહંતનો આ ઉપકાર કદાપિ ભૂલ્યા નહોતા. ત્યાંના વિદ્યાર્થીઓને એ યથાશક્તિ સહાય કરતા.) એ વર્ષ હતું ઇ. ૧૮૪૫નું. ભોળાનાથ સારાભાઈ ત્યારે એમની પાસે પિંગળપાઠ શીખતા.

બે વર્ષ વિદ્યાનું વિત્ત જીવનઝોળીમાં ભરીને ભાવિ કારકિર્દીનાં અસ્પષ્ટ અરમાનો સાથે ઈ. ૧૮૪૭માં દલપતરામે માદરે વતન વર્ધમાનપુરી (વઢવાણ)માં પાછા ફર્યા. પાંખો ફફડાવતી મહત્ત્વાકાંક્ષા કોઈ વ્યવસાયનું વિશાળ વ્યોમ ખોજતી હતી. લીમડીમાં એ વખતે મોટી નાત થવાની હતી તેની કંકોત્રી વહેંચવા તે ધોળકા, અમદાવાદ, સોજિત્રા, ખંભાત, ભરૂચ, વડોદરા, ઉમરેઠ, વડતાલ વગેરે સ્થળોએ પગપાળા ફર્યા. આ પ્રવાસના બે લાભ થયા: એક, ગુજરાત જોયું–જાણ્યું; બીજો રૂપિયા પચાસનું વેતન મળ્યું. દરમિયાન કચ્છયાત્રાના પ્રવાસમાંથી પણ રૂપિયા ૨૦૦ કમાયા. આ અઢીસો રૂપિયામાંથી એમણે દેવું ભરી ઋણમુક્તિનો છુટકારો અનુભવ્યો. અને ગરીબી સામે ઝૂઝીને પુરુષાર્થે ખેડી કરેલી એ ઋણમુક્તિના આનંદમાં એમની પ્રામાણિકતા અને શુભનિષ્ઠાનું પ્રાબલ્ય ઝળક્યા વગર રહેતું નથી. દેવું ભરપાઈ કરતાં રૂપિયા પંદર વધેલા તેનાથી એમણે ધીરધારનો ધંધો શરૂ તો કર્યો, પણ ફાવ્યા નહિ. છતાં ય ખાધા વિના જીવનમાં સ્થિર થવા માટેની મથામણ કરતા જ રહ્યા.

—અને ત્યાં જ ભાગ્યચક્ર ફર્યું. અમદાવાદથી ઇજન આવ્યું. ત્યાંના કલેક્ટર કિન્લૉક ફૉર્બ્સ ગુજરાતનો ઇતિહાસ જાણવાને આતુર હતા અને એમણે કેટલાંક સાધનો એકઠાં કરેલાં. તેના સંકલન-સંપાદન માટે તે યોગ્ય વ્યક્તિની શોધમાં હતા. એમણે ભોળાનાથ સારાભાઈની ભલામણથી દલપતરામને તેડવા વઢવાણ મુકામે ખેપિયો મોકલ્યો. ભોળાનાથભાઈનું આ ઇંગિત ગુરુની ઋણમુક્તિ સાથેસાથે ગુજરાતના નવસંસ્કારોદયનું શુભ ચિહ્ન પણ બની રહ્યું. માનવઝવેરી ફાર્બસે તો તરત દલપતડિયાનું હીર પારખી એનો ગુજરાતના નવસર્જનમાં વિનિયોગ કર્યો. દલ-

પતરામનું વય ત્યારે અઠ્ઠાવીસનું અને એ વર્ષ તે ઈ. ૧૮૪૮નું. ફાર્બસે પૂછ્યું : 'પગાર શું લેશો?' દલપતે જવાબ આપ્યો : 'સવાસોએક આપો તો ઠીક.' ફાર્બસ હેબતાઈ ગયા; કારણ કે એઓ આ 'માસિક' પગાર સમજ્યા હતા. એમણે તો માસિક રૂપિયા ૨૦ આપવાની વાત કરી. દલપતરામ હરખાઈ ગયા; કારણ કે એમની 'વાર્ષિક' આવક પોતાની ધારણા કરતાં વધી ગઈ! સોદો પતી ગયો. ફાર્બસ-દલપત શેઠ-સેવક બ-ય.


પણ થોડા જ સમયમાં ગુણજ્ઞ ફાર્બસ શેઠ મટી શિષ્ય થયા અને સેવક દલપતરામને સાંદીપનિપદે સ્થાપ્યા. ગુરુ હવે શિષ્યને કાવ્યો શીખવે અને ઇતિહાસ-સંસ્કૃતિનાં અર્થઘટનો કરે. ગુજરાતની 'રાસમાળા' રચવાનાં મનોરથો ફાર્બસ-હૈયે ઊછળતાં હતાં. એ મનોરથને મૂર્તિમંત કરવા દલપતરામે બીડું ઝડપ્યું. સમગ્ર ગુજરાતનો પ્રવાસ કરી એમણે 'પ્રબન્ધચિન્તામણિ', 'શ્રીમાળનો રાસ', 'શ્રીમાળ પુરાણ', 'રત્નમાળ', 'પૃથુરાજરાસો', 'દ્વયાશ્રય' આદિ ગ્રંથો સંગૃહીત કરવા માંડ્યા. એમની વચ્ચેનો ગુરુશિષ્ય ભાવ હવે મૈત્રીભાવમાં પરિણમવા લાગ્યો. ફાર્બસની પ્રેરણાથી, ગુજરાતમાં શિક્ષણ અને સાહિત્યના પ્રચાર અર્થે તથા ગુજરાતી ભાષાના ઉત્કર્ષ અર્થે ઈ. ૧૮૪૮માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટી' (હાલની ગુજરાત વિદ્યાસભા)ની સ્થાપના થઈ. એમાં પણ દલપત-દેણગી ઓછી નહોતી. ઈ. ૧૮૪૯માં સોસાએટીએ પુસ્તકાલય શરૂ કર્યું, એપ્રિલ ૧૮૪૯માં 'વર્તમાન' નામે સૌપ્રથમ ગુજરાતી સાપ્તાહિક પત્ર શરૂ કર્યું. જૂન ૧૮૪૯માં નવયુગના પ્રથમ ગ્રંથ-પ્રકાશનની જાહેર ખબર છપાઈ, જુલાઈ ૧૮૪૯માં કન્યાશાળા શરૂ થઈ. ફાર્બસપ્રેરી સોસાએટી મહોરવા લાગી. નેપથ્યમાં રહી દલપતરામ એને પુરુષાર્થનાં જળસિંચન કરતા રહ્યા.

દલપતરામ હવે તો ફાર્બસની છાયા જેવા બની ગયા. જ્યાંજ્યાં ફાર્બસ ત્યાંત્યાં દલપતરામ. ઈ. ૧૮૫૦માં ફાર્બસની સૂરતમાં બદલી થતાં દલપતરામ પણ ત્યાં ગયા. સૂરતને દલપતરામે ઘણુંઘણું આપ્યું. ફાર્બસે સ્થાપેલી ઍન્ડ્રુસ લાયબ્રેરી માટે પૈસા ઉઘરાવવા દલપતરામે ભાષણો આપ્યાં. સૂરતને નવકવિતાનો પ્રથમ રસચટકો લગાડનાર પણ દલપતરામ. સવા વર્ષના પોતાના સૂરતવાસ દરમિયાન એમણે સૂરતને ઘેલું કર્યું. ઉપરાંત ફાર્બસ સાથે એ મુંબાઈ, ભાવનગર, વીરમગામ, પાટડી, બજાણા, લખતર, લીમડી, ધંધુકા, ઘોઘા, પાલીતાણા, મોઢેરા, અંબાજી, ઈડર વગેરે સ્થળોએ પણ ફર્યા, અને જ્યાંજ્યાં ગયા ત્યાંત્યાં પોતાની કવિત્વશક્તિ ને વક્તૃત્વછટાથી સૌને સ્તબ્ધ કરી દીધા. ભાવનગર, ઈડર, ધ્રાંગધ્રા વગેરે રાજ્યોએ તો એમને વર્ષાસન બાંધી આપી શાલપાઘથી નવાજેલા પણ ખરા.

એવામાં ઈ. ૧૮૫૩માં ફાર્બસે ત્રણ વર્ષની રજા પર સ્વદેશ જવાનો નિર્ધાર કર્યો. એટલે દલપતરામને તેઓ માસિક રૂપિયા ૨૫ની ફોજદારી કારકુનની સરકારી નોકરી મહીકાંઠામાં અપાવતા ગયા. ત્યાં પણ દલપતરામે પોતાની નિષ્ઠા, આવડત અને પરિશ્રમથી ઉપરી-અધિકારીનાં મન જીતી લીધાં. કારકુનમાંથી સરકારકુન તરીકે એમની બઢતી થઈ. હજી પણ આગળ બઢતી થવાની જ હતી ત્યાં કસોટીની ઘડી આવીને ઊભી રહી.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનું પુસ્તકાલય બંધ કરવું પડે એવા સંજોગો ઊભા થયા. વળી 'બુદ્ધિપ્રકાશ' મંદ પડી ગયું હતું, એને માટે સારા અને સ્થાયી તંત્રીની પણ જરૂર હતી. એટલે તે વખતના સોસાએટીના મંત્રી કર્ટિસે સોસાએટીમાં જોડાઈ જવા દલપતરામને લખ્યું. દલપતરામે નામરજી બતાવી એટલે નિરાશ થએલા કર્ટિસે ફાર્બસને પત્ર લખ્યો કે તમે દલપતરામને સમજાવો. ફાર્બસનું વેણ દલપતરામ કદી ઉથાપતા નહિ. જેવો દલપતરામને સમજાવતો ફાર્બસનો પત્ર આવ્યો કે લાગલા જ એમણે સોસાએટીમાં જોડાઈ જવાનો દૃઢ નિશ્ચય કરી લીધો : 'સ્વદેશનું શુભ ચાહીને આવીશ અમદાવાદ.'

અને ૧૮૫૫ની ૧લી જૂને તે રૂ. ૩૦ના માસિક પગારથી સોસાએટીના સહમંત્રી પદે જોડાયા. પડું પડું થઈ રહેલી સોસાએટીને દલપત-


પાટણના રાજનો ઈતિહાસ
મહીકાંઠા એજેન્સીના દફતરમાંથી મળેલો.
ઉતારી નકલ કરનાર દલપતરામ ડાહ્યાભાઈ.
શ્રીગણપ
સંવત ૧૨૦૧ની સાલમાં કનોજમાંથી રાવ સેતરામજીના બેટા
શીયાજી નામે પોતાના સ્થાનથી દ્વારકાંની જાતરા કરવા
નીકળતાં તેનો મુકામ પાટણ થયો. એ પાટણ અણહીલપુર
પાટણ કહેવાતું. એ પાટણ સંવત ૮૦૨ના મહા સુદ ૭ શનિ
વારને દિવસે પાદશાહના વખત એ વનરાજ ચાવડે
વસાવ્યું. એ પાટણ સંવત ૧૭૧૭ની સાલમાં ઉજડ થઈ
ત્યાંથી એક ગાઉ ઉપર આજ પીરાનપટણ છે તે વસ્યું.
એ પાટણે શીયાજીનો મુકામ થાતાં, તે વખત ચાવડાનો
અમલ નીકળીને સોલંકીનું રાજ, તેથી ગાદી ઉપર મુળરાજ
સોલંકી હતો. તે સમે એ મુળરાજ ઉપર તેનો કુભાઈ સગો
ભાઈ રાખાયત જુનાનો રાવ લાખાનો ભાણેજ જુનથી
વખા રાજના લેવા વાસ્તે કરતો હતો. તેણે તે દિવસ પાટણ
ફરતે ફરી ગામની ગાયો વાળી. તેની પછવાડે વારે ગયો
ની વારવાસ્તે પાટણના રાજા મુળરાજ ચડ્યા. અને
રાવ શીયાજી પણ ચડ્યા. તે જાતાં જાતાં કચ્છ દેશમાં ફેરે
ફોટ ગયા. ત્યાં રાવ લાખાની ફોજ પડેલી. અને તે જોયે
એહોના તથા રાવ લાખાની ફોજનો મેળાપ થતાં લડાઈ
થઈ. એ રાવ લાખાને શીયાજીએ માર્યો. તે સાબાશી
ની રીત ઉપર મુળરાજે પોતાની દીકરી રાવ શીયાજીને આપી,

કવિ દલપતરામના હસ્તાક્ષર

રામની વ્યવહારકુશળતા ને કુનેહે બચાવી લીધી. ઈ. ૧૮૫૫ના જુલાઈમાં, પોતાના સંપાદન નીચે પ્રકટ થએલા 'બુદ્ધિપ્રકાશ'ના પહેલા જ અંકમાં એમણે જાહેરાત કરી : 'આપણા દેશના સુધારા અર્થે મારાં તન, મન ને ધનથી હું ખૂબ મહેનત લેવા ચાહું છું.' અને પછીના અઢી દાયકાની એમની એકધારી સોસાએટી-સેવા આ જાહેરાતના સાર્થક્યની સાક્ષી પૂરે છે.

સોસાએટીમાં જોડાયા ત્યારે એમણે ચાર સંકલ્પો કરેલા : ૧) 'બુદ્ધિપ્રકાશ'ની લોકપ્રતિષ્ઠા સ્થાપવી; ૨) ધનાઢ્યો પાસેથી સોસાએટી માટે ધન ઉઘરાવવું; ૩) પોતાની જીવનરંગી સાહિત્યપ્રવૃત્તિ વિકસાવવી અને ૪) જાહેર પ્રવૃત્તિ દ્વારા લોકસેવા કરવી. દલપતરામે આ ચારે સંકલ્પોને યથાશક્તિ સફળ બનાવ્યા હતા. 'બુદ્ધિપ્રકાશ'ની એમણે કાયાપલટ કરી એનો ફેલાવો વધાર્યો; સ્વ-કવિતાથી શેઠ હીમાભાઇને રીઝવી પુસ્તકાલય માટે રૂ. ૩૦૦૦નું દાન મેળવ્યું અને 'હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' અસ્તિત્વમાં આવ્યું; હરકુંવર શેઠાણી પાસેથી દાન મેળવી કન્યાશાળા શરૂ કરી. આ જ કાળ દરમિયાન એમણે અનેક યશસ્વી સાહિત્યકૃતિઓ સર્જી પ્રજાખ્યાતિ અને રાજખ્યાતિ પ્રાપ્ત કરી. ઠેરઠેર ભાષણો આપીને તેમજ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રજાહિતનાં લખાણો પ્રગટ કરીને પ્રત્યક્ષ-પરોક્ષ પ્રજાસેવા કરી. મુંબાઈમાં થએલી દલપત-નર્મદ સાહિત્યસ્પર્ધાથી એમને વધુ પ્રસિદ્ધિ મળી, ને એમની કવિતાથી ખુશ થઈ બે સજ્જનોએ ત્યાં જ એમને સો સો રૂપિયાની નોકરી ધરી ત્યારે એનો સાભાર અસ્વીકાર કરવામાં સોસાએટીનું હિત જ એમના હૈયે વસેલું હતું. ઈ. ૧૮૬૩માં

કર્ટિસની પ્રેરણાથી દલપતરામ વડોદરામાં વિદ્યા-પ્રવૃત્તિનો પ્રારંભ કરાવડાવવા ખંડેરાવ મહારાજના દરબારમાં 'મહારાણી ગુજરાતી વાણી'ના વકીલ થઇને ગએલા. વળી અમદાવાદની હાઈસ્કૂલમાં ને પછીથી ટ્રેઇનિંગ કૉલેજમાં ગુજરાતી કવિતાશિક્ષણ પણ એમણે આપવા માંડેલું અને કર્ટિસની ગેરહાજરીમાં થોડો કાળ સોસાએટીનું મંત્રીપદ પણ સફળતાથી સંભાળેલું. ઈ. ૧૮૬૪માં 'બુદ્ધિપ્રકાશ'ને શિલાછાપમાંથી બીબાં-છપાઈમાં પ્રથમ વાર પ્રસિદ્ધ કરનાર પણ દલપતરામ જ. ગુજરાતમાં થએલો નવકેળવણીનો પ્રચાર અને સંસારસુધારો એ બંને સોસાએટી અને દલપતરામના અદ્વૈતનું જ સુભગ પરિણામ હતું.

સોસાએટીની આમ એકધારી સેવામાં એમની આંખો અને અંગ નિર્બળ થતાં ગયાં. ઈ. ૧૮૭૫માં તો આંખની પીડા ઘણી વધી પડી. (જોકે ૧૮૭૪થી આ વેદનાને લીધે એમણે હાઈસ્કૂલ તથા ટ્રેઇનિંગ કૉલેજનો શિક્ષણભાર હળવો કરી જ નાખ્યો હતો.) ઈ. ૧૮૭૯માં મોતિયો ઉતારવામાં નિષ્ફળતા મળી અને આંખની વેદના અસહ્ય બની. એ વખતે એમણે દવાખાનામાંથી જ સોસાએટીના મંત્રીપદનું રાજીનામું લખી મોકલ્યું. ચોવીસ ચોવીસ વર્ષની એકધારી સેવા પછી દલપતરામે સોસાએટી છોડી ત્યારે એકલી આંખો જ નહિ એમનું અંતર પણ કળતું હતું. એમની આવી અમૂલ્ય સેવાઓની કદર રૂપે એમને પછીથી રૌપ્ય કીર્તિચંદ્રકથી નવાજવામાં આવેલા અને નિવૃત્તિકાળના સુખમય નિર્ગમન માટે રૂપિયા ૧૦,૦૦૦નો ફાળો પણ કરી આપેલો.

ફાર્બસ અને દલપતરામ એટલે સુધારાની સવારી. એમના બોલે બોલે સુધારો ફૂંકાતો. ફાર્બસ અને દલપતરામ એટલે અર્વાચીન અને પ્રાચીનનો, પૂર્વ અને પશ્ચિમનો શ્રેયસ્કર સંગમ. ફાર્બસે દલપતરામને પારખ્યા અને પરખાવ્યા. એમની ગુપ્ત શક્તિને ફાર્બસે ઉત્તેજી અને ગુજરાતી સંસ્કારના ઉત્કર્ષમાં વાળી. આમ, હિંદમાં બેઠેલા નવયુગના એ ગુજરાતમાંના સંસારસુધારક અને સમુત્ક્રાંતિવાદી સજ્જન. વિધવાવિવાહ, બાળલગ્ન અને મદ્યપાન નિષેધ, નવા હુન્નરોને ઉત્તેજન, પરદેશગમન, વિદ્યાપ્રચાર, સ્ત્રીકેળવણી, વહેમો અને અંધશ્રદ્ધાનો વિરોધ, રાષ્ટ્રભાવનાનો વિકાસ; આ હતા દલપતકાળના પ્રાણપ્રશ્નો. દલપતરામે આ બધામાં ઝંપલાવ્યું. 'પુનર્વિવાહ પ્રબંધ' લખી રૂ. ૧૫૦નું ઇનામ મેળવ્યું. સુરતમાં આપેલું 'હુન્નરખાનની ચડાઈ' પદ્યભાષણ નવા નવા હુન્નરોને ઉત્તેજન આપવાનું દલપતનું દૂરંદેશીપણું દર્શાવે છે. નાનાલાલ આને ગુર્જરગિરાની દેશભક્તિની પ્રથમ કવિતા ગણે છે. ઈ. ૧૮૫૨માં 'સંપલક્ષ્મી સંવાદ'ની રચના પણ એમણે સુરતમાં કરેલી. કેફનિષેધની એમની રચનાઓ 'કેફનિષેધ ગરબાવળી'માં સંગ્રહીત થઈ છે. 'મદ્યપાન-સ્થળી' નામે મદ્યપાન-નિષેધક પદ્યવ્યાખ્યાન પણ એમણે સુરતમાં આપેલું. 'ભૂતનિબંધ'માં એમણે એવા વહેમને પડકાર ફેંક્યો છે. બીજું ૧૫૦ રૂપિયાનું પારિતોષિક જીતનાર આ નિબંધનું ફાર્બસે અંગ્રેજી ભાષાંતર કરેલું, જેનું પછીથી ઉર્દૂ અને મરાઠીમાં પણ ભાષાંતર થવા પામેલું. જ્ઞાતિપ્રથાની નિરર્થકતા દર્શાવતો એમનો નિબંધ પણ ઈનામને પાત્ર ઠરેલો. એનું અંગ્રેજી ભાષાન્તર કૅમ્પબેલે કરેલું. ૧૮૫૪માં લખાએલાં બાળલગ્ન નિષેધ પરનો એમનો નિબંધ પણ ઈનામ જીતી લાવેલો.

આ ઉપરાંત સુધારાવિષયક ભાષણો પણ એમણે ઠેર ઠેર આપેલાં. એ સુરત હતા ત્યારે સરકારે શહેર સુધરાઈનો કાયદો ત્યાં લાગુ પાડ્યો. એની સામે લોકોનો પ્રચંડ વિરોધ જાગ્યો; પરંતુ દલપતરામે સુરતની શેરીએ શેરીએ ફરીને લોકોને સમજાવતાં ભાષણો કર્યા અને સફળતા પ્રાપ્ત કરી. ગુજરાતી વર્તમાનપત્રના પ્રાકટ્યને ને છાપખાનાના પ્રારંભને પુરસ્કારનાર દલપતરામ જ હતા. ઈ. ૧૮૮૫માં સ્થપાએલી ભારતની રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાને પણ દલપતરામે બિરદાવેલી.

આમ દલપતરામ એટલે નવા યુગના સંસારસુધારાના અરુણોદય. એમની સુધારાપદ્ધતિ મધ્યાહ્નના પ્રખર રવિકિરણો શી નહોતી. એ તો હતી પ્રભાતની ફૂટતી સોનેરી કિરણાવલી સરીખી શીળી અને મધુર. એ સુધારો ક્રાંતિવાદી નહિ પણ ઉત્ક્રાંતિવાદી હતો એ પ્રાચીનને તોડીફોડી નવું કરવા નહોતા માગતા. એમનો તો રાહ હતો પ્રાચીનના પાયા પર નવસર્જનની ઈમારત રચવાનો. સુધારાના એ અંતિમમાર્ગી આરાધક નહોતા પણ એરિસ્ટૉટલ-બુદ્ધ પ્રબોધ્યા મધ્યમમાર્ગી હતા. એમની ધીરગંભીર પ્રકૃતિના રંગે એમનો સુધારો રંગાએલો હતો. માટે જ એમણે ગાયેલું:

'સજન! સંભળાવજો ધીરે ધીરે સુધારાનો સાર.'

પ્રાચીન સંસ્કૃતિના પૂજક અને અર્વાચીનતાના સમ્યક્ આરાધક દલપતરામ લોકશિક્ષક પણ હતા. એમના કાળમાં પ્રજાનીતિના એ આગેવાન રખેવાળ હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના પંચવર્તમાને એમને ધર્મ અને નીતિનું ભાતું પૂરું પાડ્યું હતું. ધર્મ અને નીતિમાર્ગનો આ પ્રવાસી સહપાન્થોને એ ભાતામાંથી ભાગ વહેંચતો અને વહેંચીને એનો ગુણોત્તર વધારતો. આ નીતિભાને જ એમની શૃંગારસજી શામળરંગી આરંભની કૃતિઓ 'હીરાદન્તી' અને કમળલોચની'નો સ્વહસ્તે અગ્નિદાહ કરાવેલો. ત્યાર પછી એમણે કવિતા અને નીતિને કદાપિ ભિન્ન ગણ્યાં નથી. આથી જ એમણે 'હોપવાચનમાળા' માટે નીતિ અને સદાચારની આગ્રહી ચારિત્ર્યઘડતરની મનોરંજક અને પ્રબોધક કવિતાઓ રચી આપેલી. કવિતા એમને મન લોકશિક્ષણ અને પ્રજાચારિત્ર્યઘડતરનું સાધન હતી. આથી જ એઓ શિક્ષક પ્રથમ છે અને પછી કવિ! એમની કાવ્યપ્રવૃત્તિને પણ એ દૃષ્ટિએ મૂલવવામાં જ એમને અન્યાય કરતાં ઊગરી જવાની શક્યતા છે.

એ યુગની પ્રારંભિક મુસીબતોને નજરમાં રાખીએ તો એમનું સાહિત્યસર્જન જરૂર વિપુલ છે. એમની નાનીમોટી રચનાઓની કુલ સંખ્યા ચાલીસેકની થવા જાય છે. પિતા પાસેથી પદ્યશક્તિ તો એમને વારસામાં જ મળેલી. એમાં કાવ્યગુરુ દેવાનંદે એને સંસ્કારી અને કવિપ્રયાસે એને પલોટી અને પાંગરતી કરી. કિશોરાવસ્થાથી જ કલ્પનાશીલ દલપત જોડકણાં જોડતો. પછી ઉખાણાં અને હડૂલામાં એનું કૌશલ્ય પ્રગટવા લાગ્યું. ધીમેધીમે ગરબી-પદ પર હાથ અજમાવ્યો. પછી દોહરા અને ચોપાઈબદ્ધ પદ્યવાર્તાઓ રચવા માંડી. સહજાનંદના મહિમાની અને પછી આચાર્યશ્રીનાં વિધવિધ વર્ણનોની ચમત્કૃતિજનક રચનાઓથી એમણે કાવ્યપ્રવૃત્તિનો પ્રારંભ કરેલો. એમની કવિતાના 'આકાર' પરત્વે વ્રજ ભાષાની, તો 'અંતસ્તત્ત્વ' પરત્વે આરંભમાં શામળની અને પછી સહજાનંદપંથ-પ્રબોધી નીતિમત્તાની અસર જોવા મળે છે. તેર વર્ષની ઉંમરે શામળની અસર નીચે લખાએલી ૨૫૦ દોહરા ચોપાઈની સળંગ રચના 'હીરાદન્તી' અને આશરે ૩૦૦ દોહરા-ચોપાઈની 'કમળલોચની' કિશોર દલપતની કલ્પનાશક્તિ, છંદપ્રભુત્વ અને ભાષા સામર્થ્યનો ખયાલ આપી જાય છે. તેમના થએલા અવસાનથી દલપત-ઉરને ઊંડો આઘાત પહોંચ્યો. એના પરિણામે લખાએલા 'ફાર્બસ વિરહ'માં દર્દભર્યું ઉચ્ચ કવિત્વ જોવા મળે છે.

'ફાર્બસવિરહ', 'ફાર્બસવિલાસ', 'સામળસતસઈ', 'જસવન્તરાજનીતિ', 'વેનચરિત્ર', 'ભરૂચસંગ્રહસ્થાન', 'શ્રવણાખ્યાન', 'મિથ્યાભિમાન' અને 'લક્ષ્મી' નાટકો, 'તાર્કિકબોધ' અને 'દૈવદર્પણ'ની વાર્તાઓ, 'દલપતપિંગળ' તથા ઉંમરના અંતિમ દાયકામાં રચેલ ગ્રંથો 'પુરુષોત્તમ ચરિત્ર' અને 'હરિલીલામૃત' એમની સાહિત્યખેડનો મુખ્ય પાક છે. એમના ૬૦મા વર્ષે પ્રગટ થએલા ૪૭૦ પૃષ્ઠના દળદાર ગ્રંથ 'દલપતકાવ્ય'માં એમની, હિંદી કવિતા તથા સાંપ્રદાયિક કવિતા સિવાયની, લગભગ સઘળી કૃતિઓ સમાવિષ્ટ કરવામાં આવી છે. એ પ્રગટ થતાં પહેલાં છ રૂપિયા (તે જમાનામાં!) અગાઉથી ભરીને ગ્રાહક નોંધવાની જાહેરાત થતાં જ ૬૭૯ ગ્રાહકો નોંધાઈ ગયા હતા, એ એમની પ્રજાપ્રિયતા-

કેટલાકને મતે જગતનું પહેલું રહસ્ય-નાટક

રાજા ઇડિપસ

કથારૂપ : કનુભાઈ જાની

મોત! આકાશમાં મોત, ધરતીની માટીમાં મોત; અરે આપ્તગર્ભાઓના ઉદરમાં ય પેસતું હતું મોત! કોણ જાણે શું થયું હતું કે થીબ્સ પર રાજા ઇડિપસનું નહિ, મોતનું સામ્રાજ્ય ફેલાયું હતું! વનસ્પતિએ માથાં ઢાળી દીધાં હતાં. પશુ-પંખીઓ મરતાં હતાં. તળાવોનાં નીર પર જળચરોનાં મડદાં રોજ તરતાં હતાં. ભયંકર મહામારી બધે ફેલાઈ હતી. કોઈ ઉપાય કારગત નીવડતો નહોતો. અગ્નિદેવ હુતદ્રવ્યો સ્વીકારતા નહોતા. દેવો પ્રાર્થના સાંભળતા નહોતા. કોઈ કોઈને સહાય કરી શકતું નહોતું: ચારે પાસ હતાં દારુણ હૃદય-ભેદક નિઃસહાયતા, અપાર વલવલાટ. આખું ય નગર વેદનાના પ્રચંડ પૂરમાં ડૂબ્યું હતું. રાતની અતીવ વેદના કાળજું કોરી ખાતા દિવસમાં પલટાતી હતી. રાજાની મૂંઝવણનો પાર નહોતો.

'એક જ ઉપાય છે.' ક્રિયોને સૂચવ્યું. અને એની વાત રાજાને સાચી લાગી. 'તો ભાઈ, તું જાતે જ ડેલ્ફી જા ને! જાણી લાવ ને દેવમુખેથી, કે આનો શો ઉપાય.' ક્રિયોન ડેલ્ફી ગયો.

દુઃખાર્ત લોકોનાં ટોળેટોળાં રોજ રાજગઢ પાસે ઊભરાવા લાગ્યાં. એ ઇડિપસ પાસે ન આવે તો બીજે જાય પણ ક્યાં! વસતી ઉજાડનાર ભયંકર રાક્ષસી સ્ફિંક્સના પંજામાંથી એણે જ એક વાર નગરને ઉગાર્યું હતું. આજે એવા જ આતંકમાંથી નગરને જો કોઈ બચાવી શકે એમ હોય તો એ જ એકલો એવો હતો: નરોથી અજેય, દાનવજેતા, દેવોનો પ્રિય. લોકોને એણે કહ્યું: 'ભાઈ, તમારે સૌને તમારું અંગત દુઃખ છે–બહુ તો સ્વજનોનું; મારે માથે તો આપણી આ આખી ભૂમિનો ભાર છે. મારું દુઃખ તમને કઈ રીતે કહી બતાવું? પળેપળ ચિંતા મને કોરી ખાય છે. મારી ઊંઘ ઊડી ગઈ છે. આનો ઉપાય શોધવા સતત હું મથ્યા કરું છું, ને એમાં હું કશું બાકી નહિ રાખું એની ખાતરી રાખજો. અત્યારે તો એક જ રસ્તો મને સુઝ્યો છે: ડેલ્ફીના દેવ પાસેથી આનો ઉપાય જાણવો. એ માટે મેં આપણા મેનેલોસના પુત્ર ક્રિયોનને મોકલ્યો છે.' લોકો એ આશાને તાંતણે વળગી, કાગને ડોળે ક્રિયોનની રાહ જોવા લાગ્યા.

આખરે એ આવ્યો. લોકો એને વીંટળાઈ વળ્યા: 'શા ખબર છે?' 'મોં પરથી તો સારા સમાચાર લાગે છે.' લોકોએ અનુમાન કર્યું.

ક્રિયોને રાજાને નમન કરીને જણાવ્યું; 'સમાચાર છે તો સારા;—એટલે કે માઠામાંથી યે છેવટે સારું પરિણામ નીપજે, જો બધું સમુંસુતરું પાર ઊતરે તો'. પછી અચકાઈ ને પૂછ્યું: 'આપણે અંદર જઈશું?'

'ના, ના; શા માટે? છો ને લોકો પણ જાણતા.'

ક્રિયોને જણાવ્યું: 'એમનો જવાબ ગણો કે આદેશ, જે ગણો તે, આવો છે: આ ભૂમિને ભરખી જનાર એક ભયંકર પાતક અહીં જ જન્મીને, ફૂલ્યુંફાલ્યું છે. એ બધું ભરખી જાય તે પહેલાં એને દેશબહાર હાંકી કાઢો.'

રાજા મૂંઝાયો: 'પાતક? કેવું પાતક? એનું શું કરવાનું?' એ પૂરું નહોતો સમજી શક્યો. ક્રિયોને ફોડ પાડ્યો: 'એક વ્યક્તિ. એને કાં તો હદપાર કરવાની, અથવા લોહીનું વળતર લોહીમાં ચૂકવવાનું. આપણા આ મહાઆતંકનું મૂળ છે અહીં થએલો એક રક્તપાત.'

'રક્તપાત? કોનું લોહી રેડાયું છે? દેવે કોઈ નામ દીધું કે?'

'હા; લાયસનું.'

'હા, હા. મેં સાંભળ્યું તો છે. મારી પહેલાં એ અહીં રાજા હતો. મેં એને જોયો નથી. એના ઘાતકીને આપણે શોધવો જ રહ્યો. પણ એ ક્યાં જડે? દેવે કાંઈ ન કહ્યું?'



ઇડિપસને કોયડો પૂછતી સ્ફિંક્સ રાક્ષસી
(એક પ્રાચીન ગ્રીક પાત્ર ઉપરનું ચિત્ર)
કોયડા માટે જુઓ છેલ્લું પાનું

'કહ્યું.'

'તો જલદી બતાવો.'

'કહ્યું કે શોધો એટલે મળશે; વણશોધ્યે તો કશું ના મળે.'

રાજા વિચારમાં પડી ગયા. પાછો એની સમક્ષ આવ્યો કોયડો! આ ભૂમિમાં એની આ બીજી વારની કસોટી. એણે ક્રિયોનને જ પૂછ્યું: 'તમે પોતે રાજા લાયસના મૃત્યુ વિષે શું જાણો છો?'

પોતે જે જાણતો હતો તે બધું તેણે ઇડિપસને જણાવ્યું: 'વર્ષો પહેલાંની આ વાત છે. લાયસ યાત્રાએ નીકળ્યો હતો. એની સાથે કેટલાક પરિચારકો હતા. રસ્તામાં કોઈ એકલદોકલ વ્યક્તિએ નહિ પણ આખી લૂટારુ ટોળીએ એમના પર હુમલો કર્યો. સૌ મરાયા પણ એક જણ ભાગી છૂટ્યો. એણે નગરમાં આવીને વાત કરી. પછી કોઈએ કાંઈ તપાસ ન કરી.'

'પણ રાજા જેવો રાજા જાય ને તપાસે ય ન થાય!'

'અમને ત્યારે પેલી રાક્ષસીની મહાવ્યાધિએ એવા રોકી રાખેલા કે ત્યારે બીજું કશું અમને સૂઝે એમ હતું જ નહિ.' ક્રિયોને ચોખવટ કરી.

રાજાએ નિશ્ચય જાહેર કર્યો: 'ભલે; જે થયું તે. હું તો ગમે તે ભોગે, ગમે ત્યાંથી એને ખોળ્યા વિના નહિ જ જંપું.'

એણે તપાસ આદરી. ગુનેગાર છતો થશે તો એને માફી મળશે, કોઈ નામ દેશે તો એને ઈનામ મળશે, એવાં પ્રલોભનો જાહેર કર્યાં. ગુનેગારને પોતે શોધ્યા વિના નહિ રહે, એટલે આખરે છુપાનાર છતો તો થશે જ; અને ત્યારે એનો પૂરેપૂરો બહિષ્કાર થશે, જીવતાં સુધી બધે એ હડધૂત થતો ફરશે, એ દંડની જાહેરાત પણ એણે કરી. છતાં એની કોઈ અસર ન થઈ. હા, એટલું લોકોને લાગ્યું કે રાજા બોલ્યું પાળે એવો છે. પ્રજાવત્સલ છે. ઉદાર છે. આગલા રાજા માટે પણ એ વાત-વાતમાં કહે છે: 'સદ્ગત મારે પિતાતુલ્ય છે, ને એક પુત્ર પિતા માટે જે કાંઈ કરી છૂટે તે બધું જ હું એમને માટે કરી છૂટવાનો છું.' આમાં લોકોને કોઈ અતિશયોક્તિ ન લાગી. અરે, અગ્રેસરોને તો એણે એટલે સુધી કહ્યું કે મારા કુટુંબમાંથી કોઈ ગુનેગાર ઠરશે — અરે ખુદ હું પોતે હોઈશ-તો ય જાહેર કરેલ સજાઓ તલભારે ય ઓછી નહિ થાય. એની આ નિખાલસ જાહેરાતોએ લોકોમાં આદર જન્માવ્યો.

પહેલી નજરે મૃત્યુનો સંદેશ હોવાની છાપ પાડતી લાગતી આ કથામાં ઇડિપસ વેઠવા માટે ય જીવવાનું પસંદ કરે છે ને એની પુત્રીઓને ઝૂઝવાનો આદેશ આપે છે. કેટલાંક આને જગતનું પહેલું ડિટેક્ટિવ—રહસ્યમય—નાટક કહે છે. લાયસના મોતની તપાસ આદરનાર ઇડિપસ માટે એ, આખરે, એક આઘાતજનક રહસ્યની શોધ બની જાય છે! મૃત્યુ ને જન્મ આમ દોઢવાયાં છે. પિતાનું મૃત્યુ પુત્ર સાથે ને પુત્રનો જન્મ પિતાના મૃત્યુ સાથે જોડાયો છે! આમ આ નાટકના આદિ સર્જકે મૃત્યુ ને જીવનના તાંતણા જોડી બતાવ્યા છે. મનુસ્મૃતિનું કથન છે:

जायायाः तद्धि जायात्वं यदस्यां जायते पुनः

એ જ વાત અહીં જરા જુદી રીતે જોવા નથી મળતી?

કેટલાક આને સોફોક્લિસનું ઉત્તમ નાટક ગણે છે. વસ્તુ અનેક અસંગતિઓથી સભર છે. આ નાટક પરનું કોઈ પણ અવલોકન જોતાં, એમાં અસંગતિઓની આખી યાદી મળી રહેશે. છતાં આવા વસ્તુને એક કલાત્મક ઘાટ સોફોક્લિસ આપી શક્યો છે.

એમને યાતના સહન કરવાનું બળ મળ્યું, એટલું જ. બાકી ઇડિપસની મથામણનું કોઈ ફળ દેખાતું નહોતું. વિધિ વંકાઈને બેઠા હતા.

'તો પછી વિધિના વાંચનારને જ પૂછ્યું હોય તો?' એ વિચાર એને ક્રિયોને સુઝાડ્યો. તુરત જ એણે ટાઇરેશિયસને તેડવા માણસ દોડાવ્યો. એને વાર લાગી એટલે બીજો મોકલ્યો. એની અધીરાઈનો પાર નહોતો. આખરે એક કિશોરને ખભે હાથ મૂકી, એક અંધ વૃદ્ધ મહેલમાં આવ્યો.

'ભાઈ, મને ન બોલાવ્યો હોત તો સારું હતું.' એણે કહ્યું. ત્યાં તો રાજા પગે પડ્યો: 'તમારા વિના, દાદા, અમને આફતમાંથી કોણ ઉગારે એમ છે? તમે જુઓ છો ને? મોત વરસે છે ચારે પાસથી. કશું સૂઝતું નથી. આવી આફતમાં તો તમારી જ અમને છે મોટી ઓથ.' રાજાનું ડહાપણ જોઈ ટાઇરેશિયસ હસ્યો. શાણપણ જ ઘણી વાર તારવાને બદલે ડુબાડે છે! એની ઇચ્છા ત્યાંથી ચાલ્યા જવાની થઈ. એણે રાજાને કહ્યું પણ ખરું: 'સહુ સહુનું ભોગવે. મને અહીંથી જવા દો, રાજેન્દ્ર.' પણ એથી તો ઇડિપસનો આગ્રહ વધી ગયો. 'તમે ઉપાય બતાવો જ.'

એ વિનંતી પછી યે જ્યારે વૃદ્ધે કહ્યું 'હું નહિ જ કહું', ત્યારે એના નકારે રાજાનું અભિમાન ઘવાયું. અતિજ્ઞાનની પીડા રાજા કલ્પી ન શક્યો. ટાઇરેશિયસના વર્તનમાં એને ભેદ લાગ્યો. એ છેડાઈ પડ્યો. એના મુખમાંથી અપશબ્દ સરી પડ્યો: 'નીચ! ધૂતારો!' ને રાજાએ જાહેરમાં પોતાની શંકાને આક્ષેપનું રૂપ આપ્યું: 'આ અપકૃત્યમાં મને તો તારો જ હાથ લાગે છે.'

ત્યારે ટાઇરેશિયસથી ન રહેવાયું: 'તો સાંભળ, રાજા; તેં વરસાવેલ શાપ તો તારે જ માથે ભમે છે.' 'એટલે?'

'તું જ છે શાપિત! તું જ છે આ ભૂમિને અભડાવનાર!'

'તને શરમ નથી આવતી, આવું બોલતાં?'

'ના, આ કહીને તો હું મુક્ત થયો છું. મારે તો સાચનો જ આશરો છે.'

'એમ? પણ આ કૃત્ય કોનું છે તે તો કહે! તારા શબ્દોમાં સાચ ક્યાં છે? આ તારું ભાવિકથન?'

'મારે તો નહોતું જ કહેવું. તું મોંમાં આંગળાં નાખીને બોલાવે છે, એટલે કહું છું: તું જેને શોધે છે તે હત્યારો છે તું પોતે જ.'

'એ...મ! આટલી તારી ધૃષ્ટતા!'

'તારા ક્રોધને હજી વધારે બહેકાવવો છે કે.

'મારી ચિંતા કર્યા વિના તું જે જાણે છે તે સીધારીતે કહી નાખને!'

'કહું? તું નથી જાણતો, પણ હું જાણું છું: તું જેને ચાહે છે તેની સાથેનો તારો સંબંધ અપવિત્ર છે. તું શું કરે છે તેનું તને ભાન નથી.'

'આવા આક્ષેપોનું શું પરિણામ આવે તે જાણે છે?'

'હા મહારાજા! પણ સાચને કોઈ આંચ ન હોય!'

'ન હોય એ ખરું, પણ તે સાચને; તને નહિ. બેશરમ! બુદ્ધિહીન! ગમાર! અંધ!' રાજાના ક્રોધે અપશબ્દોનો આશરો લીધો. એ સહન કરતાં ટાઇરેશિયસે કહ્યું: 'રાજા, તમારું પતન એ તો મહા દેવના હાથની વાત છે, મારા હાથની નહિ.'

અને ઇડિપસના ચિત્તમાં પ્રકાશ પડ્યો. મહા દેવ? ક્રિયોનને એણે જ મહા દેવની ઇચ્છા જાણવા ડેલ્ફી મોકલ્યો હતો. એનું જ આ કારસ્થાન હશે? એમ જ હોય. બંને મળી ગયા છે! એણે કહ્યું: 'તો આ કરામત તારી નથી, ક્રિયોનની છે, એમ ને?'

'ના, ના, રાજેન્દ્ર. તું શા માટે એને તારો દુશ્મન માને છે? તું પોતે જ તારો દુશ્મન છે!' આ તો ક્રિયોનનો બચાવ ટાઇરેશિયસ કરતો હતો! ઇડિપસના ક્રોધમાં દુઃખ ભળ્યું. મિત્ર ઊઠીને દગો કરે એનાથી મોટું દુઃખ બીજું કયું હોય? ને તે ય કેવો મિત્ર! જેના પર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો તેવો! એણે જ સત્તાલોભમાં મને મૂળમાંથી ઉખેડી નાખવાનું કાવતરું કર્યું! ને આ અંધ જાદુગરને હાથો બનાવ્યો! એમ જ. ટાઇરેશિયસમાં શક્તિ છે એ તો વહેમ, અંધશ્રદ્ધા.

એણે ટાઇરેશિયસને સીધું જ પૂછ્યું: 'પ્રજ્ઞાચક્ષુ જ્ઞાનીજી, પેલી રાક્ષસી–સ્ફિંક્સ–જ્યારે નગરને ભરખી જતી'તી, ત્યારે આપ ક્યાં હતા? ત્યારે લોકોને ઉદ્ધારવાની આપની કોઈ ફરજ હતી કે નહિ? આપની વેધક દૃષ્ટિએ એનો કોયડો કેમ ન ઊકલ્યો? પંખીઓની વાણીનો સહારો લેવો હતો ને! આપ તો એ શાસ્ત્રમાં નિષ્ણાત છો. ત્યારે તમારું જ્ઞાન ક્યાં સંતાડી રાખ્યું હતું? ત્યારે તો મારા જેવા એક અજ્ઞાનીએ એને બોલતી બંધ કરી. આજે જ્ઞાન બધું ઠાલવવા બેઠા છો! ક્રિયોનને સત્તા જોઈએ છે. તું એ કળી શકતો નથી, અંધ! તું હોળીનું નાળિયેર બન્યો છે!'

ટાઇરેશિયસની વેદનાનો પાર નહોતો. એને નહોતું કહેવું છતાં છૂટકો નહોતો! 'રાજા, નથી હું તારો ગુલામ, કે નથી ક્રિયોનનો. હું તો ઉપરવાળાનો દાસાનુદાસ છું. તું અંધાપાની ડેકડી ઉડાવે છે, પણ તારે આંખો હોય તો તું કોનો સંગ કરે છે તે તો જો! તું કોનો પુત્ર છે? હું તને સ્પષ્ટ શબ્દોમાં કહું છું: તું પાપાચરણ કરી રહ્યો છે. તારી માતા ને તારા પિતા બંનેનો શાપ તને આ ભૂમિમાંથી ફગાવી દેશે. આજે બધું જોતી તારી આંખે ત્યારે આવી જશે સદાના અંધારપડદા. આજે તું મારી ડેકડી ઉડાડે છે, પણ ત્યારે એકએક ખૂણો, સિથેરોનનો પથ્થરે પથ્થર તારી ડેકડી ઉડાડતો પડઘાશે, ને એ તારે સતત સાંભળ્યા કરવું પડશે. તને 'પિતા' કહેનાર કોણ છે એ તું જ્યારે જાણશે ત્યારે, સ્વર્ગસુખ આપનાર એક વારનાં ગળચટાં લગ્નગીતો તું કલ્પી ન શકે એટલી વેદનાથી પાછા તારા અંતરમાં જ્વાળાઓ થઈને ભમરાશે. આજે તું મારી ને ક્રિયોનની ઉપર ક્રોધે ભરાયો છે; ત્યારે તારી પર લોકો થૂકશે.'

'બસ કર બકવાટ! ચાલ્યો જા અહીંથી!'

'જાઉં છું. મને જો તારા આવા સ્વભાવની જાણ હોત તો હું આવ્યો જ ન હોત.'

'મને પણ જો એવી ખબર હોત કે મારે એક પાગલનું સંભાષણ સાંભળવાનું છે તો મેં ય તને બોલાવવાની ભૂલ કરી ન હોત.'

'પાગલ? તને હું પાગલ લાગું છું! ભલે. પણ તારાં જન્મદાતા માતપિતાને નહિ લાગું.'

'એ વળી શું?...મારાં માતપિતા! મારા જન્મદાતા......કોણ?'

'આજે જ તારો છે જન્મદિન, ને તારો મૃત્યુદિન પણ.'

'વાહ રે! પ્રહેલિકાના ગૂઢ આવરણથી હજી યે તારા શબ્દોને તું સંતાડવા મથે છે!'

ગ્રીક આખ્યાયિકાનું એ એક અતિ પ્રસિદ્ધ પાત્ર છે. ઍથેન્સનો આ અંતર્દષ્ટિવાળો અંધ વૃદ્ધ, પંખીવાણી ઉકેલનાર, ભવિષ્યવેત્તા તરીકે જાણીતો છે. એના અંધત્વની બાબતમાં બે દંતકથાઓ છે:

(૧) એક રતિમગ્ન નાગ-નાગણીનો વધ કરવાને કારણે 'તું સ્ત્રી થા' એવો શાપ મળતાં, એ સ્ત્રી બની ગએલો; પરંતુ એવું જ કૃત્ય બીજી વાર થતાં ને તદનુરૂપ શાપ મળતાં એને પુરુષરૂપ મળેલું. આમ એને સ્ત્રીપુરુષ-બંનેનાં-સંવેદનોનો પ્રત્યક્ષ અનુભવ સદેહે મળેલો હોવાથી, ઝ્યૂસ અને હેરાના દેવયુગલે એક વાર એને પૂછ્યું: 'રતિભાવ વધારે કોનામાં?' એણે તરત જવાબ આપ્યો: 'સ્ત્રીમાં'. આથી કુપિત થએલ હેરાએ એને અંધત્વનો શાપ આપેલો. પરંતુ પછી પક્ષીવાણી ઉકેલવાની શક્તિ પણ, શાપ સહ્ય બને એ માટે, આપેલી; ઝ્યૂસે એને ભાવિદર્શન તથા દીર્ઘાયુનાં વરદાન આપેલાં.

(૨) અનાવરિત દેહે નાહતી એથિનાને એ જોઈ રહેલો એ કારણે એથિનાએ એને અંધ કર્યો: પણ પછી એણે જ એને પંખીનાં વેણ ઉકેલવાની શક્તિ બક્ષેલી; ઝ્યૂસે ભાવિદર્શનશક્તિ ને દીર્ઘાયુ બક્ષેલાં.

ભાવિ જાણવા એની પાસે અનેક વીરો આવતા. ઍથેન્સ પર જ્યારે જ્યારે કોઈ પણ આપત્તિની સંભાવના એને લાગતી ત્યારે ત્યારે એ લોકોને ચેતવતો. એને મળેલાં વરદાનોને કારણે મૃત્યુ પારના લોકમાં-Hades-માં પણ એ માત્ર છાયારૂપે ન રહેતાં, બુદ્ધિવિવેક જાળવી શકેલો. એ કારણે જ ત્યાં પણ એની સલાહ લેવા અનેક જણો આવતા. એનાં જન્મ-મૃત્યુ વિષે પણ અનાધાર માન્યતા છે: કેડ્મસ વંશની સ્પાર્ટિયા શાખામાં એનો જન્મ, માત-પિતા તુરિસ અને શૅરિક્લો (Chariclo). એપિગોનીએ થીબ્સનો કબજો લીધો તે પછી થોડે કાળે ટિલ્ફૂશિયસના ઝરા પાસે એ મૃત્યુ પામ્યો. ત્યાં એની કબર હતી અને થીબ્સ પાસે એનું પક્ષીવાણી ઉકેલકેન્દ્ર તથા એની સ્મારક-સમાધિ (cenotaph) હતાં.

ગ્રીક-ગ્રીકેતર અનેક કથાઓમાં આ પાત્રનો ઉપયોગ થતો રહ્યો છે. ટેનિસનનું 'ટીરેશિયસ' ('Tiresias') આનું સારું ઉદાહરણ છે. એની ભૂમિકા એવી છે કે, થીબ્સને બચાવવાનો ઉકેલ ખોળવા એની પાસે ગએલ ક્રિયોનને ટાઇરેશિયસ સલાહ આપે છે: 'તારો બત્રીસ-લક્ષણો પુત્ર વધેર.' સાંભળીને, ક્રિયોન્ પુત્રને દૂર દૂર નાસી છૂટવાની સલાહ આપે છે; પણ પુત્ર તો જાતે જ આ વિષે જાણવા ટાઇરેશિયસ પાસે પહોંચી જાય છે. ટાઇરેશિયસ એને શહીદી માટે સમજાવે છે. (પછી મેનોશિયસે એ પ્રમાણે કરેલું.) શહીદી જેવું સત્કાર્ય બીજું એકે ય નથી. એનાથી પ્રસરતો પ્રકાશ સૂર્યચંદ્રાદિના પ્રકાશ કરતાં અનેકગણો વધુ તેજસ્વી છે. માટે

Fearing not to plunge
Thy torch of life in darkness...

પોતે પ્રકાશ કેવી રીતે ગુમાવ્યો એ વિષે કહેતાં ટાઇરેશિયસ કહે છે: 'આંખો હતી ત્યારે ઊડતાં પંખીની વાણી, દેવબલિ વગેરે અનેકનાં રહસ્યો જોવા તલખતો. એ જોવા મેં તપ આદર્યું. ને એક દિવસ મેં દેવીને જોઈ સદ્યસ્નાતા. મારી સામે એ જોઈ રહી એના સઘળા પ્રકાશથી; ને પરિણામે મારી આંખો ગઈ! દીકરા, ક્ષમા એ માનવનું લક્ષણ છે:

My Son, the Gods, despite of human prayer,
Are slower to forgive than human kings.

ને એ દેવીની શાપવાણી યાદ કરે છે: 'તેં ન જોવાનું જોયું, તો તું વણ-જોયું જોઈ શકશે ખરો પણ તારું કોઈ માનશે નહિ.'

Henceforth be blind, for thou hast seen too much,
And speak the truth that no man may believe.

ત્યારથી હું ભાખું છું તો ખરો, ચેતવું છું, પણ કોઈ માનતું નથી! ભાવિકથન તો કરું છું, પણ ભાવિ પર કોઈનું નિયંત્રણ નથી! નિઃસહાય થઈને, થનારને અગાઉથી જોવાનું!! આ તે શાપ કે વરદાન?

'પ્રહેલિકાઓના ઉકેલ માટે તો તું પ્રસિદ્ધ છે ને?'

'મારી જે મહત્તા છે તેને તું મજાકનું સાધન બનાવે છે?'

'મહત્તા નહિ, તારી એ મોટી કમનસીબી છે. હું જાઉં છું.' અને કિશોરના ખભે હાથ મૂકી એણે ચાલવા માંડ્યું. ત્યાં રાજા બોલ્યો: 'જા, તને જવા દઉં છું.'

એ સાંભળીને ટાઇરેશિયસ જરાક થંભ્યો. પછી પાછું વળીને બોલ્યો: 'તારાથી હું ડરું છું એમ તું માને છે, રાજેન્દ્ર? તો હવે તને ચોખ્ખે-ચોખ્ખું કહું છું: તું જેને ખોળે છે તે લાયસ-હત્યારો અહીં જ છે. એ વિદેશી ગણાય છે, પણ અંતે થીબ્સમાં જ જન્મેલો સાબિત થશે. ઉઘાડી આંખે એ આવ્યો હતો, અંધ બનીને જશે. આજે સમૃદ્ધ છે, ત્યારે ભિખારી હશે. આજે ટેકેદારોથી વીંટળાએલો છે, ત્યારે લાકડીને ટેકે અજાણ્યા પ્રદેશોમાં એકલો રવડશે. પોતાના જ પુત્રનો એ બાપ ને બંધુ બે ય ઠરશે. પોતાની જન્મદાતાનો પુત્ર ને પતિ બે ય ઠરશે. બનશે પિતૃઘાતક કે પિતૃસ્થાનપૂરક. આ જો જૂઠું પડે તો મારી અંતરદષ્ટિને મરીચિકા માનજે.'

એ ગયો. બે ભાવિકથનો ભેગાં થયાં: એક ડેલ્ફીનું, બીજું આનું, ડેલ્ફી તો સ્વર્ગનું મુખ; પૃથ્વીનું હૈયું. ત્યાંથી છૂટેલો આદેશ છે કે લાયસનો ઘાતક આજના આતંકનું મૂળ છે, એને શોધો. ટાળો. આ 'દ્રષ્ટા' કહે છે કે લાયસનો હત્યારો ઇડિપસ છે! ઇડિપસ મનોમન હસ્યો. ક્રિયોને ડેલ્ફીની વાત પણ બનાવી કાઢી નહિ હોય!

લોકો તો ઇડિપસ વિષે આવું માનવા તૈયાર જ નહોતા. પણ કહેનાર પર શંકા જાય એવું પણ નથી! લાયસના કુટુંબને પૉલિબસના કુટુંબ સાથે કોઈ વેર હતું? આવી તો અફવા યે નથી સાંભળી! કેમ મનાય? દેવોની વાત જુદી છે; પણ માનવો, ગમે તેવી દેવી શક્તિ ધરાવતા હોય, એમનું દર્શન અપૂર્ણ જ રહે. એમની શક્તિઓ વ્યક્તિએ વ્યક્તિએ વત્તીઓછી રહે. એટલે ટાઇરેશિયસની કોઈ સરતચૂક હોઈ શકે. ને ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી કોઇને ગુનેગાર ગણવો એ પણ ઇષ્ટ નથી. ઇડિપસે જ એક વાર દુર્જેય ગણાતી શાકિણીને પરાસ્ત કરીને પોતાની અમેય મેધાશક્તિનો ક્યાં પરિચય નથી આપ્યો? નગરને એણે ભયંકર આપત્તિમાંથી જાનને જોખમે ઉગાર્યું છે. કોઈનો ગુણ કેમ ભુલાય?

લોકદષ્ટિમાં ઇડિપસ હજી યે નિર્દોષ હતો. પણ એની એક વાત ક્રિયોનને ખટકી. પોતે ટાઇરેશિયસ સાથે મળી જઈને, રાજ્યલોભે, કાવતરું કર્યું, એ હળાહળ જૂઠાણું છે. એણે રાજા આગળ આ સ્પષ્ટ કર્યું. પણ એ માને તો ને? ઇડિપસની દલીલો સબળ હતી:

'આ ડોસાને બોલાવવાની સલાહ તેં નહોતી આપી?'

'આપી હતી. હજી યે આપું.' ક્રિયોને કહ્યું.

'લાયસને અદૃશ્ય થયે કેટલાં વર્ષ થયાં?' 'ઘણાં.'

'આ બધાં વર્ષો દરમિયાન આ આંધળો જ્યોતિષ જોવાનો વ્યવસાય નહોતો કરતો કે?' રાજાના પ્રશ્નમાંનો "વ્યવસાય" શબ્દ તો ક્રિયોનને ખૂબ ખૂંચ્યો. છતાં એણે કહ્યું: 'જોતો હતો.'

'તો આટલાં વરસોમાં એણે ક્યારે ય મારું નામ દીધું છે?' 'ના.'

'ભૂતકાળમાં ક્યારે ય શું લાયસના મોતની તપાસ જ નથી થઈ?'

'થઈ છે, પણ નિષ્ફળ ગઈ છે.'

એ હતું પાર્નૅસસના પર્વતો પર આવેલું અતિ પ્રાચીન ગ્રીક યાત્રાધામ. ત્યાંના એપોલોના પ્રાચીન મંદિરમાંથી પ્રગટતી દેવવાણીનો સહારો લેવા દેશવિદેશમાંથી લોકો આવતા. ઈસુની બીજી સદીની આસપાસ પૉસેનિયસ નામના મુસાફરે ડેલ્ફીની મુલાકાત લીધેલી તેનું એણે વિગતવાર જે વર્ણન કરેલું તે મળી આવતાં, તેને આધારે આ પ્રાચીન નગર ખોદી, એમાંના અવશેષોને ઓળખી કાઢવામાં આવ્યા.

ડેલ્ફીના સ્થાને ધરતીના થર પર થર જામી ગએલા. એ પર કૅસ્ટી નામે ગામ વસી ગએલું. ઈ. સ. ૧૮૭૧માં ફ્રેન્ચ સરકારે એ ખરીદી લીધું, અને ઇ. સ. ૧૮૯૨માં ઍથેન્સમાંની 'ફ્રેન્ચ આર્કીઑલૉજિકલ સ્કૂલે' એ ગામને એક માઈલ પશ્ચિમે ખસેડી, આ નગરને ખોદી કાઢ્યું. એમાં પેલું એપોલોનું દેવળ પણ મળ્યું—આખું નહિ, માત્ર પાયા ને સાત સ્તંભો.

એ મંદિરનું પૉસેનિયસે વર્ણન કર્યું છે: એના પ્રવેશદ્વારે 'E'ની રહસ્યમય સંજ્ઞા, ને દીવાલો પર સાત શાણાઓનાં, 'Know thy self', 'Nothing in excess' જેવાં સૂત્રો હતાં. 'E' સંજ્ઞા પૃથ્વીમૈયા માટેની પ્રાચીન સંજ્ઞા 'ગી'નું પ્રતીક હશે; એપોલોના આગમન પૂર્વે અહીં માતૃપૂજા પ્રચલિત હશે.

ડૅલોસ ટાપુમાં જન્મેલા એપોલોએ, જન્મના ચાર દિવસ બાદ જ, આ નગરમાં પ્રવેશી, નગરધ્વંસક સર્પદૈત્યા–dragon હણી. એનું નામ હતું ડેલ્ફ્યાના (Delphyana); તે પરથી નગરનું નામ પડ્યું ડેલ્ફી. કેટલાક એ દૈત્ય હોવાનું ને એનું (python) પાઇથૉન નામ હોવાનું પણ કહે છે. નગરનું મૂળ નામ 'પાયથો' હશે એમ લાગે છે. હોમર-હિરોડોટસ જેવા અતિપ્રાચીન કવિઓએ એ નામ જ આ નગર માટે વાપર્યું છે. એપોલોએ દૈત્ય(કે દૈત્યા)નો નાશ કર્યો તેથી એ 'પીથિયન' સંજ્ઞા પામ્યો અને દૈત્યધ્વંસના પરાક્રમની યાદગીરીમાં દર ચાર વર્ષે પીથિયન રમતોત્સવ ઊજવવાની પ્રથા ગ્રીસમાં પડેલી.

ડેલ્ફીને પૃથ્વીનું કેન્દ્ર માનવામાં આવતું. એપોલોએ પોતાનાં બે ગરુડોને ધરતીના બે છેડેથી સામસામાં ઉડાડ્યાં, તે અહીં આવીને મળ્યાં. ત્યાં છે પવિત્ર શિલા ઑમ્ફેલોસ. એપોલોના મદિરના ગર્ભાગારમાં પૂજાસ્થાને આ શિલા હતી, કારણ કે એ દેવનું જ પ્રતીક ગણાતી. (હવે પુરવાર થયા મુજબ એ મંદિરના જ કોઈક ચણતરનો એક અવશેષ છે.)

શિલાની સાથે મંદિરના ગર્ભાગારમાં રખાતી એક ત્રિપાયી. મંદિરની પાસેથી વહેતા પવિત્ર ઝરાને મંદિરમાં વાળવામાં આવેલો. દેવવાણી ઝીલનાર પૂજારિણી priestess–પવિત્ર 'બે' નામના છોડનાં પાન ચાવી, એની ડાંખળી હાથમાં રાખી, પવિત્ર ઝરાનું જળ પીતી. પછી મંદિરમાંના ગર્ભાગારમાંની ત્રિપાઈ પર બેસતી. ત્યારે ઑમ્ફેલોસની શિલામાંથી કોઈ અગમ્ય ફોરમ ફૂટતી, એથી એ મત્ત થતી. ત્યારે દેવવાણીનું એનામાં પ્રાગટ્ય થતું. એ વાણી રહસ્યમય રહેતી. એને ઉકેલવા માટે એ શાસ્ત્રનો જાણકાર ત્યાં હાજર રહેતો અને એ શાસ્ત્રજ્ઞ, પછી, પેલી વાણીને બે-સાડતો. એ રીતે આ વાણી, બે વચમાંનાં માનવમાધ્યમો દ્વારા પૃચ્છક સુધી પહોંચતી. એ કારણે આ વાણી હમેશાં રહસ્યમય જ રહેતી.

આ વાણીમાં માનનારાઓનો મોટો ધસારો ડેલ્ફીમાં રહેતો. એ બધા આ મંદિરને મબલખ દાન આપતા. એ કારણે ડેલ્ફી અતિ સમૃદ્ધ બનેલું. ગ્રીસના રાજકારણ પર પણ એનો મોટો પ્રભાવ હતો. ત્યાંની સંસદ ગ્રીક નગરરાજ્યોના બધા પ્રતિનિધિઓની બનેલી હતી. આ રીતે ડેલ્ફી ગ્રીકભાષી રાજ્યોને સાંધી રાખનાર એક મોટું બળ હતું. પણ વધતી સમૃદ્ધિએ યુદ્ધો ને કલહો પણ વધ્યાં. ત્યાં ત્રણ મોટાં ધર્મ-યુદ્ધો ખેલાયાં છે. ક્રિસાની નગરભૂમિને આમાં ભેળવી દેવામાં આવી. યુદ્ધોથી તારાજી થઈ; ધરતીકંપ ને દરિયાઈ તોફાનોથી એમાં વધારો થયો. ઈ. સ. પૂ. ૮૧માં રોમન સરદાર સુલ્લાએ ડેલ્ફીનો ખજાનો લૂંટીને પોતાના સૈનિકોને ધર્યો. સમ્રાટ નિરો પણ પાંચસોક જેટલાં શિલ્પો વહાણોમાં ખડકીને રોમ ઉઠાવી ગયો. પહેલો ક્રિશ્ચિયન રાજા કૉન્સ્ટન્ટાઈન પણ પંચધાતુના એક 'સ્નેઈક કૉલમ' (સર્પસ્તંભ)ને પોતાના નગરમાં ઉઠાવી ગયો. આમ આ નગરની કલાસમૃદ્ધિ પણ લૂંટાતી રહેલી.

ડેલ્ફીમાં દેવવાણીની પ્રથા ઈ. સ.ની ચોથી સદી સુધી, થિયોડોસિયસના સમય સુધી ચાલેલી. પછી એના પર રાજ્યે જ પ્રતિબંધ મૂકેલો.

ત્યાંના અવશેષોમાં ઈ.સ. પૂર્વે ચોથી સદીનું, પાંચહજારને સમાવી શકે એવું ખુલ્લું થિયેટર નોંધપાત્ર છે. એનું શ્રોતૃગૃહ સારી હાલતમાં મળી આવ્યું છે. ત્યાં ૧૦૨૭માં ને ૧૯૩૦માં એસ્કિલસ કૃત 'પ્રોમિથ્યૂસ બાઉન્ડ' ભજવવામાં આવેલું. ડેલ્ફીએ અનેક કલાકારોને ચિત્રકારો, શિલ્પીઓ, નાટ્યકારો ને કથાકારોને સામગ્રી પૂરી પાડી છે. Mary McInnes કૃત 'Decision at Delphi' ને 'બારાબ્બાસ'થી નોબેલ-પારિતોષિક-ખ્યાત બનેલ લેગરક્વિસ્ટની લઘુનવલ 'Sibyl' જેવી કૃતિઓમાં હજી યે દેવવાણી–માનવવાણીનાં રહસ્યો, નિયતિની વક્રતા, અતિજ્ઞાનની વ્યથા, અમરોની મર્યાદા ને માનવમર્યાદાની મહત્તા–આવું આવું ઘુમરાયા કરે છે. પૃથ્વીના કેન્દ્રમાં જ છે વ્યથા ?



ડેલ્ફીનાં મંદિરો

'ને આ ડહાપણનો ભંડાર, આ ત્રિકાળજ્ઞ, આટલાં વર્ષો સુધી મૂંગો કેમ બેઠો રહ્યો?' આનો કોઈ ઉત્તર ક્રિયોન આગળ નહોતો! 'હું તો જે જાણું એ કહું' કહીને એ ચૂપ થયો.

'તો હવે પુરવાર કરવાનું શું બાકી રહે છે? વર્ષોનાં વર્ષો પછી એકાએક એ "પાતકી"નું નામ પાડે છે, ને તે ય ડેલ્ફીની દેવવાણીના અનુસંધાનમાં! કોઈની ચડવણીનું જ પરિણામ.' રાજાએ કહ્યું.

'પણ શા માટે? મારે શું ઓછું સુખ છે કે તમારી રાજખટપટોની ઉપાધિ વહોરીને હું મારી ઊંઘ હરામ કરું? ને છતાં ય, તમને ગળે ન ઊતરતું હોય તો જાવ, જઈને પૂછી આવો ડેલ્ફીના દેવળમાં, કે મેં કહેલી વાત ખોટી હતી કે સાચી. આ ટાઈરેશિયસ સાથે કાવતરું કર્યાની ગંધ હોય તો કરો પૂરી તપાસ, ને ગુનેગાર ઠરું તો ગરદન મારો. પણ શંકાથી પ્રેરાઈને જાહેરમાં આક્ષેપ કરો એ તો ઠીક નથી; અને તે ય મારી ગેરહાજરીમાં!' એને વધુ દુઃખ તો એ વાતનું થયું કે એક મિત્ર આ આક્ષેપો કરતો હતો—મૈત્રીની, વર્ષોના સ્નેહસંબંધની પરવા કર્યા વિના! 'તમે વિચાર તો કરો! એક સાચા મિત્રની ઉપેક્ષા કરીને તમે તમારું જીવનભરનું સ્નેહસંચિત ચેડ઼ી મારો છો. આજે નહિ, સમય જતાં સમજાશે કે હું સાચો છું. માણસની સચ્ચાઈ સમય જતાં જ સમજાય છે.'

ઇડિપસને ખાતરી થઈ કે આવી વાતો કરીને એ કાળક્ષેપ કરવા માગે છે. એના કાવતરાનો આ યે એક ભાગ કેમ ન હોય? આવાને તો જીવતા દેવામાં ય જોખમ છે. એને વિચારમાં (અનુસંધાન પૃષ્ઠ ૧૦૬)

રવિશંકર રાવળનું
આત્મકથાનક
૧૦૭



વડોદરાનાં મહારાણીના કારભારી દેશમુખરાવ

૫૩૯ ગિરિ-નિવાસ જવાનું આવ્યું

હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથના કામ પાછળ બચુભાઈ રોજ બધો સમય છાપખાના પર રહેતા અને જે કંઈ નવું છપાઈ રહે તે રોજ બ રોજ લાવતા. બધા લેખો તો હવે એકાદ માસમાં છપાઈ જશે એમ લાગ્યું પણ મુંબાઈથી ફોટો-ચિત્રો છપાઇને આવ્યાં નહિ એટલે અમને બંનેને ખૂબ ચટપટી થઈ. ખર્ચ અને સમય ધાર્યા બહાર ગયાં હતાં. પણ બીજું શું થાય? આખરે થાકીને બચુભાઇને જાતે મુંબાઈ જવું પડયું ત્યારે ગુલામહુસેને અને પ્રાણજીવને તેમને ઢીલનું કારણ કોઈ જરૂરીઆત હતી એમ કહી પટાવી પાછા મોકલ્યા અને વચન આપ્યું કે પંદર દિવસમાં પારસલ અમદાવાદ પહોંચી જશે.

દરમિયાન શાળામાં સૌ શિક્ષકોને બોલાવી શ્રી સરલાબેને જણાવ્યું કે ગ્રીષ્મના કારણે તા. ૨૮મીએ કુટુંબશાળા અને શિક્ષકોએ પણ મસૂરી પરના ગિરિ-નિવાસે જવાનું છે, માટે ગરમ કપડાં ને બે માસના રોકાણની તૈયારીઓ કરી લેવી. મને અલગ કહ્યું કે શાળા માટેનું ખાસ મકાન તૈયાર થઈ ગયું છે તેમાં આવતા સોમવારથી હવે વર્ગો ફેરવીશું; એટલે વર્ગોના ખાલી થએલા મકાનમાં તમારો નિવાસ ફેરવી ખજૂરી બંગલો બીજા હેતુ માટે ખાલી કરવાનો છે. આમ કરવામાં બાળકોને તમારો સમાગમ વધુ મળે તે હેતુ છે. ફેરવણી કરવા માણસો જોઇએ તે માગી લેજો. સંગીત-શિક્ષક આપ્ટે ગયાંના ત્યાં મેડી ઉપર રહેવાના હતા.

થયું. ખજુરીવાળે બંગલે આવીને મારાં પત્નીને બધો સંદેશો સંભળાવી દીધો. તેને તો આટલી યે ફેરવણી ગમી નહોતી, ત્યાં આ ખુલ્લા આવાસમાથી શેઠના કૉમ્પાઉન્ડમાં એક છેડે આવેલા એકઢાળિયા નિવાસમાં જવાની વાત રુચિ હોય એમ લાગ્યું નહિ. પણ એ શું કરે? રવિવારે બધો સામાન ફેરવાઈ ગયો અને અમે 'રિટ્રીટ'ના એક ખૂણે કૉમ્પાઉન્ડની દીવાલની નજીક બાંધેલા જૂની શાળાના સ્થાને ગોઠવાઈ ગયા. મેં મારાં પત્નીને દિલાસો આપ્યો કે માત્ર પંદર-વીસ દિવસ કાઢવાના છે, પછી અમે મસૂરી જઇએ એ ગાળામાં તમે બધાં બે માસ શહેરના મકાનમાં નિરાંતે ગાળી આવજો.

બહારગામ જવાની વાતથી બચુભાઇને મૂંઝવણ થઈ હશે. હાજી-સ્મારકનાં ચિત્રો મુંબાઈથી છપાઇને તુરતમાં આવી જવાની આશામાં એમણે પૂઠાં છપાવી તૈયાર રખાવ્યાં, પણ ચિત્રો હજુ નહોતાં આવ્યાં. ચિત્રો આવ્યે માત્ર પુસ્તક-બંધાઈનું જ કામ રહે; પછી તેમણે શું કરવું તેની સમસ્યા હતી. પણ પુસ્તકની કોઈ બાબત પર હું ધ્યાન આપી શકું તેમ નહોતું. મેં તરત નિર્ણય લીધો કે 'હું કહું નહિ ત્યાં સુધી તમે આ કામમાં જોડાએલા જ ગણાશો. ખર્ચ અને જોખમદારીની ચિંતા મારા પર છોડી દો.' એમને વધારે કહેવાપણું ન હતું. એમણે ફાજલ પડતો બધો વખત નવી સ્થપાએલી વિદ્યાપીઠનાં વ્યાખ્યાનો સાંભળવામાં, ને ચંદ્રશંકર શુક્લ, સ્વામી આનંદ, કાકાસાહેબ વગેરે મંડળનો સંપર્ક સાધવામાં ગાળ્યો, જે ભવિષ્યમાં 'કુમાર' માટે ઉપકારક થયો.

તા. ૨૮મી એપ્રિલે અમદાવાદથી ઊપડતા રાતના મેઈલને ફર્સ્ટ કલાસ-સેકંડ ક્લાસની સાથે થર્ડ કલાસવાળી એક મોટી બોગી શેઠ અંબાલાલની પાર્ટી માટે રીઝર્વ થએલી લગાડી હતી, તેમાં તેમનો પરિવાર (જેમાં તેમનાં પિત્રાઈ ઇન્દુબેન વગેરે પણ હતાં) તથા અમે શિક્ષક-મંડળ વગેરે ગોઠવાયાં. સાથે નોકરોનું જૂથ પણ મોટું હતું. એ લાંબા પ્રવાસમાં ખાનપાન વગેરે ફર્સ્ટ કલાસમાં પરિવાર સાથે થતું. મિ. સ્ટેન્ડિંગ કંઈ કામસર વહેલા નીકળી ગએલા તે મસૂરીમાં આવી મળવાના હતા. મેં પહેલી જ વાર આબુની ઉત્તરે ગુજરાતની સીમા વટાવી. તા. ૩૧મીની સવારે દેહરાદૂન ઊતર્યા ત્યાં અગાઉની વ્યવસ્થા પ્રમાણે મોટરો, મોટી બસ અને સામાન ઉઠાવનારા પહાડી મજૂરોની સેના હાજર હતી. અમે સ્ટેશનમાંથી નીકળ્યા કે કોઇએ પૂછ્યું : 'કયા રાજાનો આ રસાલો છે?' સૂચના થતી ગઈ તેમ અમારું શિક્ષકમંડળ મોટરોમાં ગોઠવાયું અને થોડી વારમાં તો મોટરો આકાશને અડતા મસૂરીના બંગલાઓ તરફ ચક્કર લેતી, પહાડના કંદોરે પાડેલી સડકો પર સડસડાટ ઊપડી. એ વખતે એક બાજુ એકાદ ફૂટ જ દૂર રહેતી ઊંડી પહાડી ખીણો ભય ઉપજાવતી કે ડ્રાઈવરનો હાથ છટકે તો શું થાય? માનવબુદ્ધિમાંથી ઊપજેલું યંત્રબળ નવી સિદ્ધિઓ બતાવતું જ રહે છે. ૧૧ વાગ્યે તો શિયાળા જેવી ઠંડી આપતા મસૂરીના બંગલે જઈ ઊભા. સારું હતું કે અમે મોટરમાં બેસતાં જ ચેતવણી પ્રમાણે ગરમ કોટ ને ધાબળીઓથી રક્ષણ મેળવી લીધું હતું.

૫૪૦ મસૂરી

મસૂરીનું પર્વતીય શિખર ઊંટની જેમ ઊંચી કોટ કાઢી ઊભું છે. તેના નીચલા ઢાળ ઉપર મૉલબજાર યુરોપિયન કલબ અને લાયબ્રેરી હતાં. તેની ઉપરના ચઢાણ ઉપર ટેકરીનો કેટલોક ઢાળ કોતરીને સપાટ બનાવેલો તે ઉપર સારા સારા વૈભવી બંગલાઓ આવેલા હતા, જેમાંનો મોટો બંગલો શેઠના પરિવાર-સમૂહ માટે અને તેનાથી ઊતરતા ઢાળની સપાટી પર બીજો એક નાનો બંગલો શિક્ષકોના નિવાસ માટે રાખ્યો હતો. અંદર બિછાનાં, બાથરૂમો, ગરમી માટે તાપણાં કરવાની અંગ્રેજી ઢબની ચીમનીઓવાળી સગડીઓ, વગેરે અમારા આરામ માટે વૈભવી સગવડો હતી. એક પહાડી નોકર અમારી તહેનાત સાચવવા મુકાયો હતો.

બાળકોના શિક્ષણ માટે અમારે રોજ સવારે ઉપરના બંગલે જવાનું અને બાર વાગ્યે ત્યાં જ પરિવાર આખાની પંગત સાથે જમીન પર નાખેલાં પાથરણાં પર બેસી જમવાનું. બપોર લગભગ ખાલી રહેતી, એટલે બાળકો ફુરસદે પર્વતીય પર્યટનો કે આસપાસનાં સ્થાનોની મુલાકાત માટે જતાં. રાત્રે તો ફક્ત વાળુના સમયે અમારે હાજર થવાનું રહેતું. બપોર પછીનો સમય બધા જ ઘણે ભાગે થોડી વાર ગરમ બિછાનામાં આરામ કરતા, વાંચતા કે નિદ્રા લેતા અને ચોકસી માસ્તર અંગ્રેજી છાપાં વાંચી અન્ય શિક્ષકબંધુઓને તાજા સમાચાર સંભળાવતા. હું સંગીત-શિક્ષક પાસે તેમના શાળાજીવનનાં અને ગુરુવર્ય વિષ્ણુ દિગંબરજીનાં અનેક સંસ્મરણો સાંભળતો. એ કહેતા કે હું તો દગડ (પથ્થર) હતો; એમના જ પ્રતાપે પંડિત થયો. એમને સંગીત સિવાય કોઈ વિષયોમાં રસ નહોતો, તેમ શિક્ષકોમાં પણ પાઠય-વિષયોની બહાર સાહિત્ય, કે કલાની મર્મયુક્ત ચર્ચા થતી હું કદી સાંભળતો નહિ. બીજી બાજુ મને રોજિંદા સમાચારો કે વાતોમાં બહુ રસ નહોતો પડતો, એટલે વાતાવરણમાં એકલવાયાપણું અને ગમગીની લાગતાં.

મારો એ પ્રથમ પર્વતીય પ્રવાસ હોવાથી મને પહાડોના રસ્તાની પણ ગમ પડતી નહિ, છતાં કોઈ કોઈ વાર એકલો મૉલબજાર સુધી જઈ પહાડી વસ્તી અને વેપારીઓ તથા પહાડમાં શ્રીમંતો કે અશક્તોને




મસૂરીનો 'ઊંટ-ટેકા-પહાડ'
સ્કેચ : ર. મ. રા.

ફેરવનારા દંડીવાળા પહાડીઓને જોઈ આવતો. અમારો ઢાળ ઊતર્યા પછી પહાડની મેદાન બાજુની સૃષ્ટિ પણ જોવા મળતી. તેને લોકો 'દૂન' કહેતા. રાત્રે દેહરાદૂનના દીવા દેખાતા. ઉત્તર બાજુએ પહાડો ચડતી હારોની છેક પાછળ પીંઢારી હિમશિખરો દેખાતાં. ખરી હિમ-ગિરિમાળા તો અનેક માઈલ દૂર હતી. અમારા મંડળમાં કોઈમાં રાષ્ટ્રભાષા માટે પણ આગ્રહ કે ઉમંગ નહોતાં. ગૃહમંત્રી નંદલાલ અને ઑફિસ-સેક્રેટરી મિ. મૅસ્કરીનસ અમારા બંગલાની પાંખ પરના એક રૂમમાં ગોઠવાયા હતા.

૫૪૨ નવા સંપર્કો

અંબાલાલ શેઠે પહેલું અડવાડિયું તો સંપૂર્ણ આરામ લીધો. અમે ત્યાં જઈને વર્ગો ચાલુ કરીએ તે પછી લગભગ નવ વાગ્યે તે જાગૃત થતા યા બહાર નીકળતા. પણ બીજા અડવાડિયે જોયું તો અમે જઈએ તે પહેલાં તો સેક્રેટરી મિ. મૅસ્કરીનસ ત્યાં પહોંચી બગીચાના એક



મસૂરીનું મૉલબઝાર. ઊંચે ટેકરીને મથાળે ત્યાંની લાયબ્રેરીનું મકાન છે.

ખૂણે ટેબલ પર ટાઈપરાઈટર લઈ બેસી ગયા હોય અને શેઠ અંબાલાલ બિછાનાના પોશાકમાં જ તેમની સામે બેઠા બેઠા હાથમાં કાગળો અને મોંમાં સિગાર રાખી થોકબંધ કાગળોનો નિકાલ કરી રહ્યા હોય. બાજુમાં ચા-નાસ્તો પડચો હોય. મિ. મૅસ્કરીનસનું કહેવું હતું કે બપોર પછી પણ આ કામ ચાલુ રહેતું. પણ રવિવારે તદ્દન બંધ. તે દિવસે પરવારીને આખો પરિવાર શિક્ષકો સમેત આસપાસની નીચેની ખીણોનાં રમ્ય સ્થાનોમાં જતો. પહાડી મજૂરો માથે ચા-નાસ્તાનો સામાન ઊંચકી સાથે આવતા. એક તરફ પહાડોમાંથી સેંકડો ફીટ ઉપરથી કોઈ ધોધ પડતો હોય તેની સામેના મેદાનમાં કે પથ્થરની શિલાઓ ઉપર સૌ આરામથી બેસતા, આડા થતા કે છોકરાંઓની રમત જોતા. મિ. સ્ટૅન્ડિંગ પણ પાછળથી આવી પહોંચેલા. તે તો અગાઉ આવી એકાદ સફરમાં સાથે જોડાયા હશે એટલે છોકરાં સાથે ખૂબ ખેલી-હસી મજા માણતા. પણ આ વખતે તબિયતના કારણે કે વાતાવરણ બરાબર ફાવ્યું નહિ તેથી ત સૌની રજા લઈ વહેલાં વિદાય થયા.

અંબાલાલ શેઠ જમતી વખતે દરેક જણને ઉદ્દેશીને કંઈક વાર્તાલાપ ઉપજાવતા, એ પરથી મને તેમની બહુલક્ષી શક્તિનો આછો ખયાલ આવ્યો. એક વાર અચાનક પૂછ્યું : 'હાજીમહમ્મદ-સ્મારકનું કામ કેટલે આવ્યું?' મને બચુભાઈ તરફથી પત્રો મળતા તેના આધારે મેં તરત કહ્યું કે હવે બહાર પડવાની તૈયારીમાં છે. વળી એક વાર કહ્યું : 'તમે કલકત્તા પ્રદર્શનમાં પ્રચાર-ચિત્રની સ્પર્ધામાં ઈનામ મેળવ્યું, ખરું?' મને અજાયબી લાગી, પણ તેઓ જાતે તે પ્રદર્શન જોઈ આવ્યા હતા અને મારું પોસ્ટર પણ છપાએલું જોયું હતું. હું પણ પૂરું જાણતો નહોતો એવી કેટલીક માહિતી તેમને હતી : 'તમને જરા અન્યાય થયો છે એવું મને લાગે છે.' એમ પણ તેમણે વિવેચન કર્યું. મનમાં સમજ્યો કે તેઓ સાચા ગુણ-પરીક્ષક અને નિરીક્ષક છે. કોઈ વાર શિક્ષણ વિષે એવા પ્રશ્નો કાઢે કે શિક્ષકો ખુલાસો આપતાં મૂંઝાઈ જાય. ત્યારે કરુણાશંકર માસ્તર બચાવ કરી લેતા કે આ ચર્ચા બાળકો સમક્ષ ન થાય તો સારું.

આપ્ટે માસ્તર પણ મારી જેમ મૂંઝાતા હતા. તેમનો સંગીતનો અભ્યાસ માત્ર બાળકોની કક્ષામાં પર્યાપ્ત થતો પણ મારી સંમતિથી તે રોજ વહેલી સવારે તંબૂર લઈ રાગો ઘૂંટે તે સાંભળવાની મને મજા પડતી. ઘણે ભાગે તે બહાર જવામાં કે જમવા બેસવામાં મારે જ પડખે રહેતા.

તેમની રિયાઝો અને તબલા-તંબૂરના સ્વરો, ઉપરની સપાટી પર આવેલા ગાયકવાડ સરકારના વિશાળ બંગલામાં પહોંચ્યા હશે. આ વખતે ત્યાં વિધવા રાજરાણી અને તેમની કારભારી કચેરીનો રસાલો હતો. કારભારી લક્ષ્મણરાવ કલારસિક પુરુષ હતા. તેમના રસાલામાં એક કાઠિયાવાડી ડૉક્ટર હતા તે મને રસ્તામાં મળી ગયા અને સંગીત બાબત પૂછ્યું, ત્યારે મેં આપ્ટે માસ્તરની વાત કરી એટલે તેમણે કારભારી દ્વારા રાણીસાહેબને વાત પહોંચાડી તે પરથી વિદેકસર શ્રી સરલાદેવીને વિનતિ થઈ કે સંગીત માસ્તર એક દિવસ તેમનું સંગીત

સંભળાવવા આવે. સરલાદેવીએ સંમતિ આપી, આપ્ટે માસ્તર તો ખુશ થઈ ગયા. મને કહે: મારું સંગીત પૂર બહારમાં સંભળાવવાનો આ પ્રસંગ છે. તમે સાથે આવો. હું સૂબાસાહેબને વિનંતી કરીશ.' જોકે ત્યાં તો ડૉકટર પણ મારી સિફારસ કરનાર જ હતા.

એ જલસો ત્રણ કલાક ચાલ્યો. મસૂરી જેવા પહાડી સ્થળે શાસ્ત્રીય સંગીતની આવી મજા ક્યાંથી મળે! સૂબા લક્ષ્મણરાવજી પાસે એક ફણસલકર નામના માણસ હતા તેમણે બાહોશીથી તબલાં સંભાળી લીધાં હતાં. શાસ્ત્રીય ગાયકી પણ તેઓ જાણતા હતા. ડૉકટરની મૈત્રી મને બહુ ઉપયોગી થઈ પડી.

૫૪૨ શારીરિક ઉપદ્રવો

પર્વતીય નિવાસમાં ઘણી વાર રાત્રે સખત વરસાદ પડી જતો, અને આગલે દિવસે જ્યાં કોરી ભૂમિ કે કરાડો હોય ત્યાં સવારમાં ફૂલો ફૂટી નીકળતાં જોતા. સમસ્ત વનરાજી ત્યારે હસી ઊઠતી. આ ચમત્કાર મેદાની પ્રદેશોમાં કદી જોવા મળે નહિ. પણ ઠંડી અને શરદીથી નહિ ટેવાએલાં અમારાં શરીરો પર હવા ઝપટ મારી જતી. રાત્રે પહાડી નોકર ચીમની નીચે તાપણું કરી આપતો. સવારે બંધબારણે જ ગરમ પાણીથી સ્નાન કરી ધાબળાઓ વીંટી બધું મંડળ ઠંઠવાતું ઉપર બંગલે જતું. ત્યાં અમારી પાસે સગડીઓ મુકાતી ત્યારે કામ થતું. મને ઘણી વાર સૂંઠ-વાળી ચાની જરૂર પડતી તે મારા મિત્ર ગૃહમંત્રી નંદલાલ રસોડામાં ખાસ બનાવડાવી સાથે પીતા. એટલી ઘડી મૈત્રીનો આસ્વાદ મળતો.

પણ મારી નબળી કાયા ઉપર ઠંડીની કાતિલ અસર થઈ. જમણા કાનમાં શરદીનો સોજો થયો અને તે બહેરો બની ગયો. ગળા પર એક ગૂમડું થયું અને હું સૌનો દયાપાત્ર બની ગયો. એવામાં એક વાર પરિવાર-ના કોઈ પ્રસંગે અંબાલાલ શેઠે કપૂરથલાના સિવિલ-સર્જન ડૉ. સોહન-લાલને બોલાવેલા, તેમને મેં મારો કાન બતાવ્યો એટલે એમણે પોતાને ત્યાં આવવા કહ્યું. મને તો ડર હતો કે આ મોટા માણસના ડૉકટર મારી પાસેથી શી યે ફી માગશે; પણ હું તેમના ઘેર ગયો ત્યારે મને મિત્રભાવે આવકાર્યો અને પિચકારીથી કાન ધોઈ લાઇટ નાખી જોઈ કહ્યું કે અંદર છિદ્ર પડ્યું છે અને પાક થાય છે. તેમણે દવા-ઉપચાર કર્યો; ગળાનું ગૂમડું ફોડી પાટો બાંધ્યો; સાથે દવા આપી. મેં રાહત અનુભવી. બીજે કે ત્રીજે દિવસે બતાવવા ગયો ત્યારે ગૂમડું રુઝાઈ ગયું હતું પણ કાન વહેતો થયો હતો. તેમણે દવા આપતાં મારી કળા વિષે પૂછ્યું અને સહજભાવે પોતાનો સ્કેચ કરવા કહ્યું. મને ઉપકારનો બદલો આપવા હોંશ હતી, એટલે મેં કહ્યું કે કૅનવાસ લાવો તો હું તૈલચિત્ર કરી આપું. તે મારી સાથે મૉલની દુકાનમાં આવ્યા અને ખર્ચ કરી કૅનવાસ અને ચોકઠું લઈ આવ્યા. પછી બેત્રણ દિવસ બેસી મેં તેમની મુખછબી ઉતારી તે એટલી હૂબહૂ થઈ કે કપૂરથલા પ્રિન્સ (યુવરાજ)ને બતાવતાં તેમણે મને મુલાકાત પર બોલાવી કોઈ વાર કપૂરથલા આવવા કહ્યું. આ બધી વાત શેઠ અંબાલાલે કપૂરથલા પ્રિન્સની મુલાકાત લીધી ત્યારે જાણી હતી અને જમતી વખતે આ વાત પણ કરી નાખી હતી. (ચાલુ)

અનુસંધાન] **કવિ દલપતરામ** [પૃષ્ઠ ૯૩થી

ની દ્યોતક અને ગુજરાતી કાવ્યસાહિત્યની ગૌરવપ્રદ ઘટના છે.

પ્રસાદ અને માધુર્ય એમની કવિતાના મુખ્ય ગુણ છે. અનાયસ પ્રાસ, ગતિશીલ પ્રવાહી પદ્ય, નૈસર્ગિક નર્મ, નિર્દેશ મર્મ, છંદશુદ્ધિ આદિ એમની કાવ્યબાનીનાં પ્રધાન લક્ષણો છે. તેજસ્વી કલ્પના, સમુચિત અલં-કારો, સીધો ઉપદેશ અને સભારંજનીપણું પણ એમાં આગળ તરી આવે છે. એમની શીઘ્ર અને નૈસર્ગિક કવિત્વશક્તિએ દલપતરામની કલમ પાસેથી અનરાધાર કાવ્યવૃષ્ટિ કરાવી છે. એમની સરળતા, ચાતુરી, મનો-રંજકતા અને લયાત્મકતાએ અનેક રાજા-પ્રજાનાં ઉત્તમાંગ ડોલાવ્યાં છે. ધ્રાંગધ્રા, વઢવાણ, ભાવનગર, ઈડર એમ અનેક રાજ્યે એમને વર્ષાસન બાંધી આપી શાલપાઘથી નવાજેલા. એ વખતના કોઈ પણ જાહેર સમા-રંભમાં દલપતરામનું કાવ્યવાચન ન હોય એ બને જ નહિ. ગુર્જરગિરા અને ગુર્જર પ્રજા જાણે એમના પર વર્ષી હતી. મુંબાઈ, સૂરત, વડોદરા, અમદાવાદ, વઢવાણ, અમરેલી, ગોંડલ વગેરે સ્થળોએ એમનું જાહેર સન્માન થએલું. રાજા-રજવાડાં, વિદ્વાનો-વિવેચકો, ધર્મધુરંધરો અને ધનપતિઓ, સસ્થાઓ અને સેવકો, અમલદારો ને આમ જનતા સહુના એ લાડીલા 'કવીશ્વર' હતા. ૧૮૮૫માં અંગ્રેજ સરકારે એમને સી.આઈ.ઈ. (કમ્પૅનિયન ઑવ ધી ઇન્ડિયન એમ્પાયર)ના ખિતાબથી નવાજેલા.

લોકચાહનાની છોળોથી ભીંજાતા દલપતરામનો નિવૃત્તિકાળ પણ પ્રવૃત્તિપરાયણ હતો. પક્ષાઘાતની અંતિમ લાંબી માંદગી દરમિયાન પણ જોડણીકોશ અંગેની ગૂંચો ઉકેલવા આવનારને એ માર્ગદર્શન આપતા, 'દલપત પિંગળ'ની નવી આવૃત્તિ માટે સલાહસૂચન આપતા, જીવનસ્મ-રણોની નોંધો ઉતરાવતા. આમ સાહિત્યસેવા તો ચાલુ જ હતી. માંદગીના બિછાનેથી જ એમણે પોતાના ગ્રંથોના સર્વાધિકાર સોસાએટીને સોંપેલા. સોસાએટી પ્રત્યેની એમની અજોડ પ્રીતિનું આ ઉદાહરણ છે. નાનાલાલના શબ્દોમાં એ માંદગી 'સાહિત્યના બ્રહ્મર્ષિની બાણશય્યા' હતી.

આવા પ્રવૃત્તિપરાયણ પુરુષનું ગૃહજીવન સાધુતાભર્યું હતું. મૂળીમા કાશીબા અને રેવાબા એમ ત્રણ પત્નીઓના ગૃહસંસારમાં મૂળીમા સાથેનું જીવન કલેશમય, કાશીબા સાથેનું સુખી સ્વપ્નવત્ અને રેવાબા સાથેનું સંતોષમય તથા સુદીર્ઘ પણ હતું. રાયકુંવર, હરિકુંવર, વીજકુંવર ને મણિબા એમ ચાર પુત્રીઓ તથા મોહનલાલ, મગનલાલ, છોટાલાલ, નાનાલાલ ને ચમન એમ પાંચ પુત્રોનો એમનો વિશાળ કુટુંબવડલો મીઠી છાયા પાથરતો. મૂળીમા સાથેનો કોટકજિયો, અને ઈ. ૧૮૬૫માં દેશવ્યાપી શેરસટ્ટાના છંદે સોસાએટીની નોકરી થોડો સમય છોડાવી રૂપિયા વીસહજારનું પાણી કરાવેલું, ઘર ગિરવે મુકાવેલું એ બે ડાઘને ઉપેક્ષીએ તો એમનું જીવન ચંદ્રધવલ હતું.

એમના પ્રભાવશાળી ગૌર દેહમાં એવું જ નિર્મળ હૃદય ધબકતું હતું. એમની તેજસ્વી મેધા અને અદ્‌ભુત સ્મરણશક્તિને એમણે નિરા-ડંબરી ભાવે સેવી હતી. ભાવનાભર્યા એમના હૃદયમાંથી સૌને માટે એક સરખો સ્નેહ વહેતો. સ્વામીનારાયણ સંપ્રદાયદીધી શુચિતાએ એમના જીવનવ્યવહારને પણ એટલો જ વિશુદ્ધ રાખ્યો હતો. એમની માનવીય દૃષ્ટિએ એમની પાસે લોકહિતનાં અનેક કાર્યો કરાવ્યાં હતાં. સાધુચરિત હોવા છતાં ય વ્યવહારકુશળ પણ એવા જ. એમની સાદી, સંયમી અને સરળ રહેણીકહેણી એમની ઉદાત્તતા અને વિનમ્રતાની પ્રતીતિ કરાવતી. વઢવાણથી દોરીલોટો લઈને નોકરી કરવા અમદાવાદ આવ્યા ત્યારે જ ઝોળો સાથે લાવેલા તે સ્વપ્રયત્ને ઊભી કરેલી 'કવેશરની હવેલી'માં હંમેશાં એમણે લટકાવી રાખ્યો હતો. સ્તુતિ-નિંદાથી એ હમેશાં પર રહેતા અને કર્તવ્યપરાયણતાથી દૈવદીધું કાર્ય પાર પાડતા. દલપતરામ એટલે સમન્વય—પૂર્વ અને પશ્ચિમનો, પ્રાચીન અને અર્વાચીનનો, સાધુતા અને વ્યાવહારિકતાનો! એમનું ઘર મિત્રો અને મહેમાનો, શિષ્યો સગાંસંબંધીઓનું પ્રેરણાધામ હતું. આથી જ દલપતરામ એક વ્યક્તિ નહિ પણ સંસ્થા હતા. એમના સ્થિતપ્રજ્ઞતા અને ધીરોદાત્ત-પણાએ દલપતજીવનની સકલ પ્રવૃત્તિઓને સર્જનગામી બનાવી હતી.

રંક કુટુંબમાં જન્મી સ્વપ્રયત્ને રિદ્ધિ રળનાર; સ્વામીનારાયણ સંપ્ર-દાયદીધી ધર્મનીતિથી નિજજીવન ને જનસમુદાયને રંગનાર; સુધારાના શાણા શિક્ષક; લોકહિતચિંતક કવિ તથા પ્રજાસેવક સંસાર પુરુષ; કુટુંબ-વત્સલ વડિલ અને કૃતજ્ઞ મિત્ર; સદાચાર અને સદ્‌વિચારના કડક હિમાયતી છતાંય કરુણાસભર મીણપોચા મનુષ્ય રત્ન દલપતરામ માતા અમૃતબાની એકાવનમી મૃત્યતિથિએ ઈ. ૧૮૯૮ના માર્ચની ૨૫મી તારીખે આ મર્ત્યલોકને છોડી અમૃતધામમાં જઈ વસ્યા ત્યારે નવ-ગુજરાતે એક પરમ પુરુષ ખોયાનો આઘાત અનુભવ્યો હતો. □

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૧૧ પહેલી એપ્રિલનું ટીખળ

અમારા વખતમાં એપ્રિલ ફૂલનો પ્રચાર આજના જેટલો ન હતો. એ મજાક સ્વદેશી નથી, વિલાયતથી આવેલી છે. જોકે પછીથી એનો પ્રચાર ધમધોકાર થવા લાગ્યો છે એ ખરું. અમારા હાઈસ્કૂલના દિવસોમાં એપ્રિલ ફૂલ વિષે કશું સાંભળ્યાનું યાદ નથી.

કૉલેજમાં ગયો અને માર્ચ મહિનાથી જ એપ્રિલ ફૂલના માહાત્મ્યની વાતો કાને પડવા લાગી. પછી તો બધા જ એની મજાકથી રંગાયા.

અમારી કૉલેજના છાત્રાલયમાં રિવાજ એવો હતો કે દરેક જણ પોતાની ઓરડીમાં જઈ બૂટ, જોડા કે ચંપલ જે હોય તે અંદર જ કાઢે. કોઈ કોઈને મળવા જાય તો તે તેની ઓરડીની અંદર પ્રવેશ કર્યા પછી કાં તો પાદત્રાણ પહેરીને જ ખુરશી ઉપર બેસે, અથવા ઓરડીને ખૂણે ઉતારીને દેશી ઢબે બેસે, પણ વાળ કતરાવવા હજામને બોલાવીએ તો એ પોતાનાં પગરખાં ઓરડી બહાર દરવાજા પાસે રાખે અને અંદર આવીને વાળ કાતરી આપે. આ રિવાજ સાર્વત્રિક હોવાથી કોઈ ને વાળંદની જરૂર જણાય તો વરંડા પર ઊભો રહી છાત્રાલયનાં બારણાં તરફ નજર નાખે. જે બારણા આગળ પગરખાં હોય ત્યાં જઈને બારણું ખોલીને વાળંદને કહે: 'અહીંનું કામ પૂરું થાય એટલે મારી અમુક નંબરની ઓરડીમાં આવીને મારા વાળ કાતરી આપજે.' વાળંદ ખુશીથી 'હા' પાડે.

હવે અમારામાંથી એક જણે યુક્તિ કરી. વાળંદને બોલાવ્યા વગર પોતાનાં જ પગરખાં ઓરડી બહાર રાખી બારણું બંધ કર્યું. બહાર પગરખાં પડેલાં જોઈ એક જણ વાળંદને બોલાવવા આવ્યો. અંદર બેઠેલા બેત્રણ જણાએ એને અંદર ખેંચીને કહ્યું: 'કેમ? બન્યાને એપ્રિલ ફૂલ! એ પગરખાં તો મારાં જ હતાં!' આટલું કહી મારા દોસ્તે એને કહ્યું: 'હવે અંદર જ બેસો. જતા નહિ. તમારા જેવો જ બીજો કોઈ આવે તો એને અંદર ખેંચવામાં અને 'એપ્રિલ ફૂલ' કરવામાં તમે પણ શરીક થાઓ.'

આવી તક કોણ છોડે? એ અંદર બેસી ગયા અને નવા 'બાઘા'ની રાહ જોવા લાગ્યા. તે દિવસે શનિવાર હશે કે રવિવાર, તેથી ઘણા લોકોને વાળ કતરાવવા હતા; એટલે જોતજોતામાં 'બાઘા' બનેલાઓની ભીડ એ ઓરડીમાં જામી, કેમ કે નવા માણસને 'બાઘા' બનેલા જોવામાં ઘાબ જ રસ ધરાવે. આથી કલાકો સુધી આ મઝા ચાલી.

બીજે વર્ષે મને એક નવી જ વાત સૂઝી. વિદ્યાર્થીઓની પંચાયત સભા તરફથી દર અઠવાડિયે વ્યાખ્યાન ગોઠવનાર સેક્રેટરીને મેં મારા કાવતરામાં ભેળવ્યા વગર કહ્યું: 'હું હમણાં 'ઇવોલ્યુશન' (વિકાસવાદ) ઉપર ખૂબ સાહિત્ય વાંચું છું. મારે આવતી પહેલી તારીખે એક વ્યાખ્યાન આપવું છે. મારો વિષય હશે 'વાંદરામાંથી જ માણસો ઊતરી આવેલા છે.' મારા ભાષણમાં મારા વાચનનો નીચોડ આપવા માગું છું.'

એ સમજી ગયા કે એપ્રિલ પહેલી વિષે આ ભોળાને કશી ખબર નથી. છો 'બાઘા' બની જાય. એણે રીતસરની નોટીસ લખી કાઢી બોર્ડ ઉપર ચોડી દીધી કે લિટરરી ઍન્ડ સાયન્ટિફિક સોસાએટીના આશ્રય તળે ડી. બી. કાલેલકરનું વ્યાખ્યાન ગોઠવ્યું છે. વિષય છે 'વાંદરાના વિકાસમાંથી જ માણસ પેદા થયો છે.' તારીખ: પહેલી. સ્થળ: કૉલેજનો મોટો હૉલ. સમય: બપોરે ત્રણ વાગ્યે.

સેક્રેટરીએ એના દોસ્તો સાથે મસલત કરી હશે. બધાએ માન્યું કે હું એપ્રિલ ફૂલ બની જઈશ. સાંભળવા કોઈ આવશે નહિ. પછી બધા મારી ઓરડીમાં ભેગા થઈ મારી મશ્કરી કરાવશે.

એપ્રિલની પહેલી તારીખ આવી પહોંચી. કેટલા યે વિદ્યાર્થીઓ ડાહ્યું મોઢું રાખી મને પૂછે કે આજે તમારું વ્યાખ્યાન છે ને? હું પણ કહું: 'હા, હા કાલે રાત્રે મારા બધા મુદ્દાઓ લખી કાઢ્યા છે. ચાર્લ્સ ડાર્વિનથી પણ હું આગળ ગયો છું. બધી રીતે સિદ્ધ કરવાનો કે વાનરમાંથી જ નર પેદા થયો છે.' અને તેઓ 'અમે જરૂર સાંભળવા આવીશું.' કહીને મનમાં ને મનમાં હસીને રસ્તે પડે.

ત્રણ વાગવા આવ્યા એટલે ત્રણચાર જણા મને લઈ જવા મારી ઓરડીમાં આવ્યા. કેટલી બધી મનની તૈયારી! કે ઓરડીમાંથી કૉલેજ સુધી એને દોરી જઈશું. અને ત્યાં કોઈ આવ્યું નથી એ જોઇને બાઘો મૂંઝાશે. આપણે એને એપ્રિલ ફૂલ કહીને બનાવીશું.

આ તરફ હવે મારી તૈયારીની વાત કરું. મારા એક જૂના ધોતિયામાંથી બે ઈંચ પહોળી અને ત્રણેક ફૂટ લાંબી ચીંદરડીઓ કાઢી લીધી. દરેક ચીંદરડીને ગોળ લપેટી એ ગજવામાં રાખી અને જે કોઈ ખુરશી ઉપર બેસે એની સાથે વાતો કરતાં ખૂબીથી ખુરશી પાછળ પડેલી વસ્તુ ઊંચકવા નિમિત્તે નીચો નમીને ચીંદરડીનો એક છેડો ટાંકણી વતી એના કોટને વળગાડી દઉં. એ ત્રણ-ચારેયને આ રીતે મેં પૂંછડીઓ પહેરાવી દીધી. પછી વ્યાખ્યાનનાં કાગળિયાં હાથમાં લીધાં અને ઓરડીમાંથી બહાર નીકળ્યો, ત્યાં કેટલા યે મિત્રો આવીને ડાહ્યું મોઢું રાખી મને કહેવા લાગ્યા: 'આજે ખૂબ તૈયારી છે ને? ચર્ચા ખૂબ થવાની છે હોં!' મેં કહ્યું: 'હું તો ચર્ચામાં ઊતરવાનો જ નથી. મારી પાસે પ્રત્યક્ષ પુરાવા છે!'

ઓરડીમાંથી બહાર નીકળેલા દરેકના કોટ પાછળ સારી સરખી પૂંછડી લટકતી હતી. મેં એકને કહ્યું: 'તમે જરા ફરો. તમારી પીઠ જોવી છે.' એના કોટ સાથે પૂંછડી લટકતી જોઈ બધાએ તાળીઓ વગાડી. બિચારો ભોંઠો પડ્યો. મેં કહ્યું: 'જરા થોભો. આ તાળીઓ વગાડનારામાં પણ મારો સિદ્ધાન્ત પુરવાર કરનારા છે.' ભોંઠો પડેલો સમજી ગયો. એણે જબરદસ્તીથી બે-ત્રણ જણને ફેરવી એની પીઠ જોઈ, ને એને પણ પૂંછડી જોઈ તાળીઓ વગાડી. એટલામાં તો પચ્ચીસ-ત્રીસ જણ ભેગા થઈ ગયા. મેં હસતાંહસતાં પૂછ્યું: 'આટલો પ્રત્યક્ષ પુરાવો રજૂ કર્યા પછી હવે મારે દલીલો કરવાની જરૂર છે?' ખૂબ હસાહસ ચાલી. કોઈ પોતાની પૂંછડી કાઢી નાખવા મથે તો બીજાઓ એને રોકે. થોડા લોકોએ આ બે-ચાર જણને પકડી વરંડામાં જરા ફેરવ્યા અને પછી વધુ ફજેતી ન થાય એટલા માટે પ્રેક્ષકોએ જ એ પૂંછડીઓ કાઢીને એમના હાથમાં આપી. મેં કહ્યું: 'સબૂર, આવડો મોટો સિદ્ધાન્ત સિદ્ધ કરનાર તો હું. એટલે એ પૂંછડીઓ મને આપો. બધાએ પોતપોતાની પૂંછડી મને સોંપી દેવી અને ફરી પાછા માણસ થઈ પોતપોતાની ઓરડીમાં ચાલ્યા જવું.'

તે દિવસે આખી સાંજ એની જ હસાહસ હૉસ્ટેલમાં ચાલી. બીજે દિવસે શહેરમાંથી વિદ્યાર્થીઓ આવ્યા તેમને પણ જાણ થતાં જે મળે તે મારું અભિનંદન કરે. અંતે મેં કહ્યું: 'જે ભાઈઓને ભોગે મેં આ મઝા કરી એમના સંતોષ ખાતર એ ચારે પૂંછડીઓ મારા કોટને લગાડવાનો છું. પછી એમને એટલું બધું માઠું નહિ લાગે.' મારે એવું કશું કરવું ન હતું, પણ એમની ફજેતી ઉપર આવી રીતે ઉદારતાનો ડામ દેવો હતો.

ઉપરના બનાવ પછી બીજે કે ત્રીજે વર્ષે (મને બરાબર યાદ નથી) અમે તો પીઢ વિદ્યાર્થી થયા હતા. હવે અમને કોઈ મજાક સૂઝે નહિ. જમી કરીને મારી ઓરડીમાં બેઠો હતો. (ઓરડીનો નંબર ત્રેવીસ) એટલામાં એક જણે બહારથી બારણા ઉપર ટકટક કર્યું. મેં દરવાજો ખોલ્યો. પૂનાના એક વિખ્યાત ડૉક્ટર ગજવામાં સ્ટેથોસ્કોપ લટકાવી મારી

(અનુસંધાન પૃ. ૧૦૩)

સત્ત્વશીલ ભારતીય સંસ્કારપરંપરાનાં ઉચ્ચ જીવનમૂલ્યો નિરૂપતાં મુકુંદરાય પારાશર્યનાં વ્યક્તિ-પ્રસંગ-ચિત્રો



કવિદાદા હરગોવિંદ પ્રેમશંકર

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકરના નાના ભાઈ કવિ હરગોવિંદ પ્રેમશંકરનો નિકટનો પરિચય મને ઈ. સ. ૧૯૪૬માં મારી નોકરીને અંગે મહુવા બદલી થઈ ત્યારે થયો. તે સમયે એમની વય ૭૪-૭૫ વર્ષની હતી. ઈ.સ. ૧૮૯૬માં મહુવામાં ભાવનગર રાજ્યની ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલમાં માસિક રૂ. ૧૫ના પગારથી દાખલ થઈ, ત્યાંથી જ ઈ. ૧૯૨૧માં માસિક પગાર રૂ. ૨૫ મળતો ત્યારે સ્વેચ્છાએ રાજીનામું આપી માસિક રૂ. ૧૦ના પેન્શનથી છૂટા થયા. ફરી ક્દી નોકરી ન કરી. મહુવાના નગરશેઠ હરિલાલ મોનદાસના તે આજીવન માસ્તર, તેથી મહુવામાં એ માસ્તરબાપા નામથી ઓળખાતા. એ અમારા કુટુંબની એટલા નિકટ આવ્યા કે 'માસ્તરબાપા' યા 'કવિ' ન રહ્યા; કુટુંબના સ્વજન થઈ ગયા. અમે બધાં એમને કવિદાદા કહેતાં.

કવિ હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી જ્ઞાતે શ્રીમાળી બ્રાહ્મણ. એમનો જન્મ મહુવામાં તા. ૭-૭-૧૮૭૨ના રોજ થએલો. એમની દોઢ વર્ષની વયે પિતાનું અવસાન થયું. અત્યંત ગરીબ વિધવા માતા અમૃતબાઇએ (જુઓ 'મસ્ત કવિની જનેતા', 'કુમાર' અંક ૪૬૩) પારકાં દળણાં દળી છોકરા મોટા કર્યા ને ભણાવ્યા. હરગોવિંદ ભણવામાં હોંશીલો ને હોશિયાર હતો. મહુવામાં તે વખતે હેડ માસ્તર તરીકે કવિ કાન્તના મોટા ભાઈ માધવજી રતનજી ભટ્ટ હતા. એમના દીકરા હરિલાલ, જે પાછળથી જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં સારા પ્રોફેસર તરીકે પ્રતિષ્ઠા વરેલા તે અને હરગોવિંદ તેવતેવડા. એક જ વર્ગમાં ભણતા ને ભાઈબંધ થઈ ગએલા. એ હરિલાલને હરગોવિંદ શીખવે પણ ખરા. હેડ માસ્તરથી આ છાનું ન હતું. ચાર ચોપડી કર્યા પછી જ્યારે હરગોવિંદે કહ્યું: 'મારે વધુ ભણવું છે પણ મારી મા ના પાડે છે' ત્યારે હેડ માસ્તરે તેને કહ્યું: 'કે'જે તારી માને કે તને અંગ્રેજી નિશાળમાં દાખલ કરી દીધો છે.'

છોકરાએ ઘેર જઈ માને વાત કરી ત્યારે એ કમોદ ઓધાવતી'તી. તેણે છોકરાનો ઉત્સાહ જોઈ હરખમાં સાંબેલું મૂકી દઈ દીકરાને ખોળામાં લઈ કહ્યું: 'ખુશીથી ભણજે બેટા, ભણવું હોય તેટલું ભણજે.'

અને વળતે દિવસ એ જનેતાએ નિશાળે જઈ હેડ માસ્તરની સામે છોકરાની ફી ધરી. હેડ માસ્તરે કહ્યું: 'હોશિયાર તથા ગરીબ છોકરાને માફી કરી દેવાનો અમને અધિકાર છે.' માતાએ કહ્યું: 'છોકરાને મોટા થયા પછી એમ ન થવું જોઈએ કે અમે નિરાધાર રાંડીરાંડના છોકરા હતા માટે માફીથી ભણ્યા. મારે દેવી છે. એ ફી લઈ લો.'

ને માએ ફી ભર્યા કરી. ભણતાંભણતાં હરગોવિંદ ભાવનગરની શામળદાસ કૉલેજમાં આવ્યા. ત્યાંના પ્રોફેસર ઍન્ટીએ હરગોવિંદનાં ચારિત્ર્ય, વિદ્યાસંપત્તિ વગેરેથી પ્રસન્ન થઈ પોતાના એક પારસી મિત્રની પુત્રી બચુભાઈના શિક્ષક તરીકે એ કુટુંબ સાથે રહેવા જવા દરખાસ્ત મૂકી, ને હરગોવિંદ અભ્યાસ છોડી શિક્ષક બની પંચગની ગયા. એ કામ પાંચ વર્ષ કરી પાછા આવી મહુવામાં ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા.

મહુવાના નગરશેઠ મોનદાસનો એકનો એક પુત્ર હરિલાલ (ઈ.સ. ૧૮૮૫-૧૯૬૯) ત્યારે અંગ્રેજી ત્રીજા ધોરણમાં હતો. નગરશેઠની પડોશમાં જીવણરામ લક્ષ્મીરામ દવે રહેતા, ને નગરશેઠ ઘણી બાબતમાં એમની સલાહ લેતા. ઘેર અભ્યાસ માટે સારા શિક્ષક રાખવા સંબંધમાં પૂછતાં જીવણરામે હરગોવિંદનું નામ ભાર દઇને સૂચવ્યું, ને ત્યારથી હરગોવિંદ હરિલાલને ભણાવવા જતા. શિક્ષક શું અને કેવું ભણાવે છે એની ખાનગી તપાસ રાખતા શેઠે જ્યારે જોયું કે ભણતર શાળાનાં પુસ્તકો પૂરતું મર્યાદિત નથી પણ ચારિત્ર્યના ઘડતર સંબંધે પણ શિક્ષક રસ લે છે ત્યારે તે ઘણા ખુશ થયા. બે વર્ષ પછી તે મરણપથારીએ પડ્યા ત્યારે હરગોવિંદ એમના ખાટલા પાસે કલાકો સુધી બેસતા ને એમની વાતોથી શેઠને શાતા વળતી. એ શેઠે હરગોવિંદને છોકરાની ભલામણ કરી: 'આ છોકરાને તમારે જીવનભર સંભાળવાનો છે.'

ઇ. સ. ૧૯૦૧ના જુલાઈમાં શેઠ મોનદાસનું અવસાન થયું. પછીના સંબંધ વિષે શેઠ હરિલાલ મોનદાસે મને નીચેની વિગતે લખી જણાવ્યું:

'પિતાના અવસાન પછીની બધી સ્થિતિમાં કુટુંબી તરીકે હરગોવિંદ માસ્તરે પોતાની જાતને પુરવાર કરી. સાથોસાથ મને અનુભવજ્ઞાન ઐતિહાસિક રીતે અને પ્રત્યક્ષ રીતે ભણાવવાનુ ચાલુ રાખ્યું. મેં શાળાનો અભ્યાસ છોડયો પણ પોતાના પ્રેમ અને લાગણીથી જ્ઞાન અને અનુભવ બને તેટલાં આપવા પ્રયત્ન કર્યો. ટ્યુટર તરીકે પહેલાં જે ટ્યૂશન ફી તે લેતા તે પિતાના અવસાન પછી લેવાની તેમણે સાફ ના પાડી. મારાં માતુશ્રી ને માસ્તરનાં માતુશ્રી અવારનવાર મળતાં ને ધાર્મિક ચર્ચા કરતાં. માસ્તરનાં માતુશ્રીએ માસ્તરને કહ્યું: 'બેટા, મોનદાસ શેઠ ગુજરી ગયા છે. એના હરિલાલને ભણાવવો એ ફરજ છે પણ ભણાવવાની ફી હવે ન લેતો.' માસ્તરે કહ્યું: 'હું નથી જ લેવાનો, ને ના પણ કહી જ દીધી છે.'

માસ્તર મારાં માતુશ્રીને માસી કહી સંબોધતા. મને ખૂબ ઘરેણાં પહેરાવવાનો મારાં માતુશ્રીને શોખ હતો. મારું શરીર ઘણું દૂબળુંપાતળું હતું તેથી મારાં માતુશ્રીને બહુ ચિંતા થતી. નબળા શરીરે શ્રમ કરવાથી શરીર વધુ ઘસાશે એવી દહેશતથી મને મહેનત કરવા ન દેતાં ને શિયાળામાં શક્તિવર્ધક પાક વગેરે કરી ખવડાવતાં, અને પોતાની ચિંતા માસ્તરને વારંવાર કહેતાં. માસ્તરે કહ્યું: 'હુ એક શિક્ષક તરીકે તમારા ઘરમાં નથી, પણ કુટુંબના માણસ તરીકે છું. આ છોકરાને નામના કાઢે તેવો બનાવી તેનો મિત્ર બનું એવી મારી ભાવના છે... છોકરાને ઘરેણાં પહેરાવવાં નથી. એ મૂકો પેટીપટારાંમાં અને આ શિયાળાના પાક પચાવવા માટે શિયાળાની ટાઢ ખાઈ કસરત કરાવવી પડશે. હું સવારે પાંચે હરિલાલને તેડવા આવીશ ને અમે હારે ફરવા જાશું.


રોજ સવારસાંજ આ રીતે હરગોવિંદ માસ્તર મને ફરવા લઈ જતા ખૂબ ફરીને માલણ નદીની વેકુરમાં દોડાવતા. પછી સામે ભેંશવાળાને ત્યાં તેડી જઈ શેડકઢું દૂધ કળશો ભરી પિવડાવતા. તેના પૈસા હરગોવિંદ માસ્તર આપતા. આ વાતની ખબર મારાં માતુશ્રી તથા કાકાને મેં કહી તે પછીથી ફરી આવીને અમે અમારે સિકંજે જતા ને ત્યાં અ-

મારી ભેંશું હતી તેનું દૂધ પિવડાવતા. આથી મારું શરીર સુધરી ગયું ને બળ તથા વજન બન્ને વધ્યાં.

'હરિલાલ ક્યાં ય પાછો નહિ પડે' એવી માસ્તરબાપાની ખાતરીને અંગે હું તાલીમ લેવા મુંબાઈ ન ગયો. માસ્તરબાપા સ્કૂલની નોકરી સિવાય મારી સાથે રહેતા, ચર્ચા કરતા, પુસ્તકો વંચાવતા, સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, વેપાર વગેરેનાં પુસ્તકો અક્ષરશઃ સમજાવી ચર્ચા કરાવતા. અને તેમ કરતાં રાત્રે ઘણી વાર સાથે અમારે ત્યાં સૂઈ રહેતા. મોડી રાત સુધી અનેક વિષયોમાં બોધ આપતા. આ ક્રમ એ જીવ્યા ત્યાં સુધી રહ્યો. એ કુટુંબી વડીલ તરીકે રહ્યા જવાબદારી ઉઠાવી, ખૂબ વિશ્વાસનાં કામો કર્યાં, લાલ બત્તી બતાવવામાં યે સંકોચ ન રાખ્યો. ગમે તેવી મુશ્કેલી વેઠી સત્ય જ રજૂ કર્યું. મારી પાસેથી આપવા છતાં બદલામાં કંઈ લીધું નથી. મેં આપવા યત્ન કર્યા ત્યારે તે કહેતા: તમારા પિતા તમારો હાથ મને સોંપી ગયા છે. તમે મારે મન પુત્રથી વધુ છો. તમને તો દેવાની મારી ફરજ છે. જે છે તે હું દઈ શકું છું તેનો મને સંતોષ છે.'

હરગોવિંદ કવિની ઉત્તરાવસ્થામાં આ હરિલાલ શેઠ અને ભાવનગરના નાયબ દીવાન નટવરલાલ મા. સુરતીના પ્રયત્નથી તેમનાં કાવ્યોનો એક સંગ્રહ 'રુબાયાત અને બીજાં કાવ્યો' કવિ નાથાલાલ દવેએ સંપાદિત કરી પ્રકટ કર્યો. શ્રી ઉમાશંકર જોષી લખે છે: એ પુસ્તકની મેં પ્રસ્તાવના લખી તે નિમિત્તે શ્રી નાથાલાલ દવે સાથે મહુવાના શેઠશ્રી હરિલાલે મને એક સુંદર કામળો મોકલેલો તે કદાચ હું નહિ સ્વીકારું એવા અંદેશાથી સંદેશો મોકલેલો: 'Tell the Poet: he expreses himself in poetry, I express myself in blankets-કવિને કહેશો કે કવિ કવિતા દ્વારા પોતાને અભિવ્યક્ત કરે છે તો હું કામળા વડે કરું છું.'

લાઠી ઠાકોર કલાપી સાથે કવિને મૈત્રી હતી. કવિ નોકરી કરતા તેથી મસ્ત કવિ પેઠે સાથે બહુ નહિ રહેલા, પણ ઘણા નિકટના મિત્ર હતા.



સત્યનિષ્ઠા, નિખાલસતા, ઋજુતા આદિ અંગે કલાપીને તેમને માટે ઘણું માન હતું. કલાપી કવિની ઉગ્રતાને પણ સહી લેતા. એક વખત મિત્રોને લઈ કલાપી માથેરાન ગએલા ત્યારે તેમની પાસે બુલબુલનાં પાંજરાં લઈ તે વેચનારો આવ્યો, અને કલાપી એ ખરીદી લેવા તૈયાર થયા. તે વખતે ઉગ્ર થઈ મિત્રોની વચમાં બેઠેલા કલાપીને હરગોવિંદે કહ્યું: ઠાકોર તમારી લાઠીમાં બુલબુલો આપમેળે આવે એવા બાગ બનાવો...એવા બાગ સજાવવા નથી ને બુલબુલો જ સાંભળવાં છે, એટલે આવાં બીચારાં પંખીને પકડી પાંજરે પૂરીને દીવાલો વચ્ચે ગોંધી રાખો છો. બીચારા વગડાના જીવને વગડામાં જીવવા દેતા નથી.'

કલાપીને કવિની વાત ગળે ઊતરી તો યે તે વખતે તેમણે બધાં જ પાંજરાં ખરીદી લીધાં. ને વળતે દિવસ મળસ્કે જાતે તે પાંજરાંનાં દ્વાર ખોલી ઉડાડી મૂક્યાં. (જુઓ 'કલાપી', કુમાર અંક ૪૬૫) કલાપીની અંતરંગ ઘણી વાત એ જાણતા. છેલ્લી વયમાં એ જે ચારપાંચ સ્નેહીનાં સ્મરણો વાગોળતા તેમાં કલાપી એક હતા.

કવિ કાન્ત સાથેની મૈત્રી એમને બાળ વયથી થએલી.—કાન્ત પોતાના મોટા ભાઈ હેડ માસ્તર માધવજી ભટ્ટ પાસે મહુવા આવતા ત્યારથી. ઈ. સ. ૧૮૯૭થી કાંત ભાવનગરમાં સ્થિર થયા. મસ્ત કવિએ પણ ભાવનગર નિવાસ કર્યો. હરગોવિંદ ભાવનગર આવે ત્યારે એ ત્રણે ઘણોખરો વખત સાથે જ હોય. કાન્ત તેમને 'ઋષિપુરુષ' કહેતા એવી પવિત્રતા તેમના જીવનમાં હતી. એમના કુટુંબનું શ્રેય કરવા તે તત્પર રહેતા અને એવા એક થએલા કે હરગોવિંદના મોટા પુત્રનું નામ 'નાનક' કાન્તે પાડેલું.

કાન્ત રાજ્યના કેળવણી-અધિકારી હતા અને હરગોવિંદ એમના જ ખાતામાં શિક્ષક હતા. મણિભાઈ (કાન્ત) ડિસ્ટ્રિક્ટમાં નીકળે ત્યારે અંગત પત્ર લખીને અથવા ખાતા મારફત તુમાર લખીને હરગોવિંદને



પોતાની પાસે તેડાવે. નિશાળમાંથી રજા લેવી પડે તે કાન્ત જાતે ઉપરી અધિકારી હતા તે મંજૂર કરે. ડિસ્ટ્રિક્ટમાં સવારે કામ પતાવી બપોરના બેચાર કલાક, ગામવાડીના કોઈ મોટા કૂવામાં આ કવિઓ નાહવા પડે અને ચત્તા ખાટલી તરમાં પાણીમાં પડ્યા પડ્યા વાતો કરે, કવિતા ગાય. આ જગજાહેર હતું. એ જ ખાતામાં કામ કરનાર અમુક ઉપરીઓને આ ન ગમતું. થોડા વખત પછી મણિભાઈ પાસેથી કેળવણીખાતું લઈ લેવામાં આવ્યું. નવા ઉપરીને મણિભાઈ પ્રત્યે દ્વેષ હતો. કાન્ત પોતે ઘણા તેજસ્વી અને વળી મહારાજાના માનીતા હતા તેથી તેની વિરુદ્ધ જાહેરમાં કંઈ થઈ શકતું નહિ, પણ તેના પ્રત્યેનો રોષ તેના મિત્ર હરગોવિંદ પર ઉતારવાનું તે ચૂક્યા નહિ. ખાતાફેર થયા પછી પણ કાન્ત બોલાવે ત્યારે હરગોવિંદ રજા ભરીને આવતા, એ રજા આ ઉપરી મંજૂર ન કરતા તો કપાતે પગારે પણ હરગોવિંદ રજા પર રહેતા. આથી તેને હેરાનપરેશાન કરવા યત્ન કર્યા, હરગોવિંદે તરત રાજીનામું લખી મોકલ્યું. તે વખતે નાનામાં નાના નોકરનું રાજીનામું પણ મહારાજા પોતે જ મંજૂર કરે તેવી પ્રણાલિ હતી. તેથી ખાતા મારફત રાજીનામું મંજૂર કરવાની ભલામણે તુમાર આવ્યો ત્યાર મહારાજાએ હરગોવિંદને રૂબરૂ બોલાવ્યા. હરગોવિંદ મહુવાથી આવી મહારાજાને મળવા હજૂર બંગલે ગયા ત્યારે તેમને ખબર ન હતી કે મહારાજાએ ખાતાના ઉપરીને અગાઉથી બોલાવી બધું પૂછીને તેમને અંદરના ઓરડામાં નજીક સાંભળે તેમ બેસાડીને પોતે હરગોવિંદને વાત સાંભળવા ઓસરીમાં બેસાડે છે. મહારાજાએ કારણ પૂછ્યું ને કવિએ હકીકત કહી. મહારાજાએ પૂછ્યું: 'કહો, તમારી શી ઇચ્છા છે? હું એ ઉપરીને શી સજા કરું તો તમે ખુશ થાઓ?'

હરગોવિંદે કહ્યું: 'એમને કંઈ સજા થાય એમાં મને રસ નથી. અધિકાર મળે તે બીજાનું ભલું કરવા માટે છે. પણ અધિકાર મળે અને તેનો અમલ પોતાને ચડે, રુઆબ વધે ને બીજા પર ત્રાસ ફેલાવવા મન થાય એવા અમલદાર આપે પસંદ ન કરવા જોઈએ.' મહારાજાએ પૂછ્યું:

'આપને કોણ એવા અમલદાર લાગે છે મને કહેશો?' હરગોવિંદે વાત કરીને ઉમેર્યું:

'ટનો ટભો ને ચીમનો ઈ ત્રણ મોટાં પાપ,
એમાં કૌશિક સાપ ક્યાંથી ભાળ્યો ભાવસિંહ?'

આ સાંભળી મહારાજા હસી પડ્યા ને અંદરથી ખાતાના ઉપરીને બોલાવ્યા ને પૂછ્યું: 'આપે કવિ હરગોવિંદની વાત બરાબર સાંભળી?' ઉપરીએ હા કહી, પણ તેનું મોં ઢીલું થઈ ગયું હતું. હરગોવિંદે કહ્યું: 'ઉપરી સાહેબ રૂબરૂ બેઠા છે તો વધુ વાતો કરવા મારે ના નથી. આવા અમલદારોથી તમારું રાજ શોભતું નથી અને મારે એવાની નીચે નોકરી કરવી નથી. તમે સરખી રીતે સાંભળો છો તોયે તમારી પાસે ફરિયાદ કરવા આવવા મોંખ નથી, ફુરસદ નથી અને મન પણ નથી. અમે છૂટા સારા. પેન્શન ન દેવું હોય તો કંઈ નહિ; પણ ઝટ છૂટા કરો.'

મહારાજાએ તેમને સ્વસ્થ કરીને કહ્યું: 'જુઓ; અમુક અમલદારથી રાજ શોભતું ન હોય તે બરાબર; અને તેથી જ, જેનાથી રાજ શોભતું હોય, અને રાજને જેની જરૂર હોય તેવાઓએ રાજની નોકરી છોડવી ન જોઈએ. એવા માણસો હોય તો જ રાજ માટે ને રૈયત માટે કંઈક સારું રહે. માટે આપને મારી વિનંતી છે કે હાલ છૂટા ન થવું. અને હું ખાતાના ઉપરી સાહેબને પણ કહું છું કે આવી ફરિયાદ ન આવે તેવી તે સાહેબ તકેદારી રાખવી. મને પણ નજર રાખવા તક આપો. આવું

કંઈ યે ફરી થાય ત્યારે રાજીનામું આપજો. તરત મંજૂર કરી દઈશ.'

મહારાજાનું માન રાખવા 'હા' કહી હરગોવિંદ ઊઠયા. સાંજે કવિ કાન્તને મળ્યા ત્યારે ભાવનગર આવવાના પ્રયોજનની વાત કરી. વાત સાંભળી કાન્તે કહ્યું: 'તમારે તેની કનડગત વિષે મને લખવું'તું ને? હું સીધો દોર કરી દેત.' કવિએ કહ્યું: 'એવું કરવાથી કોઈને ય શો લાભ?'

આમ હરગોવિંદ નોકરીમાં ચાલુ રહ્યા. પણ ઈ. સ. ૧૯૧૯માં મહારાજા દેવ થયા અને જૂની ખટપટ શરૂ થઈ. એ વખતે રાજ્યના ઍડમિનિસ્ટ્રેટરના હોદ્દા પર પ્રભાશંકર પટ્ટણી હતા, જેને કવિ સાથે ઘણો સારો સંબંધ હતો. પણ સંબંધ વટાવવા કવિને મન ન થયું. વગર વિલંબે રાજીનામું આપી અધૂરા સત્રે તા. ૩-૧-'૨૧ના રોજ માસિક રૂ. ૧૦ના પેન્શનથી છૂટા થઈ ગયા. એટલા પેન્શન ઉપર એ છેવટ સુધી જીવ્યા. ઈ. સ. ૧૯૪૮ના માર્ચથી સૌરાષ્ટ્ર સરકારે રચેલા પેન્શનના નવા ધોરણે માસિક પેન્શન રૂા. ૧૪ થએલું.

મહુવામાં ઈ. સ. ૧૯૪૬માં મારી પુત્રી ચિ. જ્યોતિની ટાઇફૉઈડની લાંબી બીમારીના વખતમાં એ જાતે બહુ નિકટ આવ્યા. મૂગા સેવાભાવી ડૉ. મહાશ્વેતાબેન ચૌહાણને તે તેડી લાવેલા. સાંજે હું ઘેર આવું તે પહેલાં કવિ આવી ગયા હોય. રાતે પરવારી નવ વાગ્યે ડૉ. મહાશ્વેતા-બેન આવે. કવિદાદા મને કહેતા: 'તમારે રાત જાગવી હશે. ઉજાગરા છે. બેચાર કલાક ઊંઘી લો. અમે બેઠાં છીએ.' પોણોસો વર્ષના કવિએ ચોમાસામાં દરદીની જવાબદારી પોતા પર લઈ રાતના બાર-એક સુધી બેસતા, માંદી છોકરી જાગતી હોય તો તેને ગમે તેવી વાતો કરી હસાવતા.

એ જ ચોમાસામાં કવિ ન્યુમોનિયામાં પટકાયા. ગોપનાથ મંદિરની જગ્યામાં વર્ષોથી રહેતા તે મકાનમાં એ એકલા હતા. તેમાં પત્નીના અવસાનને દોઢેક વર્ષ થએલું. હું ગયો ત્યારે તે તાવમાં પડયાપડયા બા, બા, કહી પુકારતા'તા. એ સાંભળી મને એ કવિની પંક્તિ યાદ આવી:

હાથે પાણી ભરું છું, હાથે ઘર વાળું છું.
હાથે વાસણ માંજું છું...
સહુ સ્નેહીને સંભારું છું. બા બા કહી પુકારું છું.

આ 'બા બા' કવિ તાવની વેદનાથી બોલતા ન હતા પરંતુ સ્નેહી-ઓનો, ને જીવનમાં સુવાસ ફેલાવી જેમણે કવિને છે તેવા બનાવ્યા તેવા તેમનાં માતુશ્રીનો કૃતજ્ઞતાપૂર્વકનો નામજપ હતો. મેં કહ્યું: 'ચાલો ઘેર. મારાથી સારવાર થાય; દવા થાય.'

કવિએ કહ્યું: 'અહીં સુખેસારો છું. દવા તો બેન મહાશ્વેતા મોકલાવે છે; ચિંતા રાખી જોઈ જાય છે. બાકી આ ઉંમરે હવે તો દવા ભગવાનની.'

મેં કહ્યું: 'એ તો છે જ. પણ સાજા થવામાં આપણે સાથ આપીએ તો તેને શ્રમ ઓછો.' કવિએ જવાબ ન દીધો. મેં ફરી આગ્રહ કરતાં કહ્યું: 'તમે કે'તા'તા કે મણિશંકર સાથે આનંદથી દિલ ખોલીને બેસતો તેમ આટલાં વર્ષે તમારી સાથે બેઠો છું. છેલ્લે ટાણે તમે મળી ગયા તે સારું થયું. તો હવે તમે મણિભાઈનું કહ્યું કરતા તેમ મારું પણ કોક વખત કહ્યું કરો...ઉદાર તો થવું જોઈએ.' કવિએ કહ્યું: 'એ ઠીક છે. પણ મેં આટલાં વર્ષ કાઢયાં. અહીં છોકરાં ફરતાં; મારી સ્ત્રી હતી; બધું આંખ સામે તરવરે છે. સમજ્યાને? અને જુઓ, આ સામે ભીંત પર ફોટા છે: મારી મા છે, મોટા ભાઈ છે; ત્યાં મણિશંકર છે, કલાપી છે. એ બધા મને અહીં જુએ છે ને તેમને જોતોજોતો હું તે દી'ના પ્રસંગ યાદ કરું છું. કાંઈ એકલું નથી. એની નજર છે. તમે ય મારે ભાઈ જેવા છો. પણ માંદગીમાં કે એવા કોઈ સંજોગમાં ભાઈને ય ન બોલાવું તેવો મારો સ્વભાવ છે. એટલે આવવાની વાત કરશો મા.'

એ ન આવ્યા. એક દી' સવારે હું ગયો ત્યારે એ રસોડામાં હતા. હું સીધો ત્યાં ગયો. તે ચા બનાવતા'તા. તપેલીમાં ગોળ નાખી તે ડબરી બંધ કરતા'તા. મેં એ જોયું ન જોયું કર્યું. ખાંડ અનાજના રૅશનિંગનો એ સમય હતો મહુવામાં રૅશનિંગ ઑફિસર હું હતો. મંદવાડમાં ડૉક્ટરની ભલામણ પર ખાંડની ચિઠ્ઠી રોજ ૪૦/૫૦ દેવાતી. કવિએ આડકતરી રીતે યે તેનું સૂચન નહિ કરેલું. ઑફિસે આવી મેં ખાંડની ચિઠ્ઠી ફાડી, અઢીશેર ખાંડ મંગાવી માણસ સાથે કવિને મોકલી આપી. માણસે આવી મને કહ્યું કે આનું શું દેવાનું છે એમ કવિ પૂછતા'તા, પણ આપે ના કહેલી તેથી મેં કંઈ જવાબ દીધો નથી.

તે સાંજથી સખત વરસાદ હતો. રાતના નવ પછી ડેલે સાંકળ ખખડી, બાર ઉઘાડયું તો કવિદાદા! વરસતા વરસાદમાં છત્રી હોવા છતાં શરીર કેડ સુધી ભીંજાએલું. તે ધ્રૂજતા'તા. હું અંદર લઈ ગયો. મંદવાડ ખાધેલે વૃદ્ધ શરીરે, ગામને બીજે છેડેથી તે વરસતા વરસાદે ચાલીને આવેલા. મેં કહ્યું: 'શા માટે આંટો ખાધો? કોઈ સાથે કહેવડાવવું'તું; આવી જાત.' કવિએ કહ્યું: 'તમારા માણસને પૂછયું પણ તેણે ગાળા ચાવ્યા, માટે આવવું પડયું. મેં કયાં ખાંડ માગી'તી? તમને મન થયું ને મોકલી તે રાખી, પણ પૈસા કેટલા થયા?'

મેં કહ્યું: 'એમાં લેવાનું ન હોય.'

'તો મારે રાખવાનું યે ન હોય', કહી અંગરખા તળેથી પૈસા કાઢી ગાદી પર મૂકયા. મેં કહ્યું: 'કવિદાદા, આમ કેમ કરો છો?'

તેમણે કહ્યું: 'કોઈની પાસેથી કંઈ યે લઈને મરવું નથી, માટે.'

માર્ચ ૧૯૪૭માં મારી બદલી ભાવનગર થઈ ત્યાંથી એક વાર ડિસ્ટ્રિક્ટ-માં મહુવા જવાનું થયું ત્યારે જાણ્યું કે લેડી ડૉ. મહાશ્વેતાની બદલી ભાવનગર થવાની છે, આથી એ બેનની હાજરીમાં કવિને કહ્યું: 'હવે તો તમારી સંભાળ લેનાર આ બેન પણ ભાવનગર જાય છે. તમે પણ આવી રહો. આવી તબિયતે અહીં એકલા રહેવું ઠીક નથી. ત્યાં તમને અને અમને બધાંને આનંદ થશે.'

કવિએ તુરત મોટા સ્વરે કહ્યું: 'તે શું થયું ભાઈ? મહાશ્વેતા ભલેને જાય. એની મા પણ ગઈ. ને લ્યાં કયાં ઓછાં ગયાં છે? એમ જુઓ તો મારા ભાઈ ગયા, કલાપી ગયા, મણિશંકર ગયા, છોકરાઓ ધંધે નીકળી ગયા, મૂંઝાઈ હેરાન થઈને દીકરો બિચારો હરિલાલ ચાલ્યો ગયો. કોણ જાણે કયાં હશે? કયાંય પત્તો નથી. સ્ત્રી યે મરી ગઈ. સહુ ગયા તો ય રહું છું ને એકલો? લ્યાં કયાં કોઈ હોય તો જ હું રહી શકું તેમ છું?'

મહાશ્વેતાબેન ચિંતા ન કરે એ કારણે કવિએ આમ કહ્યું એ અમે સમજતાં હતાં. થોડા દિવસ પછી કવિનો મારા પર પત્ર આવ્યો. તેમાં લખેલું: 'સહરાના રણમાં મીઠા જળની વીરડી સમાન બેન મહાશ્વેતા પણ હવે બદલી થતાં ભાવનગર જવાનાં છે એ ખ્યાલથી પણ મનમાં ચચરાટી થઈ આવે છે.' મને થયું: કવિએ આપેલી મીઠા જળની વીરડી-ની ઉપમા મહાશ્વેતાને ભલે મુબારક રહો, પણ જનસમાજને અપાતી સહરાના રણની ઉપમા કદાચ બંધબેસતી હોય તો પણ ઈષ્ટ નથી. આવા કવિહૃદયને સમાજ સંતોષી ન શકે, પણ કવિહૃદયની અવગણના ન થાય એટલું યે બનવા પામે તો એટલું યે ખરેખર ઓછું નથી.

મેં કવિને ભાવનગર આવવા આગ્રહભર્યા પત્રો લખ્યા. કવિએ જણાવ્યું. 'મણિશંકર ને મારા ભાઈ ગયા પછી મેં ભાવનગર સાવ છોડયું છે. હું રહી શકયો નથી.' મેં આગ્રહ છોડી લખ્યું: મણિશંકર ને મોટા ભાઈ ભાવનગરમાંથી જ નથી ગયા, તમારા સારા યે જીવનમાંથી ગયા છે. જ્યાં રે'શો ત્યાં એ છા ગએલા નહિ થાય. એટલે આ ઉંમરે તમારા જીવનમાં જે આવ્યા છે તેમના આનંદ ખાતર તેમની ઇચ્છાને માન આપ્યું હોત તો તેનો સંતોષ તમને રહેત. વિચારી જોશો.'

એ પછી બીજાં કારણો ભળતાં કવિ ભાવનગર આવી પોતાના મોટા પુત્ર નાનક—નાનાભાઈને ત્યાં રહ્યા. લગભગ રોજ હું મળવા જતો. એક સાંજે શ્રી બળવંતરાય મહેતા જે તે વખતે સૌરાષ્ટ્રના પ્રધાનપદે હતા

તેં મળવા આવેલા. કવિ સાથે તેમને જૂનો સંબંધ. ભાવનગર રાજ્યની ધારાસભાની ચૂંટણી વખતે કવિએ ચોમાસામાં પાકી સડક વગરના મહુવાનાં આજુબાજુનાં ગામડાંમાં, કાદવમાં ગોઠવણ સુધી ખૂંચી જતા તો યે, વગર વેતને ધૂમીને પ્રજાપરિષદ માટે કામ કરેલું. એ પ્રસંગની વાતો કરીને વાતવાતમાં શ્રી બલવંતરાયે કહ્યું : અમને માર્ગદર્શન જેવું કહેવા જેવું હોય તે જરૂર કહેશો.' કવિએ કહ્યું : 'મેં સાંભળ્યું છે કે તમે ભાવનગરના દીવાન થયા ત્યારે કેળવણી ખાતા મારફત શાળાઓમાં એવી સૂચના આપવામાં આવેલી કે કોઈ વિદ્યાર્થીને નાપાસ ન કરવો; નાપાસ થયો હોય તો યે ઉપલા ધોરણમાં ચડાવી દેવો, એ ખરી વાત?'

બલવંતરાયે કહ્યું : 'એવો હુકમ નો'તો. સંભવ છે કે સ્વરાજ્ય મળ્યું તેના આનંદમાં એમ કરવા સૂચન કરાયું હોય.'

કવિએ કહ્યું : 'હું સૂચન જ કહું છું. પણ એવી સૂચના યે દેવાય? હવે આપણે સ્વતંત્ર થયા એટલે પ્રજાને વધુ સારી તૈયાર કરવા માટે કેળવણીનું ધોરણ સુધારવું પડશે. સ્વરાજ્ય મળ્યા પહેલાં આપણે ચળવળિયા હતા, લડવૈયા હતા : હવે આપણે દેશનો વહીવટ સંભાળવો છે. પીઢ થયા વગર નહિ ચાલે; ને એ કામ ભાષણખોરીથી નહિ થાય. બલવંતરાયે એ વાત નમ્રતાથી સાંભળી તેનો રાજીપો કવિએ વ્યક્ત કર્યો.

ઑક્ટોબર ૧૯૫૦માં નિર્મળ ડેરી લિ. ના ફડચાના કામે મારે સવારના છએ ઘેરથી નીકળી જવું પડતું ને રાત્રે નવ દશ કે અગિયાર પછી અવાતું. તે દિવસોમાં કવિ રાત્રે અમારે ત્યાં આવતા. મારા પિતા સાથે બેસતા તેથી તેમને ઘણો આનંદ આવતો. રાત્રે એ ઊઠે ત્યારે થોડે સુધી વળાવવા જઈ, સરિયામ રસ્તે ચડાવી હું પાછો આવતો. તેમનું ઘર દૂર હતું. ચાલીને જવું, શિયાળાની ઠંડી, વૃદ્ધ શરીર, આંખે મોતીઓ અને મધરાત પછીનો ઉજ્જડ રસ્તો, એટલે તેમના ઘર સુધી મૂકવા તૈયાર થાઉં, તો યે ના કહેતા. 'તો પછી આમ હેરાન થવા રાત્રે ધક્કો ન ખાતા હો તો?' મેં એક વાર પૂછ્યું. તેમણે કહ્યું : 'મારા સારુ આવું છું, તમારા માટે નથી આવતો માંરા આવવાથી તમને તકલીફ પડે છે? તો કે' જો; તો નૈ આવું.'

મારા પિતા બહારગામ ગએલા, ને એક રાત્રે મારે અચાનક ડેરીના કામ સબબ રાજપરે રોકાઈ જવું પડ્યું. એ મધરાત પછી મારી રાહમાં થાકીને ગએલા. વળતી રાત્રે તે નહિ આવેલા તેથી બીજી સવારે હું તેમની ખબર કાઢવા ગયો. ઘરમાં પ્રવેશતાં નાનકભાઈએ ખબર આપ્યા કે પરમ દિ' રાત્રે દાદા પાછા આવ્યા નહિ. મનમાં થયું કે ક્યાંય બીજે સૂએ એવા નથી, પણ તમારી સાથેનો સંબંધ જુદી જાતનો છે એટલે સૂતા યે હોય. એથી મેં છોકરાને ખબર કાઢવા ન મોકલ્યો. આગળની વાત દાદા પાસેથી જ સાંભળો.'

કવિદાદા ખાટલામાં સૂતા'તા. મને કહ્યું : 'તમારી રાહમાં મધરાત પછી થાક્યો. પાછા વળતાં વિચારે ચડી ગયો કે અહેતુક મૈત્રીનો યે મોહ ન હોવો જોઈએ. એમાં રસ્તો ભૂલ્યો. દેખું નહિ, કોઈ માણસ નહિ. ચાલ્યે રાખ્યું. ઝાંખરાં વાગવા લાગ્યાં, ધોતિયું ફાટ્યું, તો યે આગળ વધ્યો ને અથડાયો. હાથ ફેરવી જોયું તો કબર હતી. આજુબાજુ ફર્યો, તો ઝાંખરાં ને કબરો જ. એટલે લાગ્યું કે કબ્રસ્તાન છે. બેચાર બૂમો મારી. મધરાતે કોણ હોય? ને કબરોમાં સૂતેલા સાંભળે તોયે શું બોલે? મને થયું : કબ્રસ્તાનમાં સહુ સરખા. મેં પણ આકાશ તળે કબરોની વચમાં લંબાવ્યું. જાનેવારી છે એટલે ઠંડો પવન બહુ હતો. પણ શું થાય? બંદાએ ગાયા કર્યું, થોડી ઊંઘ આવી, ને રાત નીકળી ગઈ.'

એ પછી જૂનની આખરથી તેમને તાવ શરૂ થયો ને જુલાઈની શરૂમાં તાવમાં હૃદય બંધ થવાથી અવસાન થયું.

ન્યૂ યૉર્ક-છેલ્લી વાર?

ન્યૂ યૉર્કનું નામ લેતાં તરત અનેક મિત્રોએ લખેલા પત્રો યાદ આવે છે. નાનાં બાળકો કોઈને લઈ બેસે એમ: 'વાર્તા કહો'! અને એ પણ ખાસ ડેમન રનિયનની જ! એનો સંગ્રહ ક્યાં મળે? એનું પુસ્તક તમારી પાસે હોય તો બે માસ માટે ન મોકલો? એવા સવાલો પણ એમાં ઉભરાતા રહ્યા છે. એક જણે તો વળી ચૅલેંજ ફેંકી છે કે રનિયન અને ઓ. હેન્રીની સરખામણી તમે કરી જ શી રીતે શકો?

આ યુનિવર્સિટીના વર્ગો લેવાની વાત નથી. ક્યાંય મેં બેની સરખામણી કરી નથી. એ બેનાં નામ એક ફકરામાં સાથે આવી જાય, એમાં આટલી આભડછેટ શા માટે? ઓ. હેન્રી (સાચું નામ વિલિયમ સિડની પૉર્ટર) ૧૯૮૦માં, એક જમાનો વહેલા જન્મ્યા અને રનિયન એની પછીના જમાનામાં જન્મ્યા, એમ લખવું એમાં ગુનો? ને એ બે જમાનાઓમાં જે ફરક, એ એમનાં લખાણમાં ફરક એમ કહેવું એ પાપ? રમણભાઈ નીલકંઠ અને જ્યોતીન્દ્ર દવે બે જુદાજુદા જમાનામાં જન્મ્યા, એથી એમનાં લખાણોમાં જમાનાની છાપ છે એમ આપણાથી ન કહેવાય? વિલિયમ સિડની પૉર્ટરને એક બૅંકના ખટલામાં સપડાવાથી જેલમાં જવું પડેલું. ત્યાં એક ચોકીદાર ઓરિન હેન્રીનો એને ભેટો થએલો. એ પરથી એમણે વાર્તાકાર તરીકે પોતાનું નામ ઓ. હેન્રી રાખેલું. ડેમન રનિયન બ્રોડવેના ગઠિયાઓ વચ્ચે રહેલા, અને પોતાનું જ નામ એણે નહિ બદલેલું; બાકી કઈક દાગીનાઓનાં શરીર તથા સ્વભાવ પરથી જાતજાતનાં નામો એમણે ઉપજાવેલાં અને પાડેલાં, એટલું કહેવામાં સરખામણી થઈ એવું લાગે તો ભલા આ દેશમાં લેખનકાર્ય કરવું જ અશક્ય છે! ભલે, હવે બેનાં નામ સાથે નહિ લખીએ. એની બે કે ત્રણ વાતો તો કરી છે. વળી એક ઓર કહીશું, પણ હમણાં નહિ.

મિશિગનથી ન્યૂ યૉર્ક નાની રજાઓમાં, યા કોઈ કૉન્ફરન્સ ટાણે જવાનું તો થતું જ. પણ હવે, ઈ. ૧૯૬૭ની અધવચ્ચે, મારો મિશિગન યુનિવર્સિટી સાથેનો કૉન્ટ્રેક્ટ પૂરો થતો હોઈ છેલ્લો એક આંટો મારવાનું મન થયું અને જૂનમાં ત્યાં જવાનું ગોઠવ્યું. જૂનમાં અમારી આંતરરાષ્ટ્રીય થીએટર ઇન્સ્ટિટ્યૂટ (આ આઈ. ટી. આઈ. વિષે આગળ લખી ગયા છીએ)ની બારમી બેઠક ત્યાં ભરાવાની હતી અને સુભાગ્યે અમારી યુનિવર્સિટીએ મને પ્રતિનિધિ તરીકે મોકલવાનું ઠરાવ્યું. મને ન્યૂ યૉર્ક જવું ગમ્યું. વળી ફરી વાર ચર્ચાચોતરા, ઉપરાંત દર સાંજે કૉકટેઈલ પાર્ટીઓ, પછી નવાં અવનવાં નાટકો, અને કૉન્ફરન્સ બાદ બેચાર દિવસ વધારે રહીએ તો જૂના મિત્રોને મળવાના મોકા, કોણ જતાં કરે?

આ કૉન્ફરન્સમાં ભારતથી આવેલા ભાઈબંધ શંભુ મિત્ર મળ્યા. ભારતીય નાટ્ય સંઘના પ્રતિનિધિ થઇને આવેલા, રેડીઓ ટ્રાન્ઝિસ્ટરોનો ધંધો કરનારા, ને એ ધંધાર્થે આવેલા એક ઓળખીતા પણ મળ્યા. (ભારત આવી કૉન્ફરન્સોમાં જેને સનાનસૂતક નહિ એવા 'પ્રતિનિધિઓ'ને ચૂંટી ચૂંટીને મોકલવાના કામમાં જેવો નિષ્ણાત છે, એવો એ દિશામાં બીજો કોઈ પણ દેશ નિષ્ણાત નહિ હોય!) પરિષદનાં પ્રમુખ મિસ રોઝામૉન્ડ ગિલ્ડર, બ્રોડવેના પ્રખ્યાત પ્રોડ્યુસર હૅરૉલ્ડ ક્લુરમાન, પ્રો. ચાર્લ્સ એલ્સન, પ્રો. હેન્રી વેલ્સ, એમ કઈકને ફરી મળવાનો પ્રસંગ સાંપડ્યો.

ચાર્લ્સ એલ્સન તો હિન્દમાં ઠીક રહી ગએલા, અને '૬૯ની સાલમાં ફરી વાર પણ આવ્યા હતા. એ જ્યારે પહેલી વાર હિંદથી પાછા ગયા ત્યારે, યાદગીરી તરીકે યા કોઈને ભેટ આપવાની ઇચ્છાથી કઈક પ્રવાસીઓ અહીંથી જાતજાતની ચીજો ખરીદી જાય છે એમ, એમણે દિલ્હીમાં એક ખરીદી કરી હતી તે મને યાદ હતી. અને એ ન્યૂ યૉર્કમાં ફરી જોવાની ઉત્કંઠા પણ હતી. પહેલે જ દિવસે એલ્સન સાહેબ નીચે હોટેલ



ઇન્ટરનેશનલ થીએટર ઇન્સ્ટિટ્યૂટની બારમી બેઠક ઉપર ફોટોમાં એ બેઠકના અને 'અમેરિકન નેશનલ થીએટર'ના પ્રમુખ મિસ રોઝામૉન્ડ ગિલ્ડર અને 'જોન ડી. રૉકફેલર થર્ડ ફન્ડ સ્કૉલરશિપ'ના મંત્રી મિ. પૉટર મેકરે સાથે લેખક **ચંદ્રવદન ચી. મહેતા**

અને એક અનુપમ-અદ્વિતીય ઉદ્યાન

બારબેઝોનના વિશાળ લાઉન્જમાં મળ્યા. અને એમણે જ વચગાળે એકાદ દિવસ એમને ત્યાં જવાનું સૂચવ્યું. પરિષદ પૂરી થયા બાદ એક મિત્રની સાથે એમની ગાડીમાં એમને ત્યાં ગયો.

આ મિત્રનો પણ મને ન્યૂ યૉર્કમાં અનાયાસ ભેટો થઈ ગયો હતો. મૂળ સૂરતના પણ પછી અમદાવાદમાં વસેલા એક કુટુંબની એ વિદ્યાર્થિની હતી. હવે ન્યૂ યૉર્કની બહાર દૂરના એક પરામાં નોકરી કરતી હતી. સૂરતમાં ચન્દ્રવદન શાહને, અમદાવાદમાં ઉમાશંકરને, ઝીણાભાઇને એમ ઘણાંને એ ઓળખે. દીવેટિયા કુટુંબને પણ ઓળખે. હોશિયાર, ચબરાક, વિલક્ષણ, સ્માર્ટ, તેજ બુદ્ધિની, ભારતવાસીઓને હમેશાં મદદ કરવા તત્પર. અમારી ઓળખાણ ત્રણચાર મહિના પહેલાં ન્યૂ યૉર્કમાં થએલી, એટલે એ પણ મને મારા ન્યૂ યૉર્કના આ છેલ્લા નિવાસ દરમ્યાન હોટેલમાં મળવા આવે. એણે એલ્સનસાહેબને પૂછી રસ્તાઓની માહિતી મેળવી લીધી. ગાડી એને જ હાંકવાની હતી. અને ન્યૂ યૉર્કમાં, કે પરામાં બહાર, હાઇવે ઉપર જો રસ્તો ચૂક્યા કે કોઈ આડી ગલીમાં દાખલ થઈ ગયા તો પાછા ફરવાનું તો ઠીક છે, પણ પછી એકાદ બે જણને પૂછ્યા વિના, અને ઓછામાં ઓછો એકાદ કલાક ગુમાવ્યા વિના ફરી સીધા પાટે ચડાય નહિ. એટલે પૂછી લેવું સારું. પ્રો. એલ્સન રહે આરમૉંકમાં. હડસન નદી પાર કરી, કાંઠેકાંઠે, વાંકળા વળાંકો પસાર કરી, ગીચ ઝાડીઓમાં ગૂંથાઈ, જરા ઊંચે જરા નીચે, પાણીથી તરબોળ એવી રળિયામણી વનરાજીઓ વટાવી, દૂરદૂર જ્યાં ન્યૂ યૉર્ક જેવું કશું ન લાગે,—ન હવામાં ઝેર ન દુર્ગંધનો કેર, ન મોટરોની લંગાર, ન માનવીઓની હાર એવી રમણીય લીલોતરીથી ભરપૂર બે બાજુ વૃક્ષોની હારમાળામાંથી જતાં મજા આવી. માનહટ્ટન ટાપુથી ઉત્તરપંથે, સરિતા હડસનને કાંઠેકાંઠે આવેલી આ ભોમકાનો જેમને પરિચય હશે તે આ વધારે હોંસથી વાંચશે. જુઓ; માઉન્ટ વર્નનથી પણ ઉપર, ટાપન સી બ્રિજથી આવતા રસ્તાને ઓળંગી, હડસનને જમણે પડખે ટેરીટાઉન વટાવી, બે-ત્રણ તળાવો છે તેની આસપાસ ફરી, પ્લેઝન્ટવિલે ગામ સુધી ન જતાં જમણા હાથે આરમાંકની લીલી હરિયાળી ખીણ જેવી જગ્યામાં જરા ચઢાણ પર પ્રો. ચાર્લ્સ એલ્સનનું બે મજલાનું ઘર છે. બહાર નાનકડો જાપાનીઝ ઢબનો બાગ; એમાં નાનકડું ઝરણું; એને ઓળંગીને ઘરના દરવાજે; ત્યાં ભોંયતળિયું આખું લાકડાનું; દેશદેશાવરથી લાવી સજાવેલી વસ્તુઓથી શોભતો મુખ્ય ખંડ; ત્યાં પહોંચતું અજાણ્યાને કેવું લાગે!

. આ આખું ઘર એ પતિ-પત્નીએ જાતે જ બાંધેલું. બાજુમાં જરા ઊપસતા ચડાવે, ખીણને છેડે, ગરાજ. એમાં મોટર તો ખરી, પણ સાથે ઘોડાનો તબેલો, અને બાજુમાં દિલ્હીથી ખાસ ઘડાવીને આણેલી 'ટાંગા' ગાડી! આ ઘોડાગાડીમાં રોજ સાંજે તેઓ ફરવા નીકળે;–અલબત્ત, એમના આ આરમૉંક ગામડામાં જ. (જો ભૂલેચૂકે ન્યૂ યૉર્કના માનહટ્ટન ટાપુમાં કોઈ ઍવેન્યુ ઉપર ગાડી દોડાવે તો ત્યાં પહેલાં તો લોકોની ઠઠ જામે!) આ ટાંગાની ઘડામણ દિલ્હીમાં સુથારને ત્યાં અમે જાતે ઊભા રહી કરાવેલી. બે પૈડાં જુદાં, બેઠકનું ખોખું જુદું, ઘોડાને જોડવાના દાંડા અને અસબાબ અલાહ્યદા,—એમ જુદા જુદા ભાગો બાંધીને સ્ટીમર પર ચડાવેલા. બેઠકના ખોખા નીચે બેત્રણ ખાનાં: નાની બૅગ કે થર્મોસ વગેરે પિકનિકનો સામાન રહે એ માટે. ઘેર પહોંચી એકાદ સુથારને રોકી શી રીતે આ ભાગોનું એકીકરણ કરીને ટાંગો બનાવવાનો, એની પાકી ચિઠ્ઠી એ ઘડનારા પાસેથી એમણે લીધેલી. આમ તો અમેરિકાનાં મ્યૂઝિયમોમાં ભલભલી શિલ્પની મૂર્તિઓ, અને બેત્રણ સ્થળે તો આખાં ને આખાં મંદિરો અસલ સ્વરૂપમાં લઈ જઈ ગોઠવી દેવામાં આવ્યાં છે. ઉપરાંત, પાપડ, અથાણાં, મસાલાથી માંડી દાણોદૂણી, આંબાનાં ઝાડ વગેરે પણ ઘણું ત્યાં ગયું છે. પરંતુ દિલ્હીનો ટાંગો મ્યૂઝિયમ પીસ તરીકે નહિ પણ ત્યાં રોજિંદા વપરાશ માટે, લક્ઝરી તરીકે લઈ જવાનો આ પહેલો—અને મોટરોના મુલ્કમાં કદાચ છેલ્લો જ દાખલો હશે!

હડસન નદીનો કાંઠો વિશાળ ભરચક ને ગાઢી-ઘેરી વૃક્ષ ઘટાઓથી ભર્યોભર્યો રળિયામણો છે. આરમૉંક ગામડાની બીજી બાજુ, ઉપર જતાં હડસનને ડાબે કાંઠે જવા ટાપન સી બ્રિજ ઓળંગો કે સ્પ્રિંગ વૅલી નામની સુંદર જગ્યા આવે છે; ત્યાંથી ઉપરવાસ નદીકાંઠે વહ્યા જાઓ તો હડસન હાઇલૅન્ડનો ડુંગરાળ અને અધિક રળિયામણો પ્રદેશ આવે. અહીં જળધોધની બાજુમાંથી સરકતાં 'પાર્ક' કહેતાં ખાસ બનાવેલા બાગો, ટક્સેડો પાર્કની આસપાસનાં તળાવો, અને પશ્ચિમ તરફ ઊતરો તો અતિ સુંદર એવા નેશનલ પાર્ક જોવા–માણવા મળે. માનશો? આનંદથી થનગનતા જાતજાતના મોર જોવા હોય તો આ ઉદ્યાનોમાં જજો. અમે તો જોયા છે, અને માનીએ છીએ કે ન્યૂ યૉર્કમાં કે એની આસપાસ રહેનારા ભારતવાસીઓમાંથી થોડાકને એની ખબર ખરી, પણ અહીંથી પારી(સ)-લંડન-ન્યૂ યૉર્ક-સાન ફ્રાંસિસકો-હવાઈ-ટોકિયો અને હાંગકૉંગમાં અઢળક ખરીદી કરનારા પ્રવાસીઓને આવા પાર્કની ભાગ્યે જ ખબર હોય છે. બળ્યા એમના ખુશનસીબને, ધન્ય છે એમના દુર્ભાગ્યને!

પાર્કની વાતોએ ચડ્યા છીએ તો ન્યૂ યૉર્ક ન્યૂ જર્સી થઈ, રૂટ નં ૨૦૬ સાઉથ–સમરવિલ રસ્તો લ્યો, તો પ્લેઈન ફીલ્ડ છોડી મેનવિલ ગામડા આગળ એક હાઈલૅન્ડ પાર્ક છે. ત્યાં ડ્યુક ગાર્ડન ફાઉન્ડેશનમાં જશો તો ઍંશી નેવું એકરનું એક સુંદર વન જોવા મળશે! પણે એમાં એક ફર્લાંગના ચોતરા ચોકમાં, સામે જ એનું દફતર છે, ત્યાંથી ટિકિટ લેશો એટલે પેલા ખાસ બાંધેલા ચોતરામાં જવા તમારી સાથે એક ગાઈડ બાઈ આવશે. એ તમને કલાકેકમાં–જેવી તમારી ચાલ, અને જેવી તમારી આંખ—જાપાની, ચિનાઈ, હવાઈ, મોગલ, ઈટાલિયન, ફ્રેન્ચ, અંગ્રેજ, કાશ્મીરશાહી કે ડચ વિધાનના ફ્લાવર-ગાર્ડનો બતાવશે. દુનિયાભરનાં ફૂલ, ખળખળતી નીકો, ઘાટીલા કાળમીંઢ પથ્થર, આરસના ચોક, ઈન્ડો-પર્શિયન બાગ, જાપાનીઝ લીલોતરી, ફ્રેન્ચ ગોઠવણ, શું માગો છો? સમર ગાર્ડન, આરિઝોનાના રણવગડાનાં ફૂલ, કે કાંટા-ફૂલ, ફૉર્મલ, ફૅન્ટૅસ્ટિક, ફની, દુનિયાના કયા દેશનાં વન-ઉપવન પુષ્પોદ્યાન જોવાં છે? એ બધા ત્યાં જોવા મળશે. ટાઢ-તડકામાં આ સુકોમલ રંગબેરંગી ફૂલોને કેમ સાચવવામાં આવે છે તે પણ જાણવા મળશે. ન્યૂ યૉર્કથી રોજ એક બસ ખાસ અગિયારેકને શુમારે ત્યાં પહોંચે છે, ત્રણેક વાગ્યે પાછી ફરે છે. કેટલા ભારતવાસી પ્રવાસીઓએ આ બાગ જોયો છે?

આ ડ્યૂક કોણ? મિ. ડ્યૂક તો ગુજરી ગયા, પણ મિસિસ ડ્યૂક ત્યાં બાજુના બંગલામાં રહે છે. એમણે જાહેર જનતાના લાભાર્થે આ ફાઉન્ડેશન બનાવી એની સાચવણ, માવજત, કાળજી માટે વ્યવસ્થા કરી છે. પણ,—રે પણ!—ત્યાં જે પાંચસાત બાઈ ગાઇડો છે, એમને કે આ બાગમાં પોતાની મોટરોમાં કામ કરવા આવનાર માળીઓને પૂછો કે મિસિસ ડ્યૂક ક્યાં રહે છે, શું કરે છે, કોઈને મળે છે, વાતો કરે છે, જમવા કે ચા પીવા આવે છે, ઍપોઈન્ટમેન્ટ આપે છે?–એની કશી માહિતી તેઓ આપી શકતાં નથી...'ભાઈસાહેબ! અમને આવા એક પણ સવાલનો જવાબ આપવાની મના છે. આપ બાગ બેલાશક જુઓ.' આ બાઈ જાતે ક્યારે ત્યાં જોવા-ફરવા નીકળતાં હશે તે ભગવાન જાણે. હા, આ બાગ જોવાનો સમય ૧ થી ૫ સુધી, ને રવિવારે ૧૨ થી ૫ સુધીનો છે. ના, આપણે ત્યાં કેટલાક બાગ કે મ્યૂઝિયમો અમુક દિવસે ભરચક વસ્તીવાળા આપણા દેશમાં માણસોને અભાવે બંધ રહે છે એવું અહીં નથી. પચાસ કે સોની મંડળી એ જોવા આવે અને આગળથી ખબર કરવામાં આવે, તો ત્યાં એમને માટે ખાસ પ્રબંધ પણ કરવાઆવે છે. રજા ફક્ત બેસતે વર્ષે, નાતાલને દિવસે અને ચોથી જુલાઈના સ્વતંત્ર્યદિને. ડ્યૂક ભાભી ત્યારે એની દેખભાળ માટે ફરતાં હશે, યા રોજ બાર વાગ્યા પહેલાં સવારે લટાર મારતાં હશે એ તો એ બાઈ પોતે જ જાણે. કેટલી કુશળ, પરગજુ, ઉદાર, સમજુ, શાણી, રસિક, વ્યવસ્થાપ્રિય અને કુનેહવાળી એ બાઈ હશે! ધન્ય છે મારાં ન્યૂ યૉર્કના પરામાં રહેતાં વિદ્યાર્થી મિત્રને કે એણે પોતાની ગાડીમાં હંકારી મને આ અનુપમ અને અદ્વિતીય એવો ઉદ્યાન બતાવ્યો. (ચાલુ)

અનુસંધાન] **મનોમંથન** [પૃષ્ઠ ૧૦૧થી

આગળ આવી ઊભો ને મને પૂછ્યું: 'વ્હેર ઈઝ ધ પેશન્ટ? (દરદી ક્યાં છે)?' મેં કહ્યું: 'મારી ઓરડીમાં કોઈ દર્દી નથી.' એણે ગજવામાંથી કાર્ડ કાઢી બતાવ્યું. સ્પષ્ટ લખ્યું હતું કે ડૉક્ટર સાહેબ, અમારા એક સાથી ખૂબ બીમાર છે. અમે તમને ટાંગો કરી બોલાવી શકીએ એવી અમારી સ્થિતિ નથી. ફરગ્યુસન કૉલેજના છાત્રાલયમાં ત્રેવીસ નંબરની ઓરડીમાં દર્દીને જોશો તો ઉપકાર થશે. કાર્ડ પર ઓરડીનો નંબર બરાબર ત્રેવીસ હતો. હું મૂંઝાયો. બીજી જ ક્ષણે યાદ આવ્યું કે આજે પહેલી એપ્રિલ છે. શરમના માર્યાં મારું મોઢું ઊતરી ગયું. અત્યંત દુઃખિત અવાજે મેં ડૉક્ટરને કહ્યું: 'ડૉક્ટર સાહેબ, મને ઘણું જ દુઃખ છે; પણ આજે પહેલી એપ્રિલ છે. કોઈએ તમને બનાવ્યા છે, આશા રાખું છું કે આ કૉલેજના કોઈ વિદ્યાર્થીએ આવું હલકટ કામ નહિ કર્યું હોય. તમારા જ કોઈ ઓળખીતાએ આમ કર્યું હશે. સમાજની સેવા કરનારા તમે, તમારો કિંમતી સમય કોઈએ બરબાદ ન કરવો ઘટે. એ તો નીચ કર્મ છે.'

ડૉક્ટર વધુ સાંભળવા એક ક્ષણ પણ ન થોભ્યા. પીઠ ફેરવી ચાલ્યા ગયા. પછી મેં ક્લબમાં વાત કરી. અમે સૌએ એક મતે નિર્ણય કર્યો કે પહેલી એપ્રિલે ગમ્મત કરાય; લોકોને બનાવાય; પણ આ તો નરાતાળ નીચ કર્મ કહેવાય. ડૉક્ટર કેટલા ઉદાર મનના માણસ! કોઈ ગરીબ વિદ્યાર્થી મૂંઝાયો હશે એમ સમજી પૂનાથી છેક કૉલેજ સુધી આવ્યા. એને જો શંકા જાય કે કૉલેજના જ કોઈ વિદ્યાર્થીનું આ ટીખળ છે તો પછી બધા જ વિદ્યાર્થીઓ વિષે એના મનમાં અંટસ રહે. માટે જ મેં એમને કહેલું કે હું આશા રાખું છું કે અમારામાંથી કોઈ વિદ્યાર્થીનું આ કામ નથી. ડૉક્ટરના સ્નેહીઓમાંથી અથવા દુશ્મનોમાંથી જ કોઈનું એ કામ હશે. ગમે તેનું હોય, પણ એ શરમાવા જેવું જ હતું.

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૬] માનસિક વિકાસ
ને તેની વ્યક્તિત્વ પર અસર

જીવનની યાત્રા હેમખેમ પૂરી થાય તે માટે બાળકને મળતી કુદરતી બક્ષિશોમાં અનેક સાહજિક ક્રિયાઓ, સહજબુદ્ધિ, સમજશક્તિ અને તર્કવ્યાપારની માનસિક ક્રિયાઓ મુખ્ય છે. જીવનમાં અનુકૂળતા સાધવા માટેનાં આ બધાં જૈવિક સાધનો છે.

જીવનના પ્રથમ વર્ષમાં શ્વાસોચ્છ્વાસની, રડવાની, અજાણ્યુ સ્પર્શ થતાં હાથપગ સંકોરી લેવાની, આંખો પટપટાવવાની અને એવી કેટલીક સહજ ક્રિયાઓ વગરવિચારે આપમેળે થતી રહે છે, જેના દ્વારા આત્મ-સંરક્ષણ સધાય છે. વયના વધવા સાથે અગ્નિથી દાઝવાના કે કૂતરાના ભસવાના અને એવા બીજા અનુભવો મેળવતું જઈ બાળક પરાવર્ત વ્યાપારો શીખે છે. રોજિંદા અનુભવે એને નિયત સમયે ખાવાની, મળત્યાગની ને સૂવાની ટેવો પડે છે. રડવાથી કે હઠાગ્રહથી, યા પોતે ઓછું ખાય તો માતાનું વહાલ કે મનવાંછિત વસ્તુ મળવાનો અનુભવ પણ તે પામે છે, અને પછી એ તેનો પોતાના લાભમાં ઉપયોગ કરવાનો પણ આરંભ કરે છે. આમ પોતાનાં કાર્યોનાં પરિણામો પરથી એનું વર્તન ઘડાય છે.

આવા પરાવર્ત વ્યાપારોમાંથી વિકસતા ભય, ક્રોધ, પ્રેમ, કામવાસના વગેરે જેવા મનોભાવો લાગણી કે માનસિક આવેગો તરીકે ઓળખાય છે. આ બધા સાહજિક વ્યાપારો છે અને એ ઘડાયા પહેલાં શરીરમાં ઘણી શક્તિ પુરાય છે. જિંદગીને પહોંચી વળવા માટે આની ઘણી અગત્ય છે. આના આવેગમાં વસ્તુપ્રાપ્તિની આડે આવતા અંતરાયો હઠાવીને આગળ ધપવાની શક્તિ વિકસે છે. ભય, ક્રોધ કે કામવાસનાના આવેગોથી પ્રેરાઈ અનેક આશ્ચર્યજનક કાર્યો થઈ જાય છે. આ મનોભાવોનો જુસ્સો એટલો પ્રબળ હોય છે કે તેમને અંકુશમાં રાખવો કઠિન છે; પણ કેળવાએલી સમજશક્તિ આવા આવેગોને યોગ્ય માર્ગે વાળી શકે છે.

સમજશક્તિ (ઇન્ટેલિજન્સ) અને બુદ્ધિ (ઈન્ટેલેક્ટ) એ બંનેમાં ફેર છે. બંને જન્મસિદ્ધ ગુણો છે. પણ સમજશક્તિથી પરિસ્થિતિ ઉપર પકડ આવે છે અને એ રીતે જિંદગીની સમસ્યાઓ હલ થાય છે. ભૂતકાળના અનુભવોના આધારે સમજશક્તિ વડે વર્તમાન પ્રશ્નો ઊકલે છે અને ભવિષ્યની અપેક્ષાઓ બંધાય છે. બુદ્ધિ જ્ઞાનને સંઘટિત રૂપ આપે છે. એના વડે જ અનેક અસાધારણ વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. પણ બુદ્ધિશક્તિ કરતાં વ્યવહારુ સમજશક્તિનું મૂલ્ય વધારે છે. જ્ઞાનના પ્રમાણમાં સમજશક્તિની કાર્યક્ષમતા વધે છે અને જેટલી સમજશક્તિ વધુ તેટલા પ્રમાણમાં જ્ઞાનનો વધારે ઉપયોગ થઈ શકે છે.

જિંદગીને અનુકૂળ બનવા માટે બાળકને મળેલી કુદરતી બક્ષિશોમાંથી કદીક તે સહજબુદ્ધિથી તો ક્યારેક તર્કવ્યાપારથી, કદીક પરાવર્તવ્યાપારથી તો ક્યારેક સમાજશક્તિથી, કદીક અંતઃસ્ફુરણથી તો ક્યારેક હેતુપ્રધાન ઇચ્છાથી ને કદીક આ બધાં સાધનોથી કામ કરવા પ્રેરાય છે. આ બધા માનસિક વ્યાપારો છે. માનસિક વૃદ્ધિ ને વિકાસનાં પ્રમાણમાં તે વડે થતી ક્રિયાઓની સફળતામાં તરુણેતરુણે ફેર જોવા મળે છે.

માનસિક વ્યાપારો એટલે મગજ વતી થતી ક્રિયાઓ. સંવેદન, ઇંદ્રિયવિજ્ઞાન, યાદદાસ્ત, કલ્પના અને તર્કવ્યાપારની મગજની પરસ્પર ક્રિયાઓથી આ માનસિક વ્યાપારો થાય છે. ગર્ભાવસ્થાથી જ વ્યક્તિને નિયત સંખ્યાના કોષોવાળુ મગજ પ્રાપ્ત થાય છે, બાલ્યાવસ્થા અને તરુણ વય સુધી એની વૃદ્ધિ થાય છે. તરુણ વયનાં પાછલાં વર્ષોમાં માનસિક પુખ્તતા આવે છે. તે પછી યે મગજની વૃદ્ધિ ત્રેવીસ વર્ષની વય સુધી ચાલુ રહે છે. તેના વિકાસમાં પરિસ્થિતિનાં બળો, સામાજિક–આર્થિક સ્થિતિ, આરોગ્ય અને પોષણ ભાગ ભજવે છે. વળી તારુણ્યના માનસિક વૃદ્ધિના કાળમાં પરિસ્થિતિવિષયક અનુભવોની અસર બૌદ્ધિક વિકાસ ઉપર પણ પડે છે. જિંદગીના આરંભનાં વર્ષોમાં માનસિક વૃદ્ધિ ઝડપી હોય છે પણ સોળ વર્ષની ઉમર સુધીમાં તે ધીમેધીમે ધીરી થતી ઓગણીસ-વીસની વયે પૂરી હદે પહોંચતાં સુધીમાં ઘટતી જાય છે.

પણ મગજના વિકાસનો આધાર શારીરિક તંદુરસ્તી ઉપર પણ છે જ. નબળા ને માંદલા શરીરમાં મગજશક્તિ ઓછી હોય છે. સમતોલ અને પૂરતા ખોરાકથી માનસિક વિકાસ ચડિયાતો થાય છે. જિંદગીના આરંભનાં ચાર વર્ષોમાં મગજની રચનાનો નેવું ટકા વિકાસ સધાય છે. આ કાળમાં પોષણની— ખાસ કરીને પ્રોટીનોની ખાસ જરૂર રહે છે. એ કાળમાં એની ન્યૂનતાથી મગજના વિકાસમાં એક કાયમી ઊણપ રહી જઈ એથી પચ્ચીસ ટકા જેટલી માનસિક શક્તિ ઘટે છે. મગજની શક્તિનો દસ ટકા જેટલો ઘટાડો પણ માણસની કાર્યક્ષમતા માટે ફટકારૂપ છે.

નબળા શરીરવાળો વધુ બુદ્ધિશાળી હોય એવો એક ભ્રામક ખયાલ પ્રચલિત છે. પણ પરદેશમાં થએલી મોજણી પ્રમાણે જેમની શારીરિક વૃદ્ધિ થઈ હોય તેમની માનસિક વૃદ્ધિ પણ સારી થયાનું જણાયું છે. આપણે જાણીએ છીએ કે સામાજિક ને આર્થિક સ્થિતિના પ્રમાણમાં તરુણોનો માનસિક વિકાસ થાય છે. અલબત્ત, નબળા શરીરવાળા પણ બુદ્ધિશાળી હોઈ શકે, પરંતુ રોગગ્રસ્ત અને નબળા બાંધાના બાળકની શારીરિક વૃદ્ધિ ધીમી થતી હોવાથી તેનો માનસિક વિકાસ પણ ધીરો હોય છે. પણ બુદ્ધિશાળીનું માથું મોટું હોય તેવી માન્યતામાં કંઈ જ વજૂદ નથી.

માનસિક વૃદ્ધિના પ્રમાણમાં માનસિક શક્તિ ખીલે છે. સંજોગો અનુસાર વ્યક્તિ પોતાની માનસિક શક્તિ વાપરીને નવી પરિસ્થિતિ સાથે મેળ સાધી શકે છે તે તેની સમજશક્તિ બતાવે છે. અનુભવો વધારે તેમ સમજશક્તિ પણ વધારે. બુદ્ધિ એ જોકે જન્મજાત શક્તિ છે, પણ તેમાં પરિસ્થિતિનાં બળોની અસર પણ પડે છે. બાળપણથી જ વ્યક્તિની બુદ્ધિ-શક્તિ ચમકારા બતાવે છે. તારુણ્યના આરંભમાં વિશિષ્ટ માનસિક લક્ષણો દૃઢ થાય છે. જેમાંથી વ્યક્તિની ભાવિ કારકિર્દીનાં એંધાણ મળવા માંડે છે. તરુણના બૌદ્ધિક વલણ ને તેનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓનો ક્યાસ કાઢવાની કેટલીક કસોટીઓ પણ છે. જેમાંની કેટલીક વડે નાનાં બાળકોની બૌદ્ધિક ચપળતા મપાય છે તો કેટલીક દ્વારા તરુણ અને પુખ્ત વયની વ્યક્તિઓની ઉચ્ચ માનસિક કારીગરીઓનું મૂલ્યાંકન થઈ શકે છે. 'ઇન્ટેલિજન્ટ ટેસ્ટ', 'પરફોરમન્સ ટેસ્ટ', 'વાચન કસોટી' અને 'મિકેનિકલ એપ્ટિટ્યુડ ટેસ્ટ' વગેરે આ કસોટીઓના જ પ્રકારો છે. આવી કસોટીઓ વડે બૌદ્ધિક રીતે સફળતા મેળવી શકાય એવા અભ્યાસની કે કામધંધાની પસંદગી કરવામાં સરળતા પડે છે.

ટરમાને શોધેલી 'ઇન્ટેલિજન્ટ ક્વૉશન્ટ' (I. Q.)નામે ઓળખાતી એક કસોટી વડે વ્યક્તિની બૌદ્ધિક વયનો એટલે કે તેની બુદ્ધિમંદતા કે

હરિઃ ૐ આશ્રમ તરફનાં
ફેબ્રુઆરી અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર પારિતોષિક
રસિકલાલ પરીખના લેખક શ્રી 'ભર્ગ'ને અને
વ્યક્તિ-ઘટનાચિત્ર પારિતોષિક
શ્રી સુકુંદરાય પારાશર્યને આપવામાં આવ્યાં છે

તીક્ષ્ણતાનો ક્યાસ નીકળે છે. પંદર વર્ષની વયનો તરુણ બૌદ્ધિક રીતે દસ વર્ષની ઉમરના બાળક જેટલો કે વીસ વર્ષની વયના માણસ જેટલા બૌદ્ધિક વિકાસવાળો હોઈ શકે. આ કસોટી દ્વારા નીકળતી બૌદ્ધિક વયને વ્યક્તિની ઉમરનાં વર્ષો વડે ભાગતાં આવતી સંખ્યાને સો વડે ગણવાથી ઈન્ટેલિજન્ટ ક્વોશન્ટ (ટૂંકમાં આઈ. ક્યુ.)નો આંક મળે છે. પણ આ કસોટી વડે વ્યક્તિના ભાવિ બૌદ્ધિકવિકાસની આગાહી ન થઈ શકે. થોડાં વર્ષો બાદ ફરી આ કસોટીમાં આઈ. ક્યુ.નો આંક ઊંચો કે નીચો પણ આવે. સામાન્યતઃ ૭૦ થી ૮૫ના આઈ. ક્યુ. આંકવાળી વ્યક્તિ આવડત વિનાની અને માત્ર મજૂરી જેવાં કામો માટે લાયક ગણાય છે. ૮૫ થી ૧૧૫ના આંકવાળી વ્યક્તિ આવડતભરી મજૂરીને લાયક તો ૧૧૫થી ઉપરના આંકવાળા વ્યવસાયી યોગ્યતાવાળા લેખાય છે. ૫૦ થી ૭૪ના આંકવાળા મંદ બુદ્ધિ, ૨૫ થી ૪૯ વાળા કમઅક્કલ અને ૨૫થી નીચેના આંકવાળા મૂઢ ગણાય.

પરંતુ બુદ્ધિમાપનના ઉચ્ચ આંકવાળાને આપણે બુદ્ધિપ્રતિભાવાળો કે વિલક્ષણ બુદ્ધિવાળો (ઈન્ટેલેક્ચ્યુઅલ) કહી શકીએ નહિ. હકીકતે એ તીક્ષ્ણબુદ્ધિવાળો કહેવાય. બુદ્ધિપ્રતિભા કોઈ ઓર બાબત છે. એ પ્રતિભાવાળી વ્યક્તિમાં સર્જનશક્તિ હોય છે. એ ઘણું નવું શીખે છે ને યાદ રાખે છે એટલું જ નહિ, પણ એ જ્ઞાનને નવા સ્વરૂપમાં પણ જોઈ શકે છે. એના આધારે તે કંઈક નવું જ શોધી કાઢે છે જેનાથી વધુ પ્રગતિ અને વિકાસ સાધી શકાય. હવામાં ઊડતી પતંગોના આધારે રાઈટભાઈઓએ વિમાન બનાવ્યું. પ્રો. રામને પદાર્થવિજ્ઞાનમાં નવું પ્રકરણ ઉમેર્યું, હરગોવિંદ ખોરાનાએ કૃત્રિમ જીન પેદા કર્યાં અને આમ અનેક નવી શોધોથી જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રનો વિસ્તાર અને માનવજીવનનો વિકાસ સધાયો છે. આ બધાંની પાછળ તીક્ષ્ણબુદ્ધિ જ નહિ બુદ્ધિપ્રતિભાના ચમકારા છે. (ચાલુ)

શતરંજના કોયડા નં. ૧૨ (ડિસેમ્બર ૧૯૭૦)નો ઉકેલ

સ્થિતિ : 16/4p3/3kn3/3(nr)N3/p2 p4/Pp1P2 BN R(/1K)3b2.

Set mate : 1...B–B3; 2B–B3; NRN6.

Actual : 1BK7, BN5; 2BB6, NRB6.

આ કોયડામાં સૌથી અગત્યની વાત એ છે કે જો સફેદનો NR જે KR2 ઉપર છે તે ત્યાં ન હોત તો સફેદ રાજા કાળા NRની શેહમાં હોત (કાળો NR, KB6 અને KR7 થઇને QN8 ઉપર જઈ શકે માટે). આનો અર્થ એ કે સફેદ NR અણઊઠ છે; અને તેથી કોઈ મહોરું (સફેદ કે કાળું) સફેદના KB3 ખાના ઉપર આવે તો જ તે NR કાળા રાજાને શેહ આપવા કે મ્હાત કરવા જઈ શકે. આ અગત્યની બાબત કોઈ પણ વાચકના ખ્યાલમાં આવી નથી અને તેથી કોઈ ખરો ઉકેલ મોકલી શક્યું નથી.

બન્ને મ્હાતમાં દરેક ચાલ શા માટે ચલાઈ છે અને તેનાથી પરિસ્થિતિમાં શો ફેર પડે છે તે આપણે જોઈશું તો કોયડો સમજવામાં સહેલો થઈ જશે. Set mateમાં 1...BB3થી સફેદનો NR અણઊઠમાંથી બચે છે, અને પછી કાળા ઊંટને જવા માટે રસ્તો ખુલ્લો કરી આપે છે. સફેદની બીજી ચાલમાં તે હવે NR ને ગમે ત્યાં ચલાવી શકશે. તે જો QN6 ઉપર જાય તો કાળા રાજાને QB3નું ખાનું આપવા માટે મળે છે. તેથી કાળો પહેલો જ ઊંટને ત્યાં લાવીને તે ખાનું બંધ કરી દે છે અને પરિણામે 2...NR–N6થી મ્હાત શક્ય બને છે.

Actual મ્હાતમાં કાળો બે ચાલમાં પોતાનો ઊંટ KB6 ઉપર લાવીને સફેદ NR ને અણઊઠમાંથી મુક્ત કરે છે. સફેદ પહેલી ચાલમાં ઊંટને QN5 પર ચાલીને કાળા રાજાને ચાલવાની બે જગ્યા B3 અને B5 ઉપર કાબૂ મેળવે છે અને અંતે 2...NR–B6થી મ્હાત કરે છે.

આ કોયડો British Chess Magazine-માં નાતાલની કોયડા હરીફાઈમાં અપાયો હતો. ત્યાં પણ BCMના ઘણા અનુભવી વાચકો સફેદ NR અણઊઠ છે તે જોઈ શક્યા ન હતા. 'કુમાર'ના વધુ વાચકો આ કોયડાનો સાચો ઉકેલ મોકલશે એવી આશા તો નહોતી જ છતાં એક પણ સાચો ઉકેલ ન આવ્યો તે આશ્ચર્ય છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલ ગુણ : ૧) ધીરુભા ગોહિલ-ટાણા ૨ ગુણ, ૨) મહેન્દ્ર ત્રિવેદી-કલોલ, ૩) દિલીપ આહલપારા-ભાવનગર, ૪) ભૂદરભાઈ ચાવડા–વિરમગામ, ૫) બિપિન પટેલ–અમદાવાદ અને ૬) લક્ષ્મણ હરિરામ–અમદાવાદ દરેકને ૧ ગુણ ૭) નટવરલાલ સોદેશિયા–અમદાવાદ, ૮) મહેન્દ્ર મહેતા–ભૂજ અને ૯) ડૉ. ઇન્દ્રવદન મોદી–ભાવનગર દરેકના ૦.

આ સમગ્ર કોયડા હરીફાઈનું પૂરું પરિણામ તેમજ પારિતોષિક વિજેતાઓનાં નામ આવતા અંકમાં પ્રકટ કરવામાં આવશે.

મહારાષ્ટ્ર રાજ્ય શતરંજ એસોસીએશન, રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને રશિયન સરકાર તથા 'ઈન્ડો સોવિયેત કલ્ચરલ એક્સ્ચેન્જ'-ના ઉપક્રમે ભારતીય શતરંજપટુઓને વધુ તાલીમ આપવા રશિયન ગ્રાન્ડ માસ્ટર ઍલેક્સી સ્વેટિન (Alexi Suetin)ને ખાસ બોલાવવામાં આવ્યા હતા. આપણા દેશમાં આવો આ પહેલો જ પ્રયાસ છે. પૂનામાં એમને ત્રણ અઠવાડિયા સુધી રોકી એમની પાસે નેશનલ 'એ' ટુર્નામેન્ટમાં રમેલા ૧૬ ખેલાડીઓ અને નેશનલ જુનીઅરમાંના પહેલા ૬ ખેલાડીઓને તાલીમ આપવાનો (Coach કરવાનો) કાર્યક્રમ હતો, જેનો ૧૧ સીનિયર અને ૪ જુનીઅર ખેલાડીઓએ લાભ લીધો. આ એક મૂલ્યવાન લાભ હતો અને એની અસર આ પંદર ખેલાડીઓ પાસેથી શીખનાર અન્ય ખેલાડીઓની રમતમાં પણ જોવા મળશે જ. આ રીતે આપણે ત્યાંનું શતરંજનું ધોરણ પણ અવશ્ય ઊંચું આવશે એવી આશા રાખી શકાય.

ઍલેક્સી સ્વેટિન રશિયાના અગ્રગણ્ય ગ્રાન્ડ-માસ્ટરોમાંના એક છે. ઈ ૧૯૬૫માં એમણે આ પદ પ્રાપ્ત કર્યું હતું. તેઓ કુશળ રમનારા તો છે જ ઉપરાંત શતરંજની રમતના સિદ્ધાંતોના જ્ઞાતા તથા શતરંજની તાલીમ આપનાર તરીકે તેઓ વધુ વિખ્યાત છે. ભૂતપૂર્વ વિશ્વ-વિજેતા ટીગ્રન પેટ્રોશ્યને એમની પાસે જ તાલીમ લીધી હતી. પૂનામાં એક મુલાકાતમાં ઍલેક્સીએ કહેલું કે, 'મને શતરંજના જન્મ-સ્થાન ભારતમાં આવતાં ઘણો આનંદ થયો છે. અહીંના શતરંજ-ખેલાડીઓમાં મૌલિક રીતે રમત રમવાની શકિત છે, પણ વધુ અભ્યાસ, સૈદ્ધાંતિક જ્ઞાન અને સતત મહાવરાની જરૂર છે.' શતરંજનું ધોરણ સુધારવા શું કરવું જોઇએ એવા એક પ્રશ્નના ઉત્તરમાં એમણે આગળ આવવા માટે ઊંડા અભ્યાસ અને સતત પ્રૅક્ટિસ પર ખાસ ભાર મૂક્યો હતો. એમના કહેવા પ્રમાણે દરેક ગ્રાન્ડ માસ્ટર દરરોજ ઓછામાં ઓછા છ-સાત કલાક મહેનત કરે જ છે.

આ સિવાય, પત્ર દ્વારા શતરંજ રમવાની ભલામણ પણ તેમણે કરી. ભારત દેશ વિશાળ હોઈ અનેક સારા ખેલાડીઓ એકબીજાથી અત્યત દૂર રહેતા હોઈ એ સૌએ પત્ર દ્વારા એકબીજાનો સંપર્ક સ્થાપી પોતાનાં અભ્યાસ અને પ્રૅક્ટિસ વધારવાં જોઇએ. રશિયામાં પણ શતરંજપટુઓએ આ રીતે પોતાની રમત સુધારી છે એટલું જ નહિ ગ્રાન્ડ માસ્ટરના પદ સુધી પહોંચ્યા છે. જેમાં સીમાગીન અને કૉન્સ્ટન્ટીનોપોલ્સ્કીનાં નામો મુખ્ય છે.

પૂનામાં કૉચિંગનો કૅમ્પ પૂરો કરી ઍલેક્સી સ્વેટિને બેંગલોર, મદ્રાસ, મુંબાઈ અને અમદાવાદમાં એક સાથે ૩૦–૪૦ ખેલાડીઓ સાથે એક્ઝિબિશન... એક્લેપંડે શતરંજની રમત રમી બતાવી હતી. એમની સાથે રમતાં આપણા ખેલાડીઓએ અગાઉ ૧૯૬૪માં બે રશિયન ગ્રાન્ડ માસ્ટર સામે કરેલો એ કરતાં આ વખતે વધુ સારો દેખાવ કર્યો હતો એ પણ આપણે ત્યાંની રમતનું ધોરણ સુધરતું હોવાની એક આશાસ્પદ સંજ્ઞા છે. □

અનુસંધાન] **રાજા ઇડિપસ** [પૃ. ૯૭થી

પડેલો જોઈને ક્રિયોને પૂછ્યું: 'મારી વાત સાચી લાગે છે ને?'

'સદંતર જૂઠી.' 'તો પુરવાર કરો.'

'એવી કોઈ જરૂર નથી. મને ખાતરી છે કે હું સાચો જ છું.'

'તમારી દૃષ્ટિએ, મારી દૃષ્ટિએ નહિ.'

'તારી દૃષ્ટિની મને પરવા નથી. એ રીતે પારકી દૃષ્ટિથી રાજ થાય નહિ.'

'પણ તમે ખોટા પડો તો?'

'શાસકોનાં વેણ ઉથાપાય તો અનવસ્થા જ જન્મે.'

આ ચડભડાટ હજી આગળ ચાલત, પણ ઊંચે સાદે આ સાળા-બનેવીને ઝઘડતા સાંભળીને રાણી જોકાસ્ટા દોડી આવી. વચમાં પડી: 'હાથ જોડું તમને બન્નેને. આવી આપત્તિ ટાણે આ શું માંડી બેઠા છો?'

અને એની આજ્ઞાથી રાજાએ ક્રિયોનને જવા દીધો. જોકાસ્ટાએ ઇડિપસને શિખામણ આપી: 'આવી મહાવ્યાધિને વખતે નેતા જ જો મગજ ગુમાવે તો લોકોનું શું થાય?'

'પણ તું જાણે છે-એણે કેવો આક્ષેપ મારા પર મૂક્યો છે તે?'

'ના.' 'કે—રાજા લાયસનો હું ખૂની છું.'

'ક્યાંથી જાણ્યું? જાતે જોયું છે કે કોઈનું સાંભળેલું છે?'

'એ જ તો ખૂબી છે! એણે પેલા જોષીડાનો આશરો લીધો છે.'

'તો એ વાતને મનમાંથી કાઢી નાખો, દેવ. ભાવિના ગર્ભમાં કોઈ માજણ્યો ક્યારે ય પ્રવેશી શકતો નથી. આગાહીઓ પર ભરોસો ન કરાય.'

'પણ—'

'મારી વાત તો સાંભળો.' 'બોલ.'

'મારા પાસે સાબિતી છે.' 'શાની?' રાજાએ પૂછ્યું.

'રાજા લાયસ વિષે એક આગાહી હતી: દેવમુખની નહિ પણ મંત્રીઓએ ફેલાવેલી, કે લાયસનો વધ અમારા—મારા ને એમના સંતાનને હાથે થશે. પછી જાણો છો એમનું શું થયું?' 'ના.'

'એ તો લુટારુઓથી હણાયા, પેલા ત્રણ રસ્તા મળે છે ને ત્યાં—એ ત્રિભેટે. ને પેલું બાળક તો માંડ ત્રણ વાસાનું હશે. એની ઘૂંટીમાં સળિયા પરોવી, એને સજ્જડ રીતે સાંધી દઈ, પર્વતના ઉજ્જડ ઢોળાવ પર એને છોડી દીધું. આગાહીથી સાવ જુદું જ નિયતિએ ધાર્યું હશે તે રાજાનો વધ એ સંતાનને હાથે ન જ થયો. આગાહી જૂઠી પડી. આગાહીથી ફફડવાનો કોઈ અર્થ નથી. જેને જે કહેવું હોય તે ભલેને કહે. જે થવાનું હશે તે થશે ને યોગ્ય કાળે એ આપોઆપ જાહેર થશે.'

એ તો સાચું, પણ જોકાસ્ટાની એક વાતે રાજાને ચમકાવ્યો. એક નવી જ ચિંતા પેઠી.

'તેં શું કહ્યું? લાયસ ક્યાં મરાયો?' 'ત્રિભેટે.'

'કયે ત્રિભેટે? કયા પ્રદેશમાં?'

'ફૉસિસ નામે ઓળખાતા પ્રદેશમાં-જ્યાંથી એક માર્ગ ડેલ્ફી તરફ ફંટાય છે ને બીજો ડાલિયા ભણી, એ ત્રિભેટે.'

રાજાના હૃદયના ધબકારા વધી ગયા. એણે અધીરાઈથી પૂછ્યું: 'આ ક્યારે, કેટલા સમય પહેલાં બન્યું?'

'ઠીકઠીક સમય થયો. તમે અહીં આવ્યા તે પહેલાં થોડે કાળે.'

ઇડિપસ એકદમ ભોંય બેસી પડ્યો. એને શીત વાયાં. એણે રાણીનો હાથ પકડી લીધો.

'શું થયું, હેં? શું થાય છે? મારા સમ, ન કહો તો.'

'મને એટલું કહીશ, લાયસ ત્યારે કેવો લાગતો હતો?'

'કેવા? ઊંચા, પડછંદ, મજાનાં તુષારરંગી રૂપેરી ઝુલ્ફાં. શરીરે લગભગ તમારા જેવા.'

રાજાને કંપારી છૂટી. રાણીએ એને ઊભો કરી ઢોલિયા પર બેસાડ્યો. એની આંખો જાણે શૂન્યમાં જડાઈ ગઈ ન હોય એમ એક સ્થાને અવકાશમાં સ્થિર થઈ ગઈ હતી. એણે ધ્રૂજતે સાદે પૂછ્યું: 'જોકાસ્ટા, હવે એક જ વાત પૂછું; કહીશ?'

'દેવ, તમારાથી તે મારે શું છુપાવવાનું હોય?'

'રાજા જ્યારે અહીંથી નીકળ્યો—યાત્રાએ જવા, ત્યારે એકલો હતો કે સાથે કોઈ...'

'સાથે પાંચ પરિજનો હતા. એમાંનો એક હતો અગ્રેસર, છડીદાર.'

'જોકાસ્ટા! જોકાસ્ટા! બધું જ સ્પષ્ટ છે! આ વાત તેં જાણી કેવી રીતે?'

'એમાંનો એક નાસી આવેલો, એની પાસેથી.'

'એ માણસ ક્યાં, રાજમહેલમાં છે?'

'ના. એ અહીં આવ્યો, ને આગલા રાજાને સ્થાને તમને જોયા: એટલે દૂર દેશમાં ચાલ્યા જવાની મારી પાસે રજા માગી. કહે, દૂરના મારા ગામડે પર્વતના ઢોળાવ પર ઘેટાં ચરાવીશ. મારે આ શહેરના ધમાલિયા જીવનથી દૂર જવું છે. એ બહુ ભલો હતો, એટલે મેં એને રજા આપી.'

રાજા મૂંઝાયો. એણે બે ય હાથ આંખે દઈ દીધા. રાણી એની વેદનાથી વિહ્વળ બની: 'પણ તમારા મનમાં શું છે તે તો કહો.'

એના મનમાં હજી એક મોટી દ્વિધા હતી: ત્રિભેટે જે મરાયો તે લાયસ કે પૉલિબસ? સૌ કહે છે લાયસ. પણ હું તો પૉલિબસનું સંતાન છું. ઇડિપસને વળી પાછો પેલો પ્રસંગ સાંભર્યો. પોતાના વતનમાં, કૉરિન્થમાં, પિતા પૉલિબસ ને માતા મેરોપની હાજરીમાં, એક જણ મદ્યપાન પછીની ઉન્મત્તાવસ્થામાં લવરી કરી ગએલો: 'પૉલિબસ તારો પિતા નથી ઇડિપસ, પૉલિબસ નથી તારો પિતા.' ને પોતે ડઘાઈ ગએલો. બીજે દિવસે પૂછતાં, એમણે ગુસ્સે થઈ આવી વાત કરનારને ઝાડી કાઢેલો. પણ પોતાને એથી કરાર નહોતો વળ્યો. એટલે માબાપને જાણ કર્યા વિના એ સટકી ગયો: ગયો ડેલ્ફી. ત્યાંથી તો વળી ઇદં તૃતીયમ્ સંભળાયું! 'તું માતૃગામી થઈશ, પિતૃહત્યારો થઈશ, અગમ્યાગમનના ફળરૂપ ફરજંદોનો જનક થઈશ.' આગાહી ભયંકર હતી, અતીવ દુઃખદ હતી. એને ટાળવી જ રહી. એ ભાગ્યો, માતપિતાથી દૂર, વતનથી સારી પેઠે દૂર. ફરીથી કૉરિન્થમાં પગ ન મૂકવાનું એણે પણ લીધું.

આ બધી વાત રાણીએ સાંભળી. 'પછી?' તેણે ઇંતેજારીથી પૂછ્યું.

'તેં કહ્યુંને, એમ જ બન્યું. હું આ તરફ આવતો હતો, ત્યાં પેલા ત્રિભેટે મને એક રથારૂઢ રાજા સામો મળ્યો. એના છડીદારે મને ખસી જવાની હાક્લ કરી, ને સારથિએ તો મને જોરથી હડસેલ્યો. એટલે મેં એના પર ઘા કર્યો. રાજાએ એ જોયું ને એના હાથમાંથી પરોણો લેતોક ને મને જોરથી માથામાં ઝીંક્યો. એટલે એ જ પરોણો ઝૂંટવી લઇને મેં એનું સાટું બરાબર વાળ્યું. એ રથમાંથી નીચે ઢળી પડ્યો. પછી તો બાકીનાને ય મેં ખતમ કર્યા. પણ એ જ જો લાયસ હોય તો મને હજાર-હજાર લ્યાનત હજો. એની પત્નીને...' બોલતાં બોલતાં એ થંભી ગયો. લાયસના ઘાતક પર વરસનાર શાપની વાતથી એ થીજી ગયો. પણ પાછો બોલ્યો: 'પણ આમાં મારો કયો દોષ? મેં ક્યું પાપ ક્યું? પિતૃહત્યા અને માતૃગમનથી બચવા મેં મારું વતન છોડ્યું, માબાપ છોડ્યાં. મારા પિતાની—પૉલિબસની હત્યા મેં ક્યાં કરી છે?' પણ લાયસના હત્યારા પર ડેલ્ફીથી શાપ વરસ્યો છે તેનું શું?

પરંતુ લાયસની હત્યા વિષે તો લોકો ને જોકાસ્ટા બંને એક જ વાત કરે છે: એને લુટારુ ટોળીએ હણ્યો, કોઈ એકલદોકલે નહિ. એણે જોકાસ્ટાને પૂછ્યું. એ કહે: 'અરે, જાહેરમાં, અનેક લોકોની વચ્ચે એણે આ વાત કરી છે, મને એકલીને ઘરને ખૂણે કરી નથી.'

'તો એને બોલાવવો જ જોઈએ'. રાજાના આ સૂચન સામે જોકાસ્ટાએ વિરોધી સૂર કાઢ્યો: 'શી જરૂર છે?'

પણ ઇડિપસને તો ખાતરી કરવી હતી. હવે એને આશા પણ બંધાઈ હતી કે લાયસનો વધ લુટારુ ટોળીએ કર્યો હશે. એ પુરવાર થાય તો

કેટલી નિરાંત! એણે એ ગોવાળને બોલાવવા માણસ મોકલ્યો.

જોકાસ્ટાની વિહ્વળતાનો પાર નહોતો. હમણાં હમણાંથી એ મંદિરે પ્રાર્થના કરવા પણ જતી. લોકોની સાથે એ પણ મહા દેવને પ્રાર્થતી:

ઋતના પથ પે જ તું દોરી જજે:
તહીં ઉન્નત. ભવ્ય સનાતનમાં
હજી યે પગલાં ભરતું ઋત જે,
મમ વર્તન-વાણીથી હું વળગું,
ભરી ભક્તિ હૃદે, પણ એ જ પથે.

ને જાણે પ્રાર્થના ફળી હોય એમ એક દિવસે એક પરદેશી દૂત નગરમાં પ્રવેશ્યો. એનાં વસ્ત્રો પરની ખેપટ પરથી એણે લાંબો પંથ કાપ્યો હોય એવું લાગતું હતું, લોકોને એ ઇડિપસના મહેલનો રસ્તો પૂછતો હતો.

'જો ભાઈ, પે...લા મંદિરમાંથી નીકળે છે ને? એ અમારાં મહારાણીબા. એમની સાથે જ તું જા'. ને નગરમાંના કેટલાકો તો પાછળ પાછળ પણ ચાલ્યા. એમણે રસ્તામાં રાણી ને દૂત વચ્ચે થતી વાતચીત સાંભળી.

વાયુવેગે વાત પ્રસરી ગઈ. કૉરિન્થથી દૂત આવ્યો છે. રાજા પૉલિબસ—ઇડિપસના પિતા અવસાન પામ્યા છે. કૉરિન્થના લોકોએ ઇડિપસને ત્યાં આવીને રાજગાદી સંભાળી લેવાની વિનંતી કરી છે. આવો ઉદારચરિત લોકહિતચિંતક કોને ન ગમે?

રાજા ઇડિપસે દૂત પાસેથી બધી વાત જાણી લીધી. પિતા પૉલિબસ મૃત્યુ પામ્યો તે ય કોઇને હાથે નહિ પણ જરાવ્યાધિથી. એનું હૈયું હેઠું બેઠું. કેવા બેહૂદા વર્તારા! ખેચરવાણી ઉકેલવાનો દાવો કરી લોકોમાં વહેમી વર્તારો ફેલાવનારો પેલો જ્યોતિષી કેટલો જૂઠો છે!

પિતૃહત્યાની ભીતિ તો, પિતા જતાં, ટળી. પણ હજી એક ભીતિ હતી—મરેલાંની નહિ, જીવતાંની. માતા જીવતી હતી. માતૃગમનનું નિષિદ્ધ આચરણ ભૂલેચૂકે ય ન થઈ જાય માટે માતા મેરોપ જીવે ત્યાં સુધી પોતે કૉરિન્થમાં જાય જ નહિ તો? ઉત્તમ. એણે દૂતને પોતાનો નિશ્ચય જણાવ્યો. દૂત કાંઈ ન સમજ્યો. એટલે ફોડ પાડયો: 'જો ભાઈ, મારે માટે આગાહી છે કે હું પિતૃહત્યારો થઈશ, માતૃગામી થઈશ.એટલે તો હું વર્ષો પહેલાં, માતપિતાને જાણે ય કર્યા વિના, કૉરિન્થથી નાસી છૂટેલો.'

'તો તો તમને હું કહું. આ ભય જ પાયા વિનાનો છે.' દૂતે કહ્યું.

'એમ? કઈ રીતે?'

'પૉલિબસ તમારો જન્મદાતા ક્યાં છે?' 'હું?!'

'હા. ને મેરોપ તમારી જન્મદાત્રી નથી.'

રાજા સાંભળી રહ્યો. માંડ મળેલો કરાર એ છલના તો નથી ને? દૂતે વિગતો આપી: 'સિથેરોનના ડુંગરોમાં હું ઘેટાં ચારતો હતો. ત્યાં રાજા લાયસનો એક ગોવાળિયો આવ્યો. એણે મને એક બેત્રણ વાસાનું બાળ આપ્યું–સિથેરોનની વનવાટે. છોકરાની ઘૂંટીઓમાં સળિયા પરોવી એના બન્ને પગ જકડી લીધા હતા. મને દયા ફૂટી. મેં સળિયા છોડી નાખ્યા. બાળકને હું કૉરિન્થમાં લઈ ગયો. રાજા પૉલિબસને ત્યાં શેર માટીની ખોટ હતી. એને મેં એ છોકરો આપ્યો. ઘૂંટણોમાં ખાડ હતી એ પરથી એમણે નામ પાડયું 'ઇડિપસ'.

વાત સાંભળતી જોકાસ્ટાના વદન પરથી નૂર ઊડી ગયું. આની એક એક વિગત રાણીના અંતરના આળા ભાગો પર જાણે ચાસ પાડતી હતી. ઇડિપસ પણ હવે હૈયેથી તો ભાંગી પડયો હતો. છતાં હજી એક તપાસ બાકી હતી. છેલ્લું તરણું ય તારે! શી ખબર, આ બધું ય ખોટું ઠરે: 'ભાઈ દૂત, કહીશ કે પેલો લાયસનો ગોવાળ જીવે છે કે?'

'હો...વે.'

જોકાસ્ટા વેદનાથી ગર્જી ઊઠી: 'નથી બોલાવવો. રહેવા દો.' રાજાએ સામે એટલી જ મક્કમતાથી કહ્યું: 'હવે તો મારા જન્મરહસ્યને પૂરેપૂરું ઉકેલ્યે જ છૂટકો. આદરેલી તપાસને હું અધવચ્ચે છોડીશ નહિ.'

'ભગવાનને નામે...પગે પડું. આટલું બસ રાખો. મારાથી વધારે નહિ સહેવાય.'

'તારે ડરવાનું કોઈ કારણ નથી. આ તો મારા જન્મની કલંકકથા છે. તારા રાજકુળમાં કોઈ મીનમેખનો ફેર કરી શકે એમ નથી.'

'તો ય...તમને પગે પડું...હાથ જોડું...મારું માનો...'

'સત્યને પૂરેપૂરું જાણ્યા વિના હું છોડવાનો નથી.'

'મને હવે ગળા સુધી ખાતરી છે કે હું સાચી છું... સાચી છું... તમારા ભલા માટે કહું છું; ભલા થઇને રે'વા દો.'

'ભલું?! એ ભલાથી તો હું જન્મ્યો ત્યારથી પીડાઉં છું.'

અને રાજાએ તપાસ કરી તો જાણવા મળ્યું કે એ ગોવાળ બીજો કોઈ નહિ, પણ પોતે જેને તેડી લાવવા માણસ મોકલ્યો છે તે જ, લાયસના મોતને નજરે જોનાર એકમાત્ર સાક્ષી!

જોકાસ્ટા વણબોલ્યે ઊઠીને અંદર ચાલી ગઈ. ઇડિપસને લાગ્યું કે પતિના હીન જન્મની કથાથી એનું અભિમાન ઘવાયું હશે. પણ પોતે હીનજન્મ હોય તેથી શું? પોતે તો છે પ્રારબ્ધનો પુત્ર. ને—હું કોણ છું તે મારે જાણવું જ રહ્યું.

અને એ વિગતો પણ મળી—લાયસના મોત વખતે છટકી જનાર ગોવાળ આવ્યો ત્યારે. પહેલાં તો એ ડરનો માર્યો નામક્કર ગયો: પોતે કૉરિન્થના દૂતને જાણે ઓળખતો જ નથી! પેલાએ પૂરી ઓળખાણ આપી. કઈ કઈ ઋતુઓમાં, કેટલો સમય, કેવી રીતે સાથે ફરેલા, ક્યાં કેમ મળતા, એ યાદ કર્યું ત્યારે હા પાડયા વિના એનો છૂટકો નહોતો. પણ એને પોતે બાળક આપેલું એ વાત આવી ત્યારે, પાછો, એ લોચા વાળવા લાગ્યો. પણ રાજાએ એવો દમ ભરાવ્યો કે એ વાત પણ, આખરે, એને કબૂલવી પડી. હા, રાણી જોકાસ્ટાએ જાતે, પોતાને હાથે, પોતાનું જ બાળક એને પૂરું કરવા આપેલું, કારણ કે એ એના પિતાની હત્યા કરશે એવી ભવિષ્યવાણી હતી.

'તો પછી, તેં એને જીવતું કેમ રાખ્યું? આ ગોવાળને કેમ આપ્યું?'

'અન્નદાતા, એ કુમળા છોડને પીલી નાખતાં મારો જીવ ના ચાલ્યો. મેં માન્યું કે આવો આ એને આઘેઆઘેના પરદેશમાં લઈ જશે. પછી ક્યાં એ કોઈ દિ' પાછું આવવાનું છે, કે કોઈ ક્યાં આ વાત જાણવાનું યે છે?'

'જાવ.' રાજાએ બધાંને વિદાય કર્યા. એ અંત:પુર તરફ વળ્યો. પણ ત્યાં તો દાસીઓને શ્વાસભેર સામે દોડી આવતી જોઈ. એમની આંખોમાં આંસુ સમાતાં નહોતાં. એમનાં મુખ પર દબાવેલાં ડૂસકાં હતાં.

'શું છે?' 'અન્નદાતા......'

'જલદી બોલો.' 'રાણીમા......'

'શું થયું?' ને એનો ઉત્તર સાંભળવાય ન રોકાતાં રાજાએ દોટ મૂકી—રાણીના આવાસ ભણી. શયનખંડ બંધ હતો. 'રાણી,...રાણી...!' એણે બૂમ પાડી. કોઈ જવાબ ન મળ્યો. દરવાજા ઠોક્યા. અંદરથી આગળો દેવાયો હતો. ફરીથી એણે બૂમો પાડી. જવાબ ન મળ્યો. 'મારી તલવાર લાવો..., મારી કટારી...' એણે હુકમ કર્યો. દાસદાસીઓ સૌ સ્તબ્ધ રહ્યાં. સૌ રડતાં હતાં. કોઈને કશું સૂઝતું નહોતું.

એણે દરવાજા પર માથાં પછાડયાં. પછી કોણ જાણે કેવા ય જોરથી એણે એના આખા શરીરને એ તોતિંગ બારણાં પર એવું ઝીંક્યું કે મજાગરાંસોતું આખું બારણું કડ્ડડ્ડ...ભુસ કરતુંક ને હેઠું પડ્યું. ને... ત્યાં એક ભયંકર, ચીતરી ચડે એવું વિકરાળ દૃશ્ય નજરે પડ્યું. એક મોટી ચીસ એનાથી પડાઈ ગઈ. પરિચારકો દોડી આવ્યા. રાજા નાના બાળકની જેમ ઊંધે માથે પડીને ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

પછી ઊભો થયો. પરિજનોની મદદથી રાણીના લટકતા મૃતદેહને એણે નીચે ઉતાર્યો ને સુવાડયો. એના ડોળા બહાર નીકળી પડયા હતા. ગળે ખાંચેલ ફાંસો એણે છોડયો ને એના શબને બથ ભરીને ફરી

પાછો છૂટે મોઢે વિલાપ કરી ઊઠચો.

કોણ જાણે કેવી કાળપળે એની નજર એનાં વસ્ત્રોમાં ભરાવેલાં મોટાં મોટાં 'બ્રૉચ' પર ગઈ. સોનાનાં એ ધારદાર મોટાં ચકદાં લાંબી પિનોથી એનાં કપડાંમાં ખોસેલાં હતાં. થોડી વાર તો એ એને જોઈ રહ્યો. પછી જાણે કોઈ ઝોડ વળગ્યું હોય એમ એક ઝાટકે એ ચકદાં એણે ઉખેડી કાઢચાં ને હતું તેટલું જોર કરી આંખોમાં ઘોંચી દીધાં. કાઢચાં. પાછાં ઘોંચ્યાં. પાછાં...એના ડોળા બે ય છૂંદાઈને ગોખલા થઈ ગયા ત્યાં સુધી એ આમ કરતો રહ્યો. લોહીનો તો ફુવારો વછૂટચો. એની દાઢી આખી આંસુ ને રક્તનું સદાનીંગળતું વાદળ બની ગઈ! એની જિંદગી ઘોર અંધારી શાશ્વત રાત્રી બની ગઈ.

'મને બહાર લઈ જાવ, બારણું બતાવો.' એણે વેદનાભર્યા અવાજે આજીજી કરી. એ ઊભો થયો: 'આખું નગર મને જોઈ લે, ઓળખી લે, એમના અપાર આતંકને, પિતૃઘાતીને..., માતાના...એ શબ્દો ય પાપમાં પાડે એવા છે...મને કોઈ જલદી આ દેશની બહાર દોરી જાવ—દેશદ્રોહીને, ભૂમિદ્રોહીને, કુટુંબદ્રોહીને...ઓ શાપિત જીવન! મને પર્વતની ટેકરીઓ પર મરવા દીધો હોત તો શું ખોટું હતું? આ જીવનના શાપ કરતાં તો એ મૉતનું વરદાન મીઠું લાગત—મને ને મારાં સૌ સ્વજનોને.'

કેટલાકને લાગ્યું કે આંખો ફોડી એના કરતાં આત્મહત્યા કરી હોત તો આવી પીડામાંથી રાજા બચત. એ સાંભળતાં રાજા બોલી ઊઠચો: 'ના, ના, ના! મારી સજામાંથી હું છટકી કેમ શકું?...ને મૃત્યુની પાર વસતા મારા પિતાને છતી આંખે હું શી રીતે જોઈ શકત? મારી માતા સામે તો હું આંખે ય શી રીતે ઊંચકી શકત? ને મારી જન્મદાત્રીથી જ જે જન્મ્યાં તે મારાં બંધુ-સંતાનોને હુંથી શેં જોયાં જાત? મારા નગરને ય હું શી રીતે નિહાળત—એના પર આફત વરસાવનાર તો હું જ છું!...આ કાનથી હજી આ બહારના જગત સાથે મારો સંબંધ જોડાએલો છે. એ ય હું તો ફોડી નાખત. પણ પછી? મને મળત શાંતિ, નીરવતા. પણ એનો તો મને અધિકાર નથી. મારે તો વેદનાને વેઠવાની છે. શાંતિનાં હવાતિયાં બહુ માર્યા...પેલા વનવગડાની વાટમાં પેલો ત્રિભેટો છે. એની બાજુમાં પેલી નાનકડી ઝાડી છે ને? એની માટીને મેં સિંચી છે મારા પિતાના રક્તથી!! મારા જ શોણિતથી...માનવનાં ઘોરતમ ગણાતાં બધાં પાતકો એકીસાથે મારામાં ખડકાયાં છે! ઓ..., મને કોઈ સાગરનાં ઊંડાણોમાં ડુબાડી દો...મને લઈ જાવ.'

અને એ લોકો તરફ આગળ વધ્યો. બધાં ભાગ્યાં. એને અડવાથી દેવોનું પાપ ઊતરે! એને દોરાય તો કેમ જ?! કઈ રીતે, કોણ જાણે, એ અથડાતો કુટાતો બહાર નીકળ્યો.

ક્રિયોને રાજાની આ દશા વિષે જેવું સાંભળ્યું કે એ દોડી આવ્યો. નગરના અગ્રણીઓએ તાત્કાલિક નિર્ણય લઈ લીધો હતો, તે એને રસ્તામાં જ જણાવ્યો: 'તમારે જ હવે રાજ્યની ધુરા વહન કરવાની છે.'

'પણ રાજાનું શું કરવું—ઇડિપસનું?'

અને અગ્રણીઓએ સૂચવ્યું કે એ માટે પણ ડેલ્ફીમાંથી જ આદેશ મેળવવો. ક્રિયોનને આ સલાહ સાચી લાગી. એણે ત્યાંથી જ એક જણને ડેલ્ફી તરફ તરત વિદાય કર્યો. ત્વરાથી બધું કર્યા વિના છૂટકો નહોતો.

ત્યાં એણે ઇડિપસને મહેલ બહાર જોયો. આસપાસ લોકોનાં ટોળાં જામ્યાં હતાં. ઇડિપસને એણે મહેલમાં જવા આગ્રહ કર્યો. આ બીભત્સ દૃશ્ય લોકો જુએ એ એને ઠીક ન લાગ્યું. સ્વજનોની વાત જુદી છે. સ્વજનો સિવાય કોઈ ઇડિપસને સહાય કરે એમાં પણ કદાચ સહાયકનું જ અહિત થાય તો?–એવી એને દહેશત હતી. ઇડિપસે એને નમ્રતાપૂર્વક એક આજીજી કરી: 'ભાઈ, એક ઉપકાર કરશો?' 'બોલો.'

'તમારાં બહેનની અંત્યેષ્ટિ કરો...ને આ દેશ પર હવે હું ભારરૂપ થવા માગતો નથી. મારી હાજરી અહીં હાનિકારક છે. મને અહીંથી બહાર જવા દો પેલા પર્વતોના ઢોળાવ પર. ત્યાં હું રઝળીશ, રવડીશ, ને શેષ આયુષ્ય પૂરું કરીશ. એ સિથેરોન પર્વત પર મારું જીવન વિલીન થઈ જાય એવી મારાં જન્મદાતાઓની ઇચ્છા હતી. ભાઈ, એ પૂરી થવા દો....

ને એક બીજી વાત. મારાં સંતાનોમાંથી છોકરાઓની તો મને ચિંતા નથી. તમે ય ન કરતા. એ તો એમનો રોટલો ગમે ત્યાંથી રળી લેશે. પણ પેલી...કુમળી કળીઓ!...કોઈ દિવસ, એક ખાણું એવું નહોતું જ્યારે બાપ એમની પડખે બેઠો ન હોય, ને એની થાળીમાંથી એમણે ભાગ પડાવ્યો ન હોય. એ બન્ને તમને ભળાવું છું, ભાઈ, ક્રિયોન... ક્રિયોન, બંધુ, એક વાર મારી એ દીકરીઓને મારી પાસે આવવા દેશો? એક વાર એમને સ્પર્શી લઉં, જો તમારી અનુજ્ઞા હોય તો. એ એક સ્પર્શ તો મારા આખા અસ્તિત્વનો ટેકો બની રહેશે, ભાઈ એમને અડવા દેશો?'

ક્રિયોને ઇડિપસની બન્ને પુત્રીઓને બોલાવી: ઇસ્મિની અને ઍન્ટિગોનીને. એમના પદસંચાર પરથી રાજા એમને પારખી ગયો. એના વેદનાગ્રસ્ત, શોણિતલીંપ્યા ચહેરા પર એક અનોખી ભાત પડી.

'આવી? મારી દીકરીઓ—મારી દેવીઓ?'

'હા ભાઈ. તમને એ પ્રાણથી યે પ્યારી છે તે હું જાણું છું. આ રહી. બહેનો, બેટા, જાવ. તમારા પિતાને પગે પડો જોઉં.' ક્રિયોને કહ્યું.

અને ઇડિપસે એમને માથે હાથ પસવારતાં કહ્યું: 'રડો મા, બહેન! રડો મા, બેટી, રડો મા. હું સમજું છું તમને શું થાય છે તે. તમે મા ગુમાવી ને બાપ બેવફા નીવડચો. બેટા, રડો તો મારા સમ! આ તો હજી આરંભ છે, દીકરી! જિંદગીમાં આગળ પર બહુ યે રડવાનું તમારે ભાગે આવશે, બેટા! મારે પાપે! હા મારે પાપે લોક તમારાથી યે બીશે! તમને અપશુકનિયાળ ગણશે. મેણાંટોણાં મારશે. યૌવનકાળે કોઈ કદાચ તમારો હાથ ઝાલવા ય તૈયાર ન થાય. બેટા, બહાદુર થજો, હોં! જગતમાં તો ઝૂઝવાનું છે, હોં!—પ્રારબ્ધનાં પૂર સામે ય તે, હા...રડો મા... કોણ સુખી છે આ જગતમાં, મને કહેશો? કોઈ નહિ. સુખ એ ઠગારી આશા છે. એનો ભરોસો ના કરજો, બહેન. મૃત્યુના પરમ સુખને ઓઢે નહિ ત્યાં સુધી કોઈને સુખી માનશો નહિ. સુખ તો છેતરામણ છે. કોઈએ એવું સુખ જોયું છે જે આખરે ભ્રમમાં ન પરિણમ્યું હોય?... હિંમત રાખજો, હોં. દીકરીઓ, જીવન એટલે જ ઝૂઝવાનું, વેઠવાનું.'

પછી એ ક્રિયોન તરફ વળ્યો: 'ભાઈ, મને એક વચન આપશો? આ પુત્રીઓને તમે તમારી પુત્રીઓની જેમ પાળશો?'

ને ક્રિયોને આગળ આવી, અંધ ઇડિપસનો ધ્રુજતો હાથ પકડી લીધો: 'આ મારું વચન છે, બંધુ!' ત્યારે ઇડિપસની આંખોના બંને ખાલી ગોખલા ઊભરાઈ પડચા: 'બસ ભાઈ, સંતોષ.'

'તો હવે મહેલમાં જાઓ.' ક્રિયોને સૂચવ્યું. ઇડિપસને તો ત્યાંથી સીધા જ સિથેરોનના પહાડોમાં ચાલ્યા જવું હતું, પણ ક્રિયોને ડેલ્ફીના દેવની ઇચ્છા જાણવા અનુચર મોકલ્યો હતો. 'ડેલ્ફીનો આદેશ મળે તે પછી જ તમને જવા દેવાય. કોઈ ઉતાવળિયું પગલું હું ભરવા માગતો નથી.'

એની વાત સાચી હતી. ઇડિપસ પુત્રીઓને ખભે હાથ મૂકી મહેલ ભણી વળ્યો. ક્રિયોન બોલ્યો: 'ઇડિપસ, પુત્રીઓને હવે જવા દો. હું તમને દોરી જવાની વ્યવસ્થા કરું છું.'

'કેમ? ના, ના. એમને મારાથી અળગી કરશો નહિ.'

ક્રિયોને ભારપૂર્વક કહ્યું: 'હવે તમારે આદેશો આપવાની આદત છોડી દેવી પડશે, મુરબ્બી.' અને એના આદેશાનુસાર અનુચરોથી દોરાતા ઇડિપસને મહેલમાં ચાલ્યો જતો લોકો જોઈ રહ્યા. એને માટે એ તે મહેલ હતો કે કબર? ઇડિપસના શબ્દો હજી સૌનાં ચિત્તમાં પડઘાતા હતા: 'જીવતું કોઈ સુખી નથી, જ્યાં સુધી એ ઓઢે નહિ મૉત.' □

[ગયા અંકમાં આવેલા 'ઍન્ટિગોની'ના કથારૂપમાં પૃષ્ઠ ૬૨ ઉપર છેલ્લેથી પાંચમી લીટીમાં 'મૂરીડાઈસ' નહિ પણ 'યૂરીડાઈસ' જોઈએ.]

ઈંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ ચુ. વૈદ્ય

૧૪

ડબ્લિન · તા. ૧૦-૫-૭૦

વ્હાલાં બાળકો,

આ દેશ હમણાં એક મોટી રાજકીય કટોકટીમાંથી પસાર થયો. પ્રશ્ન આયર્લૅન્ડના આન્તરિક રાજકારણનો હતો તેથી ઈંગ્લૅન્ડ કે આયર્લૅન્ડ સિવાયના દેશનાં છાપાંઓમાં એ સમાચાર નહિ આવ્યા હોય; પણ આપણા દેશમાં ઇન્ડિકેટ-સિન્ડિકેટની જે ધમાધમી થઈ, કાંઈક તેવી જ પરિસ્થિતિ અહીં પણ ઊભી થઈ હતી. પણ જે રાષ્ટ્રીય કૉંગ્રેસના નેજા નીચે આપણે આપણી આઝાદીની લડત લડયા હતા તે કૉંગ્રેસના, કટોકટીના પરિણામે, ભાગલા પડયા તેવું અહીં ન થયું.

બુધવાર તા. ૬ઠ્ઠી મેને દિવસે સવારમાં રેડિયો અને છાપાંમાં સમાચાર આવ્યા કે ટીશખે (વડા પ્રધાનને અહીં ટીશખ કહે છે. ટીશખ આઇરિશ ભાષાનો શબ્દ છે-તેની જોડણી જરા વિચિત્ર છે: Taoiseach) પ્રધાનમંડળના બે પ્રધાનોને બરતરફ કર્યા છે! રાત્રે અઢી વાગ્યે હુકમ બહાર પાડીને ટીશખે નાણા પ્રધાન હોહે (Haughey) અને ખેતીવાડીના પ્રધાન બ્લેનીને બરતરફ કર્યા. ઇન્દિરા ગાંધીએ મોરારજી દેસાઈ પાસેથી નાણાખાતું લઈ લીધું ત્યારે આપણે ત્યાં જેવો સોપો પડી ગયો હતો તેવું જ અહીં પણ થયું. મોરારજીભાઈ આઝાદીની લડતના સૈનિક, લડતને કારણે જેલવાસ ભોગવેલો, થોડું સહન પણ કરેલું. અહીં પણ એવી જ પરિસ્થિતિ. બરતરફ થએલા પ્રધાન બ્લેનીના આખા કુટુમ્બે આઇરિશ આઝાદીના જંગમાં ભાગ લીધેલો. બ્લેનીનો જ્યારે જન્મ થયો ત્યારે તેનો બાપ બ્રિટિશ જેલમાં ફાંસીની સજાની રાહ જોતો પડયો હતો! તેની સરખામણીમાં ટીશખ મિસ્ટર લિંચનું કુટુંબ આઝાદીની લડતથી પ્રમાણમાં અળગું રહેલું એટલે બરતરફીના સમાચારે પહેલાં તો ખૂબ આશ્ચર્ય ફેલાવ્યું.

આપણે ત્યાં આર્થિક કારણો આગળ કરીને ઇન્દિરાએ મોરારજીને છૂટા કર્યા—બૅંકોના રાષ્ટ્રીયકરણ અંગે—પણ અહીંનું કારણ નવું જ છે. આયર્લૅન્ડના ભાગલા પડયા છે અને દેશના ૩૨ જિલ્લામાંથી ઉત્તરના જે છ જિલ્લા અંગ્રેજ હકૂમત નીચે છે તે છ જિલ્લાને આઝાદ કરવા માટે સશસ્ત્ર આન્દોલન કરવું જોઈએ એવું માનતો એક પક્ષ અહીં છે. તે પક્ષ તરફથી વિદેશમાંથી ૩૦,૦૦૦ પાઉન્ડ (૫,૪૦,૦૦૦ રૂપિયા)ની કિંમતનાં શસ્ત્રોની ખરીદી કરી તે શસ્ત્રો ડબ્લિનના હવાઈ અડ્ડા પર ઉતારવાનાં હતાં; અને દેશમાં કોઈ પણ વસ્તુ આયાત કરવી હોય તો કસ્ટમ ખાતા પાસે જવું પડે અને સરકાર સિવાય બીજું કોઈ શસ્ત્રો આયાત ન કરી શકે; એટલે એ શસ્ત્રો ડબ્લિન ઉતારવા માટે નાણા પ્રધાન અને ખેતીવાડીના પ્રધાને પોતાની લાગવગ વાપરી અને લશ્કરના એક સેનાપતિ જનરલ કેલી પણ તેમની સાથે ભળ્યા. સંજોગવશાત્ આ બધી વાતની ખબર પોલીસવડાને પડી. તેણે વડા પ્રધાનને જાણ કરી. લોકો તો એમ કહે છે કે અંગ્રેજ છૂપી પોલીસ ખાતાને આખા કાવતરાની જાણ થઈ ગઈ અને તેથી અંગ્રેજ સરકારે જ આઇરિશ વડા પ્રધાનનું ધ્યાન ખેંચ્યું. ટીશખની સ્થિતિ ઘણી વિચિત્ર! દેશના ભાગલા દૂર કરવા બધા જ ઈચ્છે છે, પણ એક વાર ગેરકાયદેસર શસ્ત્રોની આયાત વિષે જાણ થાય એટલે પગલું લીધા વગર કેમ ચાલે? પંદર દિવસની મથામણ પછી બે પ્રધાનોને બરતરફ કરવાની જાહેરાત કરી. એ જાહેરાત થઈ કે તરત જ એક ત્રીજા પ્રધાન મિ. બોલન્ડે બરતરફીની વિરુદ્ધ પોતાનું રાજીનામું આપ્યું. બુધવારે સવારે છાપું આવ્યું ત્યારે આ બધા સમાચાર જાણ્યા.

અમારા યુનિવર્સિટી વિભાગમાં રોજ ૧૧-૩૦ વાગ્યે ચા પીવા બધા ભેગા થાય છે ત્યાં આ ચર્ચા નીકળી. બધાંને ચિંતા હતી કે હવે ફીઆના ફેલ (આપણી કૉંગ્રેસ જેવો આયર્લૅન્ડનો મુખ્ય પક્ષ) તૂટી જશે અને તેના બે ભાગલા થશે. પરંતુ બધાંને મનમાં હતું કે જો ભાગલા પડશે તો બન્ને ભાગલા પોતાને ફીઆના ફેલ જ કહેવડાવશે, કારણ કે દેશમાં તે નામની આસપાસ આઝાદીના ઇતિહાસની તવારીખ રચાએલી છે. પરિસ્થિતિ આપણા દેશને કેટલી બધી મળતી છે!

પરંતુ તે જ દિવસે બપોરે ૧-૦૦ વાગ્યે ફીઆના ફેલ પાર્ટીની બેઠક મળી. બે કલાકની ચર્ચા દરમિયાન ટીશખે આખી પરિસ્થિતિ સમજાવી અને છેવટે ટીશખમાં વિશ્વાસ વ્યક્ત કરતી દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ! પણ સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ કે બરતરફ કરાએલા પ્રધાનોએ પણ વિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત આપ્યો.

અહીંના બંધારણ પ્રમાણે કોઈને નવો પ્રધાન નીમવો હોય તો તેની દરખાસ્ત પાર્લમેન્ટ સમક્ષ મૂકવી જોઈએ. છૂટા કરેલા પ્રધાનોની જગ્યાએ નવા પ્રધાનોના નામની દરખાસ્ત શુક્રવાર તા. ૮મીની સવારે ૧૦॥ વાગ્યે પાર્લમેન્ટમાં આવી. વિરોધ પક્ષે (જેનું નામ છે ફાઈન ગેલ) વડા પ્રધાન પાસેથી આખી વાત કઢાવવા આ પ્રસંગ શોધ્યો અને દરખાસ્ત ઉપર સતત ૩૭ કલાક ચર્ચા ચાલી—શુક્રવારે સવારે ૧૦-૩૦ વાગ્યે શરૂ થયેલી ચર્ચા શનિવારે રાત્રે ૧૧-૪૫ કલાકે પૂરી થઈ: પાર્લમેન્ટ સતત ૩૭ કલાક સુધી બેઠી. છેવટે ૭૩ વિરુદ્ધ ૬૬ મતે દરખાસ્ત પસાર થઈ!

સજા કરનાર અને સજા પામનાર બન્નેની સામે દેશદાઝનું સમાન ધ્યેય હતું તેથી રાજકીય પક્ષ તૂટયો નહિ. —લિ. કાકાના આશિષ

વારતા ૮

વૈતાળ પચ્ચાસી

દોષિત કોણ?

વિનોદ ભટ્ટ

-અને મડાને ઝાડ પરથી ઉતારી, ખભે નાખી રાજા વિક્રમે પોતાના મહેલ તરફ ચાલવા માંડયું એટલે મડાએ આ વારતા કહી:

'કોઈ એક નગરમાં ત્રણ લેખકો રહેતા હતા. આ ત્રણમાંનો એક અનુવાદક, બીજો રૂપાન્તરકાર અને ત્રીજો મૌલિક હતો. એક વખત એવું બન્યું કે કોઈ એક પરભાષી કૃતિ પર એ ત્રણેયની નજર એકસાથે જ પડી. પરભાષી કૃતિ બેનમૂન હતી. આ ત્રણે લેખકોએ એના પર હાથ અજમાવ્યો. પહેલાએ એનો સુંદર અનુવાદ પ્રકટ કર્યો અને અનુવાદક તરીકે ઘણા મોટા અક્ષરે પોતાનું નામ લખ્યું, પણ કૃતિના અસલ લેખકનું નામ તે ગળી ગયો. બીજાએ એ મૂળ કૃતિનું પોતાની ભાષામાં રૂપાન્તર કર્યું. મથાળે પોતાનું નામ લખ્યું અને વાર્તાના છેડે ફક્ત સૂચિત એટલો એક શબ્દ જ મૂક્યો, પણ અસલ લેખકનું નામ મૂકવાની ભૂલ તેણે ન કરી. અને ત્રીજા લેખકે આ વાર્તાનાં નાયક-નાયિકાનાં નામ ફેરવી નાખ્યાં. મૂળ વાર્તામાં જ્યાં જ્યાં 'રેઈનકોટ' લખ્યું'તું ત્યાં ત્યાં છત્રી, અને 'સૅન્ડવિચ' હતી ત્યાં ભજિયાં તળી નાખ્યાં, અને આટલી બધી મહેનત બાદ તૈયાર કરેલી કૃતિના મૂળ લેખક તરીકે તેણે પોતાનું જ નામ ઠઠાડી દીધું'...'

વાર્તાને અહીં અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'તો હે વીર વિક્રમ, આ ત્રણેયમાં વધુમાં વધુ દોષિત કોણ કહેવાશે? 'એકે ય નહિ' રાજા વિક્રમે ડોકું ધુણાવતાં કહ્યું: આ ત્રણે ય નિર્દોષ છે. જો દોષિત જ ગણવો હોય તો પેલા પરભાષી લેખકને જ ગણવો જોઈએ કે જેણે સારી કૃતિ સર્જીને બિચારા આ ત્રણે ય ભોળા લેખકોને ભરમાવ્યા છે.'

'વાહ વિક્રમ વાહ...' એમ કટાક્ષમાં બોલતું મડું ફરી વાર રાજા વિક્રમને મૂરખ બનાવી ઝાડ પર ચડી ગયું.

સાહિત્યસંપર્ક

એક વસાવવા જેવું પુસ્તક

ડૉ. શિવપ્રસાદ (ત્રિવેદી)

લગ્નજીવન વિષે વૈજ્ઞાનિક માહિતી અને સમજણ અતિ જરૂરી હોવા છતાં એમાં હજી નૈસર્ગિક પ્રેરણા અને અનુભવ પર જ આધાર રખાય છે. ગઈ પેઢીના યુવાનો અશ્લીલ અને અશિષ્ટ લેખાતાં જાતીય વિજ્ઞાનનાં પુસ્તકો કુતૂહલથી પ્રેરાઈ છાનાછપના વાંચતા હતા, તો કોઈક વળી ઔષધ-નિર્માતાઓ તરફથી પ્રગટ થતાં પુસ્તકો વાંચી પોતે રોગી હોવાના ભ્રમમાં પડતા. હવે થોડાં વરસથી જાતીય વિષયનાં વૈજ્ઞાનિક પુસ્તકોનું વાચન વધ્યું છે અને તે લગ્નભેટ તરીકે અપાતાં પણ થયાં છે તે એક શુભ ચિહ્ન છે· એવું લગ્નમાં ભેટ આપી શકાય તેવું 'લગ્નજીવન માતૃત્વ ને કુટુમ્બનિયોજન' નામે એક સરસ પુસ્તક હમણાં પ્રકટ થયું છે, જેનો યુવાન મિત્રોને નિર્દેશ કરવો જોઈએ, લેખક પ્રકાશક: ડૉ. હરિત દેરાસરી, કમલ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ-૯, પૃ. ૩૦૨, રૂ. ૪.

આ પુસ્તક ત્રણ વિભાગોમાં વહેંચાયેલું છે. પહેલા વિભાગમાં લગ્નજીવનની ભૂમિકા કેન્દ્રમાં રાખી, પ્રજનનની ક્રિયા સમજાવવા સ્ત્રીપુરુષના જનન-અવયવોની વૈજ્ઞાનિક સમજ, લૈંગિક અવયવોનાં કાર્ય, સંભોગની સાહજિક પ્રક્રિયા-નાં વિવિધ સોપાનો સમજાવીને તેની માનસિક ભૂમિકા, સંભોગ-સ્વાસ્થ્ય અને નિ:સંતાનત્વના નિવારણની ચર્ચાવિચારણા તથા સ્ત્રીના જાતીય જીવનના અલ્પવિરામની સંજ્ઞા સમા ઋતુનિ-વૃત્તિ કાળની વૈજ્ઞાનિક દષ્ટિએ સારગ્રાહી છતાં સભર માહિતી આપી છે.

બીજા વિભાગમાં ગર્ભ સંબંધી વૈજ્ઞાનિક માહિતી, સગર્ભાવસ્થામાં સ્વાસ્થ્યની જાળવણી તથા એ અવસ્થામાં થતા રોગોની માહિતી અને પ્રસૂતિ બાદ શરીરસ્વાસ્થ્ય જાળવવા માતાએ કરવાની કસરતોનું વૈજ્ઞાનિક માર્ગદર્શન આપ્યું અને પુસ્તકના કેન્દ્રવર્તી વિભાગ સમા કુટુંબ-નિયોજન વિભાગમાં, આજની રાષ્ટ્રીય કટોકટીમાં વસતિ નિયંત્રણ દ્વારા સુજનન થવા કાજે કુટુંબનિયોજનની પ્રાકૃતિક રીતો ઉપરાંત નપું-સકતા, ગર્ભપાત, વંધ્યત્વ, સંતાન પ્રેરક ઔષધ વગેરે અદ્યતન માહિતી વિસ્તારથી આલેખી છે.

ડૉ. દેરાસરીએ પ્રસ્તુત પુસ્તકમાં 'ગાગરમાં સાગર' સમાવવાનો કીમિયો કર્યો છે, લગ્નજીવન માતૃજીવન અને કુટુમ્બનિયોજનના શાસ્ત્રીય જ્ઞાનનો નિચોડ આપી દીધો છે તેમની નિરૂપણ પદ્ધતિમાં પ્રશસ્ય લાઘવ છે, નિરર્થક બાબતો ચર્ચી નથી. સરળ શિષ્ટ અને અર્થવાહી ભાષામાં ચિત્રો આલેખો અને કોષ્ટકો સહિત લખાએલું ચાર રૂપિયાની નજીવ કિંમતે મળતું આ પુસ્તક ખરેખર સૌએ વસાવવા જેવું છે.

વોરા ઍન્ડ કંપની

ગાંધી રોડ · અમદાવાદ

મારી દુનિયા: 'વિશ્વમાનવ'માં હપ્તે હપ્તે આવેલી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)-ની આત્મકથાના આ પહેલા ભાગમાં યુવાનીમાં પગ મૂકતા મૅટ્રિક સુધી પહોંચેલા ઝીણાભાઈ રજૂ થયા છે. ચીખલી જઈ રહેલા ગાડામાં ગંભીર માંદગીમાં સૂતેલી માતાને બોલાવવા મથતા બે-ત્રણ વરસના બાળકની સંવેદનાની પ્રથમ સ્મૃતિથી ઊઘડતી આ આપ-કથામાં ઊર્મિપ્રધાન નવલકથાના અંશો ઉપરાંત વફાદારીપૂર્વકની આલેખનામાં એક સારી આત્મ-રૂપકથાનાં સ્વગત લક્ષણો છે. પોતાના પરિચય-માં આવતાં સ્થળો અને વ્યક્તિઓનાં શબ્દ-ચિત્રો ઉપસાવવામાં કવિત્વશક્તિ એમની મદદે આવી છે. ઉત્તમ શિક્ષકની સજ્જતાથી યુવાન પેઢીનું ઘડતર કરનાર આચાર્ય ઝીણાભાઈએ પોતાનું વિદ્યાર્થીજીવન ઘડનારાં પરિબળોની સમજપૂર્વકની અને કલાત્મક નોંધ આમાં

શબ્દકથા: 'દહીં'ના વાચક શબ્દો

'દહીં' ઉપરાંત ગુજરાતીમાં 'મહી', 'ગોરસ', 'ઘોળવું' અને 'મઠો' એટલા શબ્દો સાધારણ રીતે વપરાય છે. સંસ્કૃત 'દધિ' અને અપભ્રંશ 'દહિઉં' ઉપરથી આપણને 'દહીં' મળ્યો છે. 'દધિ' શબ્દ પણ સાહિત્યભાષામાં વાપરીએ છીએ.

'દહીં' ઉપરાંત 'મહી' મધ્યકાલીન ભાષામાંથી આપણને પરિચિત છે. સંસ્કૃત 'મથિત', પ્રાકૃત 'મહિઅં' અને પછી 'મહી' એ ક્રમે તે થયો છે. 'મથિત' એટલે 'પાણી નાખ્યા વિના ભાંગેલું દહીં.' મહી વેચનારી તે 'મહિયારી (='મથિતધારી') કે 'મહિયારણ'. ગોવાળણ માટેના 'ભરવાડણ', 'રબારણ' અને 'ગુજરી' એ જ્ઞાતિવાચક શબ્દો ઉપરાંત 'મહિયારી' કે 'મહિયારણ' કાવ્યના સંદર્ભોમાં જાણીતો છે. ગોંડળકોશે (અને તે અનુસાર ટર્નરે) આ નપુંસકલિંગના અને 'દહીં' એવા અર્થના 'મહી' શબ્દ ઉપરાંત, સ્ત્રીલિંગનો અને 'છાશ' એવા અર્થનો 'મહી' શબ્દ પણ નોંધ્યો છે. આ માટેનો આધાર શોધવાનો રહે છે.

'મહી' શબ્દ દહીંનો સમાનાર્થ બનતાં તેના મૂળ અર્થ માટે, પાણી નાખ્યા વગરના ઘોળેલા દહીં માટે, નવા શબ્દની જરૂર પડી, અને મધ્યકાળથી તે માટે 'ઘોલ' શબ્દ પ્રચલિત થયો. હેમચંદ્રાચાર્યે વલોવેલા દહીંના અર્થમાં તે આપ્યો છે. મધ્યકાલીન ભોજનથાળના વર્ણનમાં વિવિધ વાનીઓને અંતે દહીંભાત અને તે પછી અંતે 'ઘોલ' પિરસાતું, જેનું વર્ણન કરતાં વર્ણનકાર કહે છે: 'અમૃતમય ઘોલ, જેવા ક્ષીરસમુદ્રના કલ્લોલ, અત્યંત ધવલ, પ્રસન્ન કરે મુખકમલ.' સૌરાષ્ટ્રમાં આ માટે 'ઘોળવું' શબ્દ પ્રચલિત છે. (આ 'ઘોળવું' ક્રિયાપદ નહિ પણ નપુંસકલિંગ નામ છે.) જોડણીકોશમાં એ નોંધાયો નથી. બંગાળી અને ઉડિયા ભાષામાં 'ઘોલ' શબ્દનો અર્થ છાશ છે.

'ઘોળવું' જેવા જ અર્થમાં ગુજરાતીમાં 'મઠો' પ્રચલિત છે. કોશે 'દહીં ભાંગીને બનાવેલ ઘાટું પેય કે જાડી છાશ' એવો અર્થ આપ્યો છે; પણ પાણી નાખ્યા વિનાના ભાંગેલા દહીં માટે પણ તે વપરાય છે (અંદર સૂરણ કે વેંગણ બાફીને નાખવાથી બનતી વાની માટે પણ તે પ્રચલિત છે).

હિન્દીમાં 'મઠ્ઠા'નો અર્થ 'છાશ' થાય છે. સંસ્કૃત 'મૃષ્ટક', પ્રાકૃત 'મઠ્ઠઅ' ઉપરથી તે ઊતરી આવ્યો છે. 'ખાવાની વાની તરીકે તૈયાર કરેલું' એવા સામાન્ય અર્થમાંથી વિશિષ્ટ અર્થ વિકસેલો છે. 'મૃજ' ધાતુનો એક અર્થ 'સંસ્કારીને ખાદ્ય રૂપમાં તૈયાર કરવું' એવો પણ થતો. તે ઉપરથી એક તરફ 'મૃષ્ટ' દ્વારા આપણને 'મિષ્ટ'–'મિષ્ટાન્ન'–'મિઠાઇ' વગેરે મળે છે, બીજી તરફ સંસ્કૃતમાં 'માર્જિતા' (=શ્રીખંડ જેવી વાની) મળે છે, તો ત્રીજી તરફ 'મૃષ્ટ', 'મટ્ઠ' દ્વારા 'મઠ્ઠા' કે 'મઠો' મળે છે. 'માર્જિતા' અને 'મઠો' બંનેમાં દહીં સાથેનો અર્થસંબંધ છે.

આ બધા શબ્દોનો અર્થવિકાસની દષ્ટિએ વિચાર કરતાં જણાશે કે 'દહીં', 'ભાંગેલું કે વલોવેલું દહીં', 'પાણી વિના ઘોળેલું દહીં', 'જાડી છાશ'—એવા અર્થોની સેળભેળ થતી રહી છે.

ઉપર ચર્ચ્યા તે શબ્દો ઉપરાંત 'ગોરસ' પણ વપરાશમાં છે. 'ગોરસ'નો સંસ્કૃતમાં પ્રાચીન અર્થ 'ગાયનું દૂધ' એવો જ છે. પાછળના સમયમાં તે 'દહીં' કે 'છાશ'ના અર્થમાં મળે છે. હેમચંદ્રે 'દહીં' અને 'વલોવેલું દહીં' ('ઘોલ') એમ બે અર્થમાં તે નોંધ્યો છે. ગુજરાતીમાં કેટલાક પ્રદેશમાં તે દહીંના અર્થમાં જ વપરાય છે. કોશમાં 'ગોરસ'નો 'દૂધ, દહીં વગેરે' એવો અર્થ આપેલો છે તે વર્તમાન પ્રયોગને આધારે જ છે કે કેમ તે જાણવું મુશ્કેલ છે. હિન્દીમાં 'ગોરસ' ગાયનાં દૂધ, દહીં, છાશ વગેરેનો વાચક છે. બીજી ઉત્તર ભારતીય ભાષાઓમાં પણ ક્વચિત 'છાશ' કે 'દહીં'ના અર્થમાં તો ક્વચિત 'દૂધ', દહીં, છાશ વગેરે એવા વ્યાપક અર્થમાં તે છે. 'ગોરસી' ગોરસ રાખવાના વાસણ કે દોણી માટે જાણીતો છે.

હરિવલ્લભ ભાયાણી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



નિરૂપા રૉય

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર આ પ્રથમ ગુજરાતી ફિલ્મ-અભિનેત્રીનો જન્મ મુંબાઈમાં તા. ૪-૧-૧૯૩૧. માત્ર દોઢ બે દાયકામાં 'રાણકદેવી'માં એક નાની ભૂમિકાથી આરંભી આજે દોઢ સો જેટલી ભૂમિકાઓમાં કામ કર્યું છે. ગુજરાતી ફિલ્મ પછી હિંદીમાં આરંભમાં સતિસાધ્વી કે દેવીની ભૂમિકાઓ બાદ આજે ગૃહિણી તરીકેની ભૂમિકાઓ માટે એમની અભિનયશક્તિ ઘણી જાણીતી છે. અને એ માટે અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે તથા દેશવિદેશની અનેક વ્યક્તિવિશેષોની પ્રશંસા પણ પામ્યાં છે.

૧ શ્રેષ્ઠ અભિનયનકાર તમે કોને કહો?

ઉ. પોતાની જાતને ભૂલી જઈને, સારો ય દિવસ પાત્રનું રટણ કરતા રહી, વાસ્તવિક અભિનય દાખવે; વિદ્યાર્થી પેઠે શીખે અને પોતાની જાતને કદી પણ પરિપૂર્ણ ન માને એને.

૨ ફિલ્મ-ક્ષેત્ર સમાજને કઈ સાચી રીતે માર્ગદર્શક બની શકે?

ઉ. આજની સમસ્યાઓનો સારી, સ્વચ્છ અને હળવી રીતે ઉકેલ આપતાં ચિત્રો સમાજને આંગળી ચીંધી શકે અને નવી પેઢીને જીવનનો માર્ગ બતાવી શકે.

૩ જિંદગી અને કલા વચ્ચે સંબંધ ખરો?

ઉ. જિંદગી એટલે જ કલા. કલામય બને એ અસ્મિતાભરી જિંદગી જીવી શકે. સંસારમાં સરસો રહે અને કલાને પીછે એ ચમકભરી જિંદગી જીવી જાય.

૪ ગુજરાતણોને ગૌરવભર્યું જીવન જીવવા શો સંદેશો આપશો?

ઉ. ગુજરાતી બહેનોએ પોતાના પગ પર ઊભા રહેતાં શીખવું જોઈએ. શરીર સૌષ્ઠવ જાળવવા સજાગ રહેવું જોઈએ. ફાજલ સમયનો સદુપયોગ કરતાં પણ આવડવો જોઈએ. આમ તો ગુજરાતી બહેનો આદર્શવાદી ને ઘરરખું હોય જ છે. પણ સાથેસાથ એમણે સ્વતંત્રરીતે જીવતાં પણશીખી લેવું જોઈએ.

૫ કઈ ફિલ્મમાં અભિનય કરવો તમને વધુ ગમેલો?

ઉ. 'ગુણસુંદરી'માં; કારણ કે એ ગુજરાતીમાં હતું, જેમાં આદર્શ ગુજરાતણની ભૂમિકામાં મેં ગૌરવ અનુભવ્યું હતું.

૬ ભાગ્યચક્રમાં માનો છો?

ઉ. માનવું પડે છે—પણ પ્રારબ્ધ ને પુરુષાર્થ બંનેમાં. જુઓને, દાહોદ સ્ટેશને રમતી, વલસાડના પાદરમાં છાણ વીણતી ને પૈસાનાં દસ બટન બનાવતી મજૂરી કરતી કાન્તામાંથી કોકિલા ને કોકિલાની નિરૂપા બની.

આની પાછળ પુરુષાર્થ પણ ખરો.

નીરૂપા રોય

આપી છે. એમના આંતરમનનો આલેખ આપતી આત્મકથાનાં હવે પછીનાં પ્રકરણોની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરીએ. પૃ. ૨૬૪, પાકું, રૂ. ૬ાા.

થોડોક વ્યાકરણવિચાર : જાણીતા ભાષાવિદ હરિવલ્લભ ભાયાણીએ પ્રસ્તુત પુસ્તિકામાં ગુજરાતીવ્યાકરણનાં કેટલાંક પાસાંના પુનર્વિચારણાની દિશાના પ્રયાસો વિષે મોઘાં સૂચનો કર્યાં છે. પૃ. ૧૪૪, કાચું, રૂ. ૫.

તારા, માનવી અને અણુ : હાઈન્સ હેબરના અંગ્રેજી પુસ્તકનું મનુભાઈ મહેતાએ કરેલું ભાષાંતર, જેમાં ચિત્રો અને આકૃતિઓનો ઉપયોગ કરીને શિક્ષણની સામાન્ય સપાટીવાળાઓને નિસર્ગની અદ્ભુત લીલા સમજાવવાનો પ્રયત્ન થયો છે. પૃ. ૨૫૨, પાકું પૂઠું, રૂ. ૩.

માધવ ક્યાંય નથી : કૃષ્ણ છે છતાં નથી એમ પ્રતિપાદિત કરતી હરીન્દ્ર દવેની આ કૃષ્ણકથામાં પૌરાણિક પાત્રો આધુનિક નવલકથાના પરિવેશમાં રજૂ કર્યાં છે. એની પ્રયોગાત્મકતા જ નહિ શૈલીની ગીતસહજ રસાળતા પણ એની વિશિષ્ટતા છે. પૃ. ૨૬૪, પાકું પૂઠું, રૂ. ૭.

કામિની : મધુ રાયની નવલકથા, એમના જ 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો!' નામના પ્રયોગલક્ષી નાટકના આધારે; પૃ. ૩૦૪, રૂ. ૯.

આભને છેડે : હસિત બૂચની નવલકથા. પૃ. ૧૯૬, પાકું પૂઠું, રૂ. ૫.

દ્વીપાંતર: 'જરાસંધ' (ચારુચંદ્ર ચક્રવર્તી)-ની 'પાડી' નામની નવલકથાનો ટોપણ દયાળજી ઘેલાણીએ કરેલો અનુવાદ; પૃ. ૧૭૨, પાકું, રૂ. ૪.

યુગેયુગે : હરીન્દ્ર દવે લિખિત નાટક પૃ. ૮૪, કાચું પૂઠું, રૂા. ૩. **અચનાંશુ** : શિવકુમાર જોષીની નવલકથા. પૃ. ૩૬૪, પાકું પૂઠું, રૂ. ૧૦.

અધૂરું શમણું : અનંત ગોપાળ શેવડેની નવલકથાનો નટવરલાલ જાનીએ કરેલો અનુવાદ. પૃ. ૧૩૬, પાકું પૂઠું, કિં. જણાતી નથી.

કનૈયાલાલ મુનશી : મુનશીની કેટલીક મહત્ત્વની કૃતિઓ વિષે મનસુખલાલ ઝવેરીએ જુદે જુદે પ્રસંગે લખેલા સાત વિવેચનલેખોનો સંગ્રહ, પૃ. ૧૦૮, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૧૭] — કરાવનાર· જલન માતરી



હરીન્દ્ર દવે

શાયરીની મેહફિલ જામી હતી, એકે પ્રશ્ન પૂછ્યો: 'ગઝલ એટલે શું?' જવાબ મળ્યો: 'સ્ત્રીઓ સાથેની વાતચીત.' બીજાએ કહ્યું: 'ખોટી વાત! ગઝલ એટલે દાવાદલીલ; એક પંક્તિમાં સવાલ, બીજીમાં જવાબ. ખામોશી પથરાઈ. અર્થ એ થયો કે બધા સંમત છે. પણ ત્યાં જ શૂન્ય પાલનપુરીનો હુંકાર સંભળાયો : 'મારું મન નથી માનતું. ગઝલ એટલે જિંદગીની વાત!'

વાત પણ સાચી છે. શાયરના અનુભવો, એનું ચિંતન સાદા અને સરળ શબ્દોમાં જિંદગીની વાત લઈને જ્યારે પ્રકટે છે ત્યારે જ હૃદય ઉપર તે ચોટ કરી જાય છે. એટલે તો માન્યતા દૃઢ થઈ કે હૈયું વીંધીને નીકળી જાય એ તીર અને હૈયું પકડીને બેસી જાય એ શે'ર.

એ ગઝલને ઉન્નત બનાવવા પાછળ જેમનો ફાળો છે એવા શાયરોની નામાવલી લખાય તો શ્રી હરીન્દ્ર દવેનું નામ અચૂક આવી જાય. ઘણી મોટી કીર્તિ સંપાદન કરી ચૂકેલા આ જાણીતા સાહિત્યકારનું ચિંતન ગહન છે, અભ્યાસ ઊંડો છે; એટલે તો ગઝલ હોય કે ગીત, વાર્તા હોય કે નવલકથા, એમની કલમ એક અભ્યાસીની અદાથી કુશળતાપૂર્વક ઘૂમતી રહે છે.

ઈ. ૧૯૩૦ની ૧૯મી સપ્ટેમ્બરે કચ્છમાં ખંભરા ગામે મોસાળમાં જન્મ. બી. એ. સુધીનું શિક્ષણ ભાવનગરમાં લઈ ૧૯૬૧માં એમ. એ. થયા. ઈ. ૧૯૬૨થી તેઓ ભારતીય વિદ્યાભવન તરફથી પ્રગટ થતા પાક્ષિક 'સમર્પણ'ના સંપાદક તરીકે કામ કરતા રહ્યા છે, અને ૧૯૬૮થી તેઓ 'યુસિસ'—અમેરિકન માહિતી કચેરીના ગુજરાતી વિભાગમાં સંપાદક તરીકે જોડાયા છે. 'મુંબાઈ સમાચાર'માં 'કલમની પાંખે' નામે કટાર સંભાળે છે, અને 'જન્મભૂમિ-પ્રવાસી'માં 'કવિ અને કવિતા' એ મથાળા હેઠળ કવિતાનો રસાસ્વાદ કરાવે છે. એમના બે કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે: 'આસવ' અને 'મૌન'. 'મૌન'ને ૧૯૬૬માં ગુજરાત સરકાર તરફથી કવિતાવિભાગમાં બીજું પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેમણે ચાર નવલકથાઓ લખી છે: 'અગનપંખી', 'પળનાં પ્રતિબિંબ' 'અનાગત' અને 'માધવ ક્યાંય નથી'. ઉપરાંત પરિચય પુસ્તિકાઓ 'મુશાયરાની કથા', 'દયારામ' અને 'ગાલિબ' લખી છે. ઓછું બોલીને વધારે કામ કરવામાં માનતા આ કવિ સ્વભાવે ઘણા જ નમ્ર અને શરમાળ પ્રકૃતિના છે.

સંસ્કૃતિ મરી ગઈ છે એવું માનીને સૃષ્ટિને એની શોકસભા તરીકે ઓળખાવતા, મરણને પણ જિંદગીની જેમ પરાયું ગણતા, નાજુક ક્ષણોમાં મૃત્યુને કોલ દઈ દીધા પછી જીવનની સાથે મુલાકાત કરી વ્યથા અનુભવી રહેલા, અજાણ્યે આંસુ પીને એક રણ પણ અજાણ્યે તરી જનારા આ પ્રથમ હરોળના કવિના થોડાક ચૂંટેલા શે'રો પ્રસ્તુત કરતાં આનંદ છું.

લાગી રહ્યું છે સંસ્કૃતિ જાણે મરી ગઈ,
આ સૃષ્ટિ એની શોકસભા હોવી જોઈએ.

આપે વારંવાર આપ્યો કોલ મળવાનો મને
મેં ક્ષિતિજે આભધરતીનું મિલન જોયા કર્યું.

તમારાં બંધ નેત્રોનું કશું સૌંદર્ય કે તમને
તમારી ખુદ નજર લાગે જો એનું ભાન થૈ જાયે.

ઝરૂખેથી ઝૂકીને ઝાંખતી દુલ્હનના મનભાવો,
કોઈના માંડવે પગ માંડતી બારાત શું જાણે?

શોધતો જેમને હું, એ જ મને શોધે છે,
બેઉને એકબીજા કેરું સદન યાદ નથી!

બે આંખડીને કારણે દુનિયા વસી હતી,
આંખો મીંચાઈ ગઈ તો હવે ઓળખાણ ક્યાં?

આ અંધકારમાં તને પોકારતો રહ્યો,
બીજું જડી શક્યું ન મને ચાંદનીનું નામ.

વિરહની રાત અચેતન છે—ના વધે, ન ઘટે,
સમયના અશ્વને લોકો કહે લગામ નથી!
તમારું નામ લઈને લખી મેં જે ગઝલો
તમે રીસાયાં કે એમાં તમારું નામ નથી!

આ રસ્તો ક્યાંથી આવે,
ક્યાં જશે કૈં ગમ નથી પડતી,
મને ઘર આપ મારુ કાં
કહે તારું ભવન ક્યાં છે?
એ ગળતી રાતે મુજ આગોશમાં
વિખરાયલી વાતો
કહું શું જ્યાં તમે પૂછો—
કે એમાં સંકલન ક્યાં છે!

આ જિંદગીની કોરે રૂપાળું મરણ નહિ?
મૃગજળનો દેશ છે અને તરસ્યાં હરણ નહિ?

ચહેરામાં લાલ રંગ અચાનક ઊગી ગયો,
જાણું ન મારો હાથ મુકાયો કઈ નસે.

ઘેરો થયો તો ઓર મુલાયમ બની ગયો,
અમૃતમાં જે મિલાવ્યો, ઉદાસીનો રંગ છે.
કોઈ અકળ ક્ષણે હું મને પણ ભૂલી ગયો,
કહેતું'તું કોક એમાં ખુદાઈનો રંગ છે.

પાંખો મળે છે ઊડવા લાચાર પાયને
થોડા જમીન સાથ હળી જાય જે ક્ષણે!

મારો પ્રવાસ મારી રીતે ના થઈ શક્યો,
કૈં કેટલા યે કાફલા રસ્તા ઉપર મળ્યા!
બે ચાર દિલની વાત કદી ના થઈ શકી,
લાગે છે એમ, એ સદા રસ્તા ઉપર મળ્યા!

એથી તો મારો રાહ સરળ થઈ ગયો બધે,
રસ્તા મને ઘણાબધા રસ્તા ઉપર મળ્યા.

હમણાં તો 'આવજો' કહી છૂટાં પડયાં હતાં,
હમણાં જ આવી જાઉં તો તું આવકારશે?

સુરાહી હાથમાં ઊંચકી કરું નજર સઘળે
કઈ દિશાએથી કોઈ ખનકતો જામ ઊઠે!

હસીહસીને હવા હીબકાં ભરે છ હજી,
સભામાં કૈંક રહે છે ભલે તમામ ઊઠે!

ક્ષિતિજ બે સામસામી શૂન્યને વિસ્તારતી ઊભી,
તમે થોડું હસો-એને ગગનનું નામ આપી દઉં!
તમારી યાદનું એકાંત ઘેરાઈ રહ્યું સઘળે
વિરહના દર્દને કહો તો મિલનનું નામ આપી દઉં!

એને કહો સુંવાળા પથો પણ સરળ નથી,
દાવો છે જેનો ચાલવા ખાંડાની ધાર પર.

ડોલીનો ભાર ક્યાં, અરે દુલ્હનનો ભાર ક્યાં?
અશ્રુનો ભાર હોય છે ઝાઝો કહાર પર.

આંસુને પી ગયો છું મને ખ્યાલ પણ નથી,
એક રણ તરી ગયો છું મને ખ્યાલ પણ નથી.
તમને ભૂલી જવાના પ્રયત્નોમાં આજકાલ
તમને ભૂલી ગયો છું મને ખ્યાલ પણ નથી.

દીવાનું લાલ તેજ છે આઘેની બારીએ,
દરવાજે અંધકાર શું ખોટી થયો હશે!

આ મારી મુફલિસીનો ન ઉપચાર થૈ શકે
ખિસ્સાનું દર્દ ક્યાં છે, ખજાનાનું દર્દ છે!

નાજુક ક્ષણોમાં કોલ મેં મૃત્યુને દઈ દીધો,
મારી જીવનની સાથે મુલાકાત થઈ પછી.

ટપાલટિકિટની કથા-૩



સુંદર ટપાલટિકિટોમાં કેપ ઑાવ ગુડ હોપની ત્રિકોણ ટિકિટોનું આગવું સ્થાન છે. પણ ઈ. ૧૮૬૧માં ત્યાં ટિકિટોની અછત પડી. બ્રિટન-થી નવી ટિકિટો આવી નહોતી એટલે એ દર-મિયાન સી. જે. રૉબર્ટ્સ નામના એક કારીગર પાસે નવાં બીબાં કોરાવીને કામચલાઉ નવી ટિકિટો છાપી. પણ એનું કામ એવું હતું કે જાણે લાકડામાં કોરીને એ છાપી હોય એવી અણઘડ એ લાગતી હતી. આથી આજે એ ટિકિટો 'વૂડ બ્લૉક્સ' નામે ઓળખાય છે.


મૂળ ૧ અને ૪ પેન્સની એમ બે કિંમતની એ બનાવેલી. એમાં છાપતી વેળા એક ભૂલ થઈ ગઈ. ચાર પેન્સના જથ્થામાં ભૂલથી એક પેન્સ-ની ટિકિટનું અને એક પેન્સના જથ્થામાં એક ચાર પેન્સની ટિકિટનું બીબું મુકાઈ ગયું. બંને પ્રકારની ટિકિટો અલગ રંગમાં હતી એટલે દર શીટ દીઠ એક ટિકિટ તેના નિયત રંગ કરતાં જુદા રંગમાં છપાઈ ગઈ! પણ અછતને કારણે ભૂલવાળી ટિકિટો ય ચલાવવી પડી. મજા તો એ હતી કે બ્રિટનથી તો ટિકિટો વખતસર આવી ગએલી પણ વખારમાં પડી રહી હતી.

'ટ્વેલ્વ પેન્સ બ્લૅક' નામે ઓળખાતી કૅનેડાની ઈ. ૧૮૫૨થી '૫૭ દરમિયાનની એક ટિકિટ પણ



સંગ્રાહકોમાં માની-તી છે. દુષ્પ્રાપ્ય હોવા ઉપરાંત એની પાછળ એક વિશિષ્ટતા પણ છે. તેની કિંમતમાં એક શિલિંગના બદલે 'બાર પેન્સ' લખેલું છે! આનું એક કારણ એ મનાય છે કે એ સમયે કૅનેડામાં શિલિંગની કિંમત એક સરખી નહો-તી; અને બીજું કારણ ત્યારે કૅનેડામાં ૩, ૬, ૯ એમ ત્રણના ગુણાંકમાં ટપાલના દર હતા એટલે કદાચ ત્રણથી ચાર ગણી એટલે બાર પેન્સની કિંમત લખી હશે. પણ સાચું કારણ કોઈ જાણતું નથી. એના પરની રાણી વિક્ટો-રિયાની છબિ રાણીના માનીતા કલાકાર આ-લ્ફ્રેડ શાલૉને કરેલી તસવીર પરથી લીધેલી જે ખુદ રાણીને અને લોકોને પણ ગમતી હતી.

-યશવંત મહેતા



પૂરી રાખે હારની જે નિરાશા
હોડો કેરા દુર્ગમાં, ઉપરે જ્યાં
છે ફર્કતી સ્મિત કેરી ધજાઓ.
જીતેલો છે તે સદાનો મહાભાગ.

—'સનાતન'

કમલ જિત સંધુ

હમણાં બૅંગકૉકમાં રમાએલા છઠ્ઠા એશિયન રમતોત્સવમાં ૪૦૦ મીટરની દોડમાં પ્રથમ આવીને સુવર્ણચંદ્રક જીતનાર કમલ જિત સંધુ આ પદ પામનાર પ્રથમ ભારતીય મહિલા છે. પંજાબ યુનિવર્સિટીની છાત્રા એ કમલ જિતનો જન્મ ઈ. ૧૯૪૮ની ૧૨મી ઑગસ્ટે થએલો. આમ તો એ લલિત કળાની અનુસ્નાતક વિદ્યાર્થિની, સાથે સંગીત અને વાચનનો યે શૉખ ધરાવે. પણ છેલ્લા એશિયન રમતોત્સવમાં ૪૦૦ મીટરની દોડના વિજેતા અજમેરસિંહની પ્રેરણાથી એણે રમતોત્સવોમાં ભાગ લેવા અને ૧૯૭૦ના આરંભમાં ટુરિન ખાતે દુનિયાભરની યુનિવર્સિટીમાં ભણતાં યુવકયુવતીઓના આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં ૪૦૦ મીટરનું અંતર ૫૬·૫ સેકન્ડમાં કાપીને એણે ભારતીય મહિલા-ખેલાડી સ્ટેફી ડિ'સોઝાનો રાષ્ટ્રીય વિક્રમ તોડેલો. ત્યાર બાદ આ છેલ્લા રમતોત્સવની તૈયારીમાં એણે એટલું અંતર ૫૫·૨ સેકન્ડમાં કાપવા માંડેલું. બૅંગકૉકમાં એને મળેલી સિદ્ધિ કંઈક અણધારી કહી શકાય, કેમ કે જીતની આશા તો તાઈવાનની ચી ચૅંગ માટે જ સેવાતી હતી. પરંતુ દોડ દરમિયાન અકસ્માત ચી ચૅંગ વરસાદથી ભીના થએલા મેદાન પર પટકાઈ પડી અને તેની પાછળ દોડતી ઈઝરાએલની એવલિન બલાસે અને કમલ જિત વચ્ચે સ્પર્ધા જામી. બંનેએ લગભગ સાથે જ લક્ષ્ય સિદ્ધ કર્યું. પણ અંતે કૅમેરાએ કમલ જિતને વિજેતા ઠરાવી. સ્પર્ધામાં એ સુવર્ણચંદ્રક જીતી તો ગઈ છે; પણ આ દોડમાં એને ૫૭·૩ સેકન્ડ લાગેલી, જે તેની પોતાની જ આગલી સમયસિદ્ધિ કરતાં પાછળ છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રમતગમતમાં બહુ ઓછી ભારતીય મહિલાઓ ભાગ લે છે પણ તેમાંથી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર તો કમલ જિત પહેલી છે.



કમલ જિત સંધુ—જમણી બાજુ-વિજયની પળે

રમતોત્સવના વિજેતાઓ

આ છેલ્લા એશિયન રમતોત્સવમાં ૧૮ દેશોના કુલ ૨૯૮૯ ખેલાડીઓએ ભાગ લીધેલો; જેમાં ભારતે ૬ સુવર્ણચંદ્રક, ૯ રૌપ્યચંદ્રક અને ૧૦ કાંસ્યચંદ્રક મેળવ્યા. સૌથી વધુ ચંદ્રકો જાપાન જીતી ગયું, પણ આ અગાઉના રમતોત્સવમાં તો તેણે આથી એ વધુ ચંદ્રકો લીધા હતા. વૉટરમોપોમાં મળેલી અણધારી સફળતા તથા ૪૦૦ મીટરની દોડમાં પ્રથમ ભારતીય મહિલાને મળેલો સુવર્ણચંદ્રક એ જેમ આ વેળાની આપણે માટેની બે આશ્ચર્યપ્રદ સિદ્ધિ રહી, તો પાકિસ્તાન સામેની હૉકી-સ્પર્ધામાં મળેલી હાર શોચનીય બની રહી. ફૂટબૉલ કે બાસ્કેટ બૉલમાં યે આપણે એકે ચંદ્રક ન લીધો; બીજી બાજુ કુસ્તીમાં સુવર્ણચંદ્રક જીતીને માસ્તર ચંદગીરામે, ડિસ્કસ થ્રોમાં એશિયન વિક્રમ સ્થાપીને પ્રવીણકુમાર, શૉટપુટમાં જોગીન્દરસિંગના સુવર્ણચંદ્રકે, ને લાંગજંપ તથા ટ્રિપલ જંપમાં કાંસ્ય ને રૌપ્ય ચંદ્રક લઈને લાભસિંગે સારી આશા જન્માવી છે.

પણ આ ઉત્સવમાં માર્ચ-પાસ્ટ વખતે બધા જ દેશના ખેલાડીઓ જ્યારે ગણવેષ ધારીને નીકળ્યા ત્યારે શંભુમેળા જેવી લાગતી ભારતીય ખેલાડીઓની ટુકડી પોતાના અ-સમ પંચરંગી વેષથી હાસ્યાસ્પદ રીતે જુદી પડી આવતી હતી. રમતોત્સવમાં ભાગ લેવા પાછળ લાખોના ખર્ચા સાથે ગણવેષનો ખર્ચ પણ કરાયો હોત તો એ કંઈ ભારે ન પડત.

અંક રહસ્ય

૩, ૧૯, ૩૯ આ ત્રણ સંખ્યાનું જૂથ રહસ્યવાળું છે. ત્રણેનો સરવાળો બે પાસપાસેની સંખ્યાના ઘનનો તફાવત છે. જુઓ : ૩+૧૯+૩૯=૬૧ અને ૬૧=૫^{૩}-૪^{૩}; એટલે કે ૫×૫×૫=૧૨૫ અને ૪×૪×૪=૬૪; અને ૧૨૫-૬૪=૬૧.

વળી એ ત્રણે સંખ્યાના વર્ગોનો સરવાળો ૧ થી ૬૧ સુધીની તમામ ક્રમિક સંખ્યાના સરવાળા જેટલો થાય છે. જેમ કે ૩^{૨}=૯; ૧૯^{૨}=૩૬૧ અને ૩૯^{૨}=૧૫૨૧ માટે ૩^{૨}+૧૯^{૨}+૩૯^{૨}=૯+૩૬૧+૧૫૨૧=૧૮૯૧ અને ૧૮૯૧=૧+૨+૩+૪+૫ એમ ૬૧ સુધી (કેમકે) (૩+૧૯+૩૯=૬૧) (૧ થી ૬૧ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો જાણવો હોય તો ૬૧ પછી તરત જ આવતી સંખ્યા ૬૨ વડે ૬૧ને ગુણીને ૨ વડે ભાગવાથી ક્રમિક સંખ્યાનો સરવાળો આવે : (૬૧×૬૨)÷૨=૬૧×૩૧=૧૮૯૧ થાય.) આવાં અનેક અંક રહસ્યો ગણિતના અભ્યાસથી જાણી શકાય.

—એમ. એન. ખત્રી

બે અનુભવો

અહીંના એક વૃદ્ધ ડૉક્ટરને શ્વાસની બીમારી. સવારના પહોરમાં કફ કાઢતા જ હોય. સવાર તેમની ખૂબ ખરાબ જાય. તેમને આયુર્વેદમાં વિશ્વાસ નહિ. પરંતુ અમારો સંબંધ સારો થઈ જતાં મેં તેમને લક્ષ્મીવિલાસ રસ લેવાનું કહ્યું. અને તે માટે ડાબરની સુંદર સ્ટ્રિપ પૅકિંગ ટીકડીઓ આપી. તેમણે જે દિવસથી લેવાની શરૂ કરી તે દિવસથી જ લાભ જણાવા લાગ્યો. આ વાત નીકળી ત્યારે અમારા કૉંપાઉન્ડર રઘુનાથપ્રસાદ પુરોહિતે એક અનુભવસિદ્ધ પ્રયોગ બતાવ્યો.

ધતૂરાના છોડ ઉપર તેનું ફળ (જીંડવું) બીવાળું થાય ત્યારે તેને ઝાડ ઉપર જ રહેવા દઈ, ચપ્પુથી કાપો પાડી, થોડાં બી કાઢી લઈ, અંદર ૬-૭ લવિંગ મૂકી, જીંડવું બંધ કરી, તેના ઉપર દોરો વીંટાળી દેવો. પાંચ છ દિવસ પછી જીંડવું તોડી, અંદરથી લવિંગ કાઢી સૂકવી નાખવાં શ્વાસના વેગ વખતે એ લવિંગને અગ્નિ ઉપર શેકીને ફુલાવીને મોંમાં રાખી મૂકવું. જેથી રોગીને રાહત થશે. આ પ્રયોગ કરી જોવા જેવો છે.

શીળસ માટે કોઈ તાત્કાલિક રાહત આપનારું ઔષધ નથી. આધુનિક ઇન્જેકશન ટીકડી વધુ વાર વાપર્યા પછી અસરકારક નીવડતી નથી. આવા દર્દો માટે એક બહુ સાદો પ્રયોગ છે, પણ અસર ચમત્કારિક કરે છે. રોગીની ગુદામાં તલનાતેલનું પૂમડું મૂકી તેને કામળો ઓઢાડી સુવાડી રાખવો. માત્ર ૧૫ મિનિટમાં શીળસ ગાયબ! અમારી પાસે દવાખાનામાં તલનું તેલ નહિ હોવાથી મહાનારાયણ તેલનું પૂમડું મૂકીએ છીએ અને તરત જ થતી રાહત નજરોનજર નિહાળી છે.

(શ્રેયસી) —નવીનભાઈ ઓઝા

સેના-સાધન-દળ

દેશના સમગ્ર સૈન્યને વસ્ત્રો, વાહનો, શસ્ત્રો વગેરે જેવી એમની અનેકવિધ અનિવાર્ય જરૂરિયાત પૂરી પાડવી એ એક વિકટ કાર્ય છે અને એ માટે પણ એક ખાસ દળ હોય છે—'આર્મી ઑર્ડનન્સ કૉપ્સ.'

ઈ. ૧૭૭૫માં બંગાળ, મદ્રાસ અને મુંબાઈ પ્રાંતમાં આવાં પ્રથમ ત્રણ મથકો સ્થપાયાં હતાં જેનું ત્રણેનું ઈ. ૧૮૮૪માં એકીકરણ કરી 'ઇન્ડિયન ઑર્ડનન્સ ડિપાર્ટમેન્ટ' રચાયું અને ૧૯૨૨માં તેની પુનરંચના બાદ 'ઇંડિયન આર્મી ઑર્ડનન્સ કૉપ્સ' તરીકે તે ઓળખાતું થયું.

ખાસડાંની ખીલીથી માંડીને ભારે લોખંડી સામાન, ગણવેશ ને ધાબળાથી માંડી વિશાળ તંબુઓ, રીવૉલ્વરથી લઈને જંગી તોપો ને દારૂગોળો વગેરે જેવી સૈન્યની પ્રત્યેક જરૂરિયાત સૈન્ય જ્યાં હોય ત્યાં જ્યારે જોઈએ ત્યારે અને જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં પહોંચતી કરવાની જવાબદારી આ દળની છે. પોતાનાં આ કાર્યોને બરાબર યોગ્ય રીતે પહોંચી વળે એવી વ્યૂહાત્મક દૃષ્ટિથી તે બધા પૂરવઠાને યોગ્ય સ્થળે રાખવામાં આવે છે. આ કામ અત્યંત અટપટું છે ને એ માટે ખાસ તાલીમ પણ જરૂરી હોઈ ઈ. ૧૯૨૨માં પૂના નજીક ખડકીમાં એક ખાસ શાળા સ્થપાઈ હતી જેને ૧૯૩૯માં જબલપુરમાં ખસેડવામાં આવી. આ દળમાં જરૂરી સુતાર, લુહાર, દરજી, ડ્રાઈવર વગેરેની ખાસ તાલીમની વ્યવસ્થા સિકંદરાબાદમાં છે. વળી આ દળના માણસોને પણ લડાઈની તાલીમ તો અપાય જ છે, જેથી જરૂર પડયે તેઓ યુદ્ધમાં પણ સક્રિયપણે કામે લાગી જાય છે. બીજા વિશ્વયુદ્ધમાં ઈમ્ફાલ મોરચે જાપાનીઓ સામે અને ૧૯૬૨ ને ૬૫ની કટોકટીમાં આ દળે આવી કામગીરીથી પોતાના લડાયક ખમીરનો પણ સારો પરચો આપ્યો છે.



ગઈ (ઈ.૧૯૭૦ની) ૮ ડિસેમ્બરે સિકંદરાબાદ ખાતે ઉપરાષ્ટ્રપતિ શ્રી પાઠકે આ દળને એમનો ધ્વજ-રેજિમેન્ટલ કલર અર્પણ કર્યો. તેનું ચિત્ર આ સાથે આપ્યું છે. ધ્વજમાં કેસરી ભોંય પર અશોકવૃક્ષનાં પાન અને કમળના શોભન વચ્ચે ગોળાકૃતિમાં અશોક સ્તંભવાળું રાષ્ટ્રચિહ્ન વગેરે મૂકી આ 'સેના ઑર્ડનન્સ કૉપ્સ'ની આગવી સંજ્ઞા રચાઈ છે.

●.. બી.એ.એસ.એફ. નામે જાણીતી એક સંસ્થાએ કાંત્યા કે વણ્યા વિના પ્લાસ્ટિકનું એક નવા પ્રકારનું કાપડ બનાવ્યું છે.

'કુમાર'માં હમેશાં કેટલું વૈવિધ્ય રહેતું આવ્યું છે તેના દૃષ્ટાંત રૂપ આજથી પચ્ચીસ વર્ષ પરના અંકનું એક પાનું: ચિત્ર-સંયોજન ને ડિઝાઈનની રૂપ-રચના શીખવાની એક સરળ ફોટોગ્રાફી.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

સ્થપતિઓ અને ઈજનેરી ખાતાંના ડ્રાફ્ટ્સમૅન (નકશાનવીસો) નકશાઓ ઉપરથી નકલો ઉતારવા માટે 'ફેરોપ્રુશિયેટ પેપર' નામના કાગળો વાપરે છે. ડ્રૉઇંગનો સામાન વેચનારને ત્યાં એ કાગળો તૈયાર મળે છે. પણ ઉત્સાહ હોય તે નીચે આપેલી પદ્ધતિથી ઘેર પણ બનાવી શકશે. એવા કાગળ ઉપર, પારદર્શક ટ્રેસિંગ કલૉથ પર ચીતરેલો નકશો મૂકી, કાચની ફ્રેમમાં તેને દબાવી, તેના પર જરૂરી સમય પૂરતો સૂર્ય અથવા દીવાનો પ્રકાશ પડવા દઇને કાઢી લેવાથી, જેટલા ભાગમાં પ્રકાશ લાગ્યો હોય છે તેટલો ભાગ ઘેરા બ્લુ રંગનો બની જાય છે, અને જ્યાં રેખાઓ હોય છે તે ભાગ પ્રકાશ આડે તે આવરણ રૂપ બની હોવાથી સફેદ પડે છે. તેને ધોઇને તૈયાર કરવાની આખી પદ્ધતિ નીચે આપી છે. આવી નકશા-નકલોને 'બ્લુપ્રિન્ટ' કહે છે. આ બ્લુ-પ્રિન્ટ પદ્ધતિ, એ પણ એક જાતની સરળ ફોટોગ્રાફી જ છે.

આ સિદ્ધાંત ઉપર ફૂલપત્તીઓવાળી છોડની નાની ડાંખળીઓ વડે ડિઝાઇનો અને રૂપ-સંયોજનોની મનોરમ રૂપ-રચનાઓ યોજી શકાય. વિવિધ આકારનાં પાંદડાં તથા ફૂલોવાળી ડાંખળીઓ કાપી તેને 'ફેરો-પેપર' અને કાચ વચ્ચે દબાવી સૂર્યપ્રકાશમાં મૂકવાથી આ સાથે બતાવેલા નમૂનાઓ મુજબની છાપો મળશે. અવકાશને વખતે બાળકોને સસ્તી ફોટોગ્રાફીનો એથી આનંદ મળશે, અને વધુ અગત્યનું તો એ, કે એવી ફૂલપત્તીઓનાં સમતોલ સંયોજનવાળી વિવિધ રચનાયુક્ત ડિઝાઇનોમાં ગોઠવવાનું શિક્ષણ પણ એ દ્વારા આપી શકાશે.







કળાશાળાઓમાં પ્રાથમિક વર્ગો માટે આ એક ઉપયોગી નુસખો થઈ પડશે. તેમાં વળી કોઈ પાંદડાં તથા ફૂલ ઉપર છાયા-પ્રકાશના વિવિધ પલટા લાવવા હોય તો પ્રિન્ટિંગ ફ્રેમના કાચ ઉપર તેટલા ભાગમાં ટેમ્પેરા કે પડીકાના રંગો પીંછી વડે જરૂર પૂરતા લગાડીને તેવી અસર લાવી શકાશે. આ સાથે આપેલા ત્રણ નમૂનામાં, બે પત્તી સાથેનો નમૂનો 'ઈરીસ'ના ફૂલની ડાળીનો છે. બાકીનામાં એક જંગલી ગુલાબનો અને બીજો વાંસની પત્તીઓનો છે.


નકલ ઉતારવાનો ફેરોપ્રુશિયેટ પેપર બનાવવાની રીત

એક ઔંસ પાણીમાં ૭૫ ગ્રેન પોટાસ્યમ ફેરીસાઈનાઇડ નાખીને એક દ્રાવણ તૈયાર કરો, અને બીજા એક ઔંસ પાણીમાં ૯૬ ગ્રેઈન ઍમોનિયા સાઇટ્રેટ ઑવ આયર્ન નાખીને બીજું દ્રાવણ તૈયાર કરો. હવે મજબૂત લીસા ડ્રૉઇંગ પેપરને પિન વડે બોર્ડ પર જડી, ઉપરનાં બંને દ્રાવણ સરખે ભાગે લઈ, એક પહોળા ચપટા બ્રશ વડે ફોટોગ્રાફિક ડાર્ક રૂમમાં એ કાગળ પર એકસરખી રીતે લગાડો અને અંધારામાં જ તેને સુકાવા દો, એટલે 'ફેરોપ્રુશિયેટ પેપર' તૈયાર થયો.

ત્યાર બાદ તેને ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ-ફ્રેમમાં ચત્તો મૂકી, તેના ઉપર જેની નકલ ઉતારવાની હોય તે ટ્રેસિંગ પેપર ઉપર ડ્રૉઇંગ, અથવા છાપ લેવાની જે વસ્તુ હોય તે દબાવી, ફ્રેમને પૅક કરી તે પર સૂર્યનો કે વીજળીના દીવાનો પ્રકાશ પડવા દેવો, અને કાગળ લીલાશ પડતો રંગ ધારણ કરી લે એટલે કાઢી લઈ ચોખ્ખા પાણીથી સારી પેઠે ધોઈ નાખવો. તે પછી ૧૦ ઔંસ પાણીમાં ૧ ડ્રામ હાઇડ્રૉક્લોરિક ઍસિડ નાખી તે દ્રાવણમાં એ કાગળને બોળી રાખવો એટલે છાપ પાકી થશે. ત્યાર બાદ ફરીથી તેને ચોખ્ખા પાણીમાં સારી પેઠે નિખારી નાખવો એટલે નકલ તૈયાર થઈ ગઈ. નકલ ઉતારવાની આ પદ્ધતિ અત્યંત સરળ અને સસ્તી હોવાથી તેનો બહોળો ઉપયોગ થાય છે. આવી રીતે સામટા તૈયાર કરેલા કાગળો પતરાના મજબૂત ભૂંગળામાં પૅક કરી અંધારામાં રાખી મૂકયા હોય તો ખપ પડયે ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાય છે.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૧૨, ૧૬૧૨ એક ફરમાન દ્વારા જહાંગીરે અંગ્રેજોને સૂરત, ઘોઘા, અમદાવાદ અને ખંભાતમાં વેપાર અર્થે કોઠી નાખવાની પરવાનગી આપી. આ રીતે સૂરતમાં સૌ પહેલી કોઠી નાખી અંગ્રેજોએ હિંદુસ્તાનમાં પોતાનો



સૂરતમાં અંગ્રેજી કોઠી

પ્રથમ પાયો નાખ્યો. ઈ. ૧૬૦૦માં રાણી ઇલિઝાબેથે 'ઈસ્ટ ઇંડિયા કંપની'-ને હિંદુસ્તાન સાથે વેપાર કરવા છૂટ આપી. ઈ. ૧૬૦૮માં પહેલું અંગ્રેજ જહાજ 'હૅક્ટર' (ટંટો-ફિસાદ કરનાર) સૂરત આવ્યું જેમાં હિંદુસ્તાનમાં વ્યાપાર માટે મંજૂરી આપવાની વિનતિ કરતો જેમ્સ પહેલાનો પત્ર લઈ જેઈમ્સ હૉકિન્સ આવેલો. જહાંગીરે એને માનથી સત્કાર્યો. હૉકિન્સ દુભાષિયાની મદદ વિના જહાંગીર સાથે સીધો તુર્કી ભાષામાં વાત કરી શકતો હતો. શાહી દરબારમાં અંગ્રેજોની વધતી જતી વગ જોઈ પોર્ટુગિઝો-એ એમની સાથે ફિસાદ આદર્યો. પરિણામે મુઘલ દરબારમાં એમની પ્રતિષ્ઠા ઘટી જેનો લાભ અંગ્રેજોએ શાહી ફરમાન મેળવી લેવામાં કર્યો.

તા. ૧૩, ૧૮૫૪ અંગ્રેજોએ ઝાંસી ખાલસા કર્યું. છેક ઈ. ૧૮૧૭થી રાજા રામચંદ્રરાવ સાથે કરેલી મિત્રતાભરી સંધિ મુજબ ઝાંસી સાથેના અં-ગ્રેજોના સંબંધો બાહ્ય રીતે સારા જળવાઈ રહ્યા હતા. નિઃસંતાન રાજા ગંગાધરરાવે અંગ્રેજ અમલદારોની હાજરીમાં જ હિંદુ ધર્મશાસ્ત્રાનુસાર બાળક દામોદરરાવને દત્તક લીધેલો. પણ ગંગાધરરાવના મૃત્યુ પછી ૧૮ વર્ષની વિધવા રાણી લક્ષ્મીબાઈના હાથ નીચેનું ઝાંસીનું રાજ્ય પચાવી પાડવા અંગ્રેજોએ એક જાહેરનામું બ-હાર પાડી દામોદરરાવના દત્તવિધાનને અમાન્ય ઠેરવી સાડાચાર લાખનું ઝવે-રાત અને અઢી લાખની રોકડ સાથે ઝાંસી ખાલસા કર્યું ને રાણીને મા-સિક પાંચ હજાર રૂપિયાનું પેન્શન આપ્યું પણ રાણીએ તેનો અસ્વીકાર કર્યો.



તા. ૧૯, ૧૮૧૩ સ્કૉટિશ મિશનરી અને વિખ્યાત શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટનનો જન્મ. ઈ. ૧૮૪૦ની ૮ ડિસેમ્બરે દક્ષિણ આફ્રિકા ગયો. ત્યાં મિશનરી તરીકે આદિવાસીઓમાં ઘણી ચાહના મેળવવા સાથે એણે અનેક સફરો ખેડીને ન્ગામી સરોવર, શિરવા, ન્યાસા અને બૅંગ્વ્યુલુ તથા વિક્ટોરિયા ધોધ શોધી કાઢેલા. ટાંગાનિકા સરોવરની સમગ્ર લંબાઈ પાર કરનાર પણ એ પ્રથમ ગોરો હતો. ૧૮૫૮ થી '૬૪ એણે કૉન્સલ તરીકે પણ કામ કર્યું. તે પછીની સફરમાં અનેક હાડમારીઓ સહી એ બહારની દુનિયાથી તદ્દન વિખૂટો પડી ગએલો ને ૧૮૭૧ના ઑક્ટોબરમાં સ્ટેન્લીએ જ્યારે એને ઉજિજીમાં ખોળી કાઢ્યો ત્યારે એ બહુ બીમાર હતો. પણ સાજા થઇને પાછા ફરવાને બદલે નાઈલ-નું મૂળ શોધવા એ આગળ વધ્યો. ઈલાલામાં ૧૮૭૩ની ૧લી મેએ એનું અવસાન થયું. ૩૩ વર્ષ સુધી આકરી સફરો કરી આફ્રિકામાં ગોરાઓથી અજાણ એવો ૩૦,૦૦૦ માઈલ જેટલો પ્રદેશ એણે જાહેરમાં આણ્યો હતો.

તા. ૨૪, ૧૮૩૪ કવિ, ચિત્રકાર, શિલ્પી, લેખક અને મુદ્રક એવી બહુ-વિધ પ્રતિભાવાળા વિલિયમ મોરિસનો જન્મ. ધર્મ અને તત્ત્વજ્ઞાન તરફ ઢળેલા એના મને કલા દ્વારા અભિવ્યક્તિ કરવા વિચાર્યું એટલે પાદરી બનવાને બદલે પોતે શિલ્પી બન્યો. દરમિયાન એણે કાવ્યો પણ લખવા માંડયાં. એકાદ વર્ષ 'ઑક્સફર્ડ ઍન્ડ કૅમ્બ્રિજ મૅગેઝિન' જેવું અનોખું સાપ્તાહિક ચલાવ્યું. શિલ્પો પણ કર્યાં અને કાવ્યસંગ્રહ પણ પ્રકટ કર્યો. તે પછી 'મોરિસ ઍન્ડ કંપની' સ્થાપી કલાત્મક રાચરચીલું બનાવવામાં દસેક વર્ષ ગાળી ફરી લેખન પર ધ્યાન દેવા માંડયું. અને 'ધી લાઈફ ઍન્ડ ડેથ ઑવ જિસસ' અને 'ધ અર્થલી પૅરેડાઈઝ' તથા 'લવ ઈઝ ઈનફ' પ્રકટ કર્યાં. રાજકારણમાં પણ તેણે ભાગ લીધો અને છેવટે 'કેલ્મસ્ટૉક પ્રેસ' સ્થાપી રૂપસુંદર ને ઉત્તમ સાહિત્ય છાપવા માંડયું. ટૅનિસનના પછી તેને મળતું રાજકવિપદ એણે નકારેલું. ઈ. ૧૮૯૬ની ૩જી ઑક્ટોબરે તેનું અવસાન થયું.

નીચે મોરિસે સર્જેલું એક શોભનમંડિત પુસ્તકનું પાનું




अकृत्वा परसंतापं अगत्वा खल मंदिरम्।
स्वयत्नेन तु यत् साध्यं यदल्पमपि तद् बहु॥

વિશિષ્ટાદ્વૈત તત્ત્વજ્ઞાનના પ્રવર્તક આચાર્ય રામાનુજ ઘડપણને કારણે સ્નાન કરવા જતી વેળા બ્રાહ્મણ શિષ્યનો, ને વળતાં શૂદ્ર શિષ્યનો ટેકો લેતા. એ વિચિત્ર રીતથી અકળાએલા સનાતનીઓએ તેમને વિનતિ કરી કે 'જોઇએ તો, સ્નાન પહેલાં, જતી વેળા શૂદ્રનો ટેકો ભલે લો; પછી તો નહિ જ.' આચાર્યશ્રીએ હસીને ઉત્તર દીધો: 'શૂદ્ર શિષ્યના ખભે હાથ મૂકું છું તે મારી ઉચ્ચ જાતિના અભિમાનને ધોઈ નાખવા માટે; પાણી વડે તે ધોઈ શકાય નહિ.'

આ અંકમાં રાજા ઇડિપસના કથારૂપમાં રાક્ષસી સ્ફિંક્સેતેને કોયડો પૂછવાની વાત આવે છે, જેનો ઉત્તર ન આપી શકવાને કારણે તે અનેક માણસોને ભરખી ગઈ છે અને સર્વત્ર હાહાકાર મચાવી મૂક્યો છે. એ કોયડો આ છે: 'એવું કયું પ્રાણી છે કે જે સવારે ચાર પગે ચાલે છે, બપોરે બે પગે ને સાંજે ત્રણ પગે ચાલે છે?' જવાબ 'માણસ';–તે સવારે એટલે બાલ્યાવસ્થામાં હાથે-પગે ભાંખોડિયાં ભરતું (ચાર પગે) ચાલે છે, ને સાંજે-વૃદ્ધાવસ્થામાં લાકડીને ટેકે ચાલતો હોઈ ત્રણ પગે.

અનેકાર્થી શબ્દ: **અડવું**=૨૫ર્શ કરવો; શોભા–શણગાર વિનાનું, ઉઘાડું; જોડા વિનાના ઉઘાડા-પગવાળું, અડવાણું; અટકી પડવું, જિદે ભરાવું, લડી પડવું.

દુનિયામાં ઊંચામાં ઊંચા વાંસ બોર્નિયો અને મલાયાનાં જંગલોમાં થાય છે: સરેરાશ ૧૦૦ ફૂટ. આજ સુધી દુનિયામાં લાંબામાં લાંબો વાંસ ૧૪૦ ફૂટનો ઊગેલો નોંધાયો છે, ને તે પણ બોર્નિયોના જંગલમાં જ થયો હતો.



દૃષ્ટિફેરની ગમ્મત: બાજુના ચિત્રમાં, ડાબી બાજુએ જાણે એક ઇંટનો ચોરસ થાંભલો ને તેને અડીને જમણી તરફ દીવાલ ચણી લીધી હોય ને એ દીવાલવાળા ગાળામાં જમીનનો ખાંચો પડતો હોય એમ જણાશે; જ્યારે બીજા દૃષ્ટિફેરથી એ જ રીતના થાંભલો ડાબી બાજુ અને તેના પડખામાં આ વેળા ખાંચો જુદા જ દૃષ્ટિકોણથી દેખાશે. ચિત્રને ઉલટાવવાથી તરત એ ખયાલ આવશે.




વિજ્ઞાનીઓનો અંદાજ છે કે આખી દુનિયામાં ૨૪ કલાક દરમિયાન વીજળીના ૨,૦૦,૦૦૦ કડાકા થાય છે.

અર્ધાના અર્ધાને અર્ધા વડે ભાગતાં શું આવે? $\frac{1}{4}$? ના જી; અર્ધો જ આવે. જુઓ:

$$\frac{1}{2}\times\frac{1}{2}=\frac{1}{4}\div\frac{1}{2}=\frac{1}{4}\times\frac{2}{1}=\frac{1}{2}$$

બાળકના નખ કાતરતી વેળા તેને ખોળામાં ઊંધું સુવાડવાથી નખ ઊડીને તેની આંખમાં નહિ પડે, અને તેનો બીજો હાથ પણ તે વચ્ચે નાખીને અડચણ નહિ કરી શકે.


જે સુવર્ણ, રૌપ્ય કે કાંસ્ય (હકીકતે તાંબાના) ચંદ્રક માટે હજારો ખેલાડીઓ મહિનાઓથી સતત પરિશ્રમ ખેડે છે તે સુવર્ણચંદ્રક ખરી રીતે તો માત્ર ૧૨ રૂ. ૬૦ પૈસાની કિંમતનો જ છે કેમ કે તે તાંબા પર સોનેરી ઢોળ ચડાવેલો જ છે. એ જ રીતે રૌપ્યચંદ્રક ૧૦ રૂ. ૮૦ પૈસાનો અને કાંસ્ય ચંદ્રક ૯ રૂપિયાનો છે.



કલાકણિકા: બાસિલિસ્ક. એક મધ્યકાલીન દંતકથા છે કે આ પ્રાણીની નજર કે ફુત્કારમાત્રથી માણસ મરી જાય એવું એ ભયાનક છે, પણ નોળિયા નામના એક નાનકડા માંસાહારી જીવથી એ મરી જાય છે. ઈશ્વર જાણે બધાં અનિષ્ટોનો ઉપાય વિચારી રાખે છે. બારમી સદીની ફ્રાંસની એક આરસની કમાન પરનું આ શિલ્પ છે.



તરુણ વયે **કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ** સી.આઈ.ઈ.
એમના જન્મના આ એક સો એકાવનમા જયંતીવર્ષ નિમિત્તે આપેલું ચરિત્ર આ અંકમાં
(અમદાવાદ હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાંની તસવીર · બ્લૉક : મહાકવિ નાનાલાલ સ્મારક ટ્રસ્ટના સૌજન્યથી)



૩
બાલદેહનું લાલિત્ય
૪

